श्रीमद् विजयकमळसूरीश्वरगुरुभ्यो नमः

# श्री विनयविजयाभ्युदयकाव्यम्

[ भाषांतरसहितम् ]

## तथा केटलाक कन्याविक्रयादि संवादो

卐

—श्री. विजयदेवसूरि

श्रीमद् विजयकमलसूरीश्वरगुरुभ्यो नमः

श्री विजयकमळ केशर ग्रंथमाला

देवपुष्प २९-३०

# श्री विनयविजयाभ्युदयकाव्यम्

तथा

# केटलाक कन्याविक्रयादि संवादो


संशोधक तथा लेखकः—

आचार्य श्री विजयदेवसूरीश्वरजी महाराज



: : प्रकाशक : :

श्री विजयकमळकेशर ग्रंथमाला तरफथी

शा सदुभाइ तलकचंद, रतनपोळ—अमदावाद,

वि. सं. १९९३ — प्रत ५००

મુદ્રકઃ—

શેઠ દેવચંદ દામજી
આનંદ પ્રિન્ટીંગ પ્રેસ—ભાવનગર.

# પ્રસ્તાવના

**गुणाः पूजास्थानं न च लिङ्गं न च वयः**

ગુણુની કિમતમાં લિંગ કે ઉમર જોવાતી નથી. વિનયવિજયજી મહારાજ જૈન સમાજના સાધુગણુમાં એક તારક સમ હતા. દુઃખગર્ભિત કરતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ વધુ પ્રશંસાપાત્ર છે. કંચન–કામિનીનો ત્યાગ કરી તેમણે પરમ શાંતમૂર્તિ બાળબ્રહ્મચારી શ્રી વિજયકમળસૂરીશ્વરજી પાસે દીક્ષા ગ્રહણુ કરી હતી.

શાંત સ્વભાવ એ એમના જીવનનું મુખ્ય લક્ષ હતું અને તેને કારણે તેમના વિહારક્રમમાં કોઇ સ્થળે કલેશ કે કુસંપના બીજ ઉદ્ભભવ્યા નથી. તેમને નકામી કુથલી કે ખોટી વહીવટખોરી ગમતી નહિ. પોતાની આવશ્યક ક્રિયામાંથી નિવૃત્યા બાદ પઠન–પાઠનાદિમાં મગ્ન રહેતા. જીવનના ઉત્કર્ષને માટે યોગ એ આવશ્યક છે એમ સમજીને તેઓ યોગાભ્યાસમાં વિશેષ પ્રીતિ ધરાવતા અને યોગી પુરુષોના સમાગમમાં અવારનવાર આવતા. યોગનિષ્ઠ શ્રી વિજયકેશરસૂરીશ્વરજી, મુનિશ્રી પદ્મવિજયજી મહારાજ તેમજ પંડિત લાલન વિગેરે યોગરસિકોના સહવાસમાં આવીને યોગમાં આગળ વધવા પ્રયત્ન કરતા.

સં. ૧૯૭૬ થી ૧૯૮૮ સુધીના એકધારા બાર ચોમાસા જામનગરમાં કર્યા છતાં કોઇને પણુ અપ્રીતિનું કારણુ બન્યા

ન હતા તે તેઓની વ્યવહારકુશળતાની પ્રતીતિ કરાવે છે. જિંદગીમાં **પંડિતમરણ** થવું એ પણ સદ્ભાગ્યની નિશાની ગણાય. તેમના જેવા આત્માને તેવું જ યોગ્ય મરણ—સમાધિ-મરણ જ સંભવે.

જામનગરના પંડિત પોપટલાલભાઈએ સં.૧૯૭૭ માં આ શ્રી વિનયવિજયાભ્યુદયકાવ્ય રચ્યું છે પણ અંતિમ ભાગ પૂરો વર્ણવાયો નથી. તેને અંગે જે ન્યૂનતા જણાતી હતી તે પૂજ્યશ્રી વિજયદેવસૂરીશ્વરજી મહારાજ પાસે ગુજરાતીમાં સંપૂર્ણ કરાવવામાં આવેલ છે. તે ઉપરાંત તેઓશ્રીએ પ્રુફો તપાસવા, સંશોધન કરવા તેમજ ભાષાશુદ્ધિ ઉપર પણ પૂરતું લક્ષ આપ્યું છે છતાં કંઈપણ સ્ખલના કે પ્રેસ દોષ રહી જવા પામ્યો હોય તો તે માટે ક્ષમા યાચના કરી તે ભૂલો અમોને સૂચવવા નમ્ર પ્રાર્થના કરીએ છીએ.

આ સાથે આચાર્ય મ. શ્રી વિજયદેવસૂરીશ્વરજીના બનાવેલા કેટલાક હિતોપદેશક સંવાદો પણ દાખલ કરવામાં આવ્યા છે જે જૈન શાળાના બાળક—બાલિકાઓને ભજવવા માટે ઘણા ઉપયોગી હોવા સાથે જ્ઞાન આપનારાં છે.

આ બુકમાં મદદ કરનાર સદ્ગૃહસ્થોનાં નામ

૭૫) ઊંઝા શ્રી જૈન સંઘ

૩૦) ઊનાવાતપગચ્છ શ્રી સંઘ

૨૦) શા. ચાંપસીભાઈ દેવજી તથા તેમની પુત્રી બેન રંભા. જામનગર

શરદ પૂર્ણિમા ૧૯૯૩ } વ્યવસ્થાપકો
શ્રી વિજય કમળ-કેશર ગ્રંથમાળા.

ચરિત્રનાયક



સ્થવિર શ્રી વિનયવિજયજી મહારાજ

જન્મ—સં. ૧૯૧૪ જામનગર

દીક્ષા—સં. ૧૯૫૫ ,,

સ્વર્ગવાસ—સં. ૧૯૮૮ ,,

આનંદ પ્રેસ—ભાવનગર.

ॐ अर्हं नमः ।

# श्रीविनयविजयाभ्युदयकाव्यम् ।

## મંગળાચરણ

श्रीमन्महावीरजिनेन्द्रमात्म-रूपं प्रणम्याखिलसिद्धिमूलम् ।
अन्याञ्जिनेन्द्रांश्च यथार्थभावाद्, वक्ष्ये चरित्रं विनयाख्यसाधोः॥ १।

સમગ્ર સિદ્ધિઓના કારણરૂપ અને પરમાત્મસ્વરૂપ શ્રીમન્ **મહાવીરસ્વામીને** પ્રણામ કરીને તેમજ બીજા તીર્થંકરોને પણ નમસ્કાર કરીને યથાર્થપણે શ્રી **વિનયવિજયજી** નામના મુનિરાજના ચરિત્રનું હું વર્ણન કરીશ. ૧.

આ વિનયવિજયજી મુનિરાજના ચરિત્રનું શા માટે વર્ણન કરવામાં આવે છે એવી શંકા થતાં તેનું સમાધાન કરે છે.

धर्मार्थसन्मार्गसदानुयायिनां, सतां चरित्रश्रवणात्सुबोधः ।
भव्यात्मनां स्यादिति भव्यहेतो-र्विरच्यते साधुसुवृत्तमेतत् ॥२॥

કેવળ ધર્મ પામવાના સંકલ્પથી, હંમેશા સત્પુરુષોના માર્ગને અનુસરીને ચાલનારા સાધુપુરુષોના ચરિત્રને સાંભળવાથી ભવ્ય પ્રાણીઓને ઉત્તમ જ્ઞાન પ્રાપ્ત થાય છે અને પરિણામે અખંડ કલ્યાણનો લાભ પણ થાય છે, તેટલા માટે ભવ્ય લોકોના હિત–કલ્યાણ માટે આ સાધુપુરુષનું ચરિત્ર રચવામાં આવે છે. ૨.

नृरत्नसन्तानजनौ प्रसिद्ध–श्रीभारताख्यातवसुन्धरायाम् ।
जिनागमाख्यातसुपञ्चतीर्थ्या, सौराष्ट्रदेशोऽस्ति पवित्रभूमिः ॥३॥

ઉત્તમ મનુષ્યોરૂપી રત્નોની ખાણ સમાન એવી સર્વત્ર પ્રખ્યાત ભરતખંડની ભૂમિમાં **સૌરાષ્ટ્ર** નામનો દેશ છે કે જે પૃથ્વી શ્રી જિનપ્રણીત આગમ–સિદ્ધાંત ગ્રંથોમાં વર્ણવેલા પાંચ તીર્થોથી અત્યંત પવિત્ર છે. ૩.

तीर्थङ्कराणां गतिवाक्प्रचारैः, सम्यक् पवित्रेऽत्र पुराऽधुना च ।
हालारसञ्ज्ञोऽस्ति तदङ्गभूत–प्रदेशवर्योऽतितरां समृद्धः ॥ ४ ॥

ઉપર જણાવેલા સૌરાષ્ટ્ર દેશમાં તેના અંગભૂત જેવો **હાલાર** એવા નામથી પ્રસિદ્ધ અવાંતર પ્રદેશ છે, જે હાલાર પ્રદેશ પ્રાચીન કાળમાં તેમજ સાંપ્રત–વર્તમાન કાળે જૈન તીર્થંકર મહારાજાઓ તથા તેમના અનુયાયી સાધુ મુનિરાજોના વિહારથી તથા જૈન સિદ્ધાંતના વ્યાખ્યાનોપદેશથી અત્યંત પવિત્ર અને સર્વ પ્રકારની લક્ષ્મીથી સમૃદ્ધ છે. ૪.

श्रीकच्छदेशाभिजनैः स्वधर्म–निष्ठैः समागत्य कृतं स्वराज्यम् ।
अस्मिन् पुरा क्षत्रियवंशभूष्यै–र्जाडेजनाम्ना प्रथितैः पृथिव्याम् ॥५

પૂર્વ સમયમાં કચ્છ દેશમાંથી આ દેશમાં ઉતરી આવેલા અને પોતાના ધર્મમાં પ્રીતિવાળા તેમજ પૃથ્વીમાં પ્રખ્યાતિ પામેલા એવા ‘ જાડેજા ’ નામના ઉત્તમ ક્ષત્રિય વંશને શોભાવનારા રાજાઓએ તે હાલાર દેશમાં પોતાનું રાજ્ય સ્થાપ્યું હતું. ૫.

**जामाभिधानैर्नृपतिप्रधानै–स्तद्राज्यधानीनगरं गुणाढ्यम् ।**
**अलंकृतं भात्यमरैरिव स्व–र्लोकेऽमरावत्यभिधं पुरं तत् ॥ ६ ॥**

જેમ દેવલોકમાં દેવોથી અમરાવતી શોભી રહી છે તેમ જાડેજા વંશના ક્ષત્રિય રાજાઓમાં ‘ **જામ** ’ નામના ઉત્તમ રાજાઓવડે ગુણોથી ભરપૂર એવું તે હાલાર દેશની રાજ્ય-ધાનીનું શહેર ( જામનગર ) શોભી રહેલ છે. ૬.

તે જામનગર–નવાનગર કેવું છે ?

**द्विजादिवर्णैरखिलागमज्ञैः, कलासु विद्वद्भिरनेकलोकैः ।**
**परिष्कृतं कीर्तिमवाप बह्वी–मनन्वयालङ्कृतिजामपूर्वाम् ॥ ७ ॥**

સર્વ શાસ્ત્રોના પારને પહોંચેલા એવા બ્રાહ્મણ વિગેરે વર્ણોથી તેમજ પુરુષોની બહોંતેર કળાઓમાં વિદ્વત્તાવાળા બીજા અનેક લોકોથી વ્યાપ્ત એવા તે નગરે અનુપમેય અને અસાધારણ કીર્તિ મેળવી. ( સાહિત્યશાસ્ત્રમાં જે **અનન્વયાલંકાર** કહેલો છે તેના જેવું આ નગર છે. આકાશ કોના જેવું ? એ પ્રશ્નના ઉત્તરમાં આકાશ આકાશ જેવું તથા સમુદ્ર કોના જેવો ? એ પ્રશ્નના ઉત્તરમાં સમુદ્ર સમુદ્ર જેવો છે તેમજ કહી શકાય

તેવી રીતે આ નગર આ નગર જેવું જ છે અર્થાત્ આ નગરને કોઈપણ ઉપમા લાગુ પડી શકે તેમ નથી) ૭.

जैनागमश्रद्धितभव्यवर्य–क्लृप्तै रसोद्धारकचैत्यसङ्घैः ।
नवीनपूर्वं नगरं जिनेन्द्र–धर्माढ्यमुत्तेजितमुद्व्यभासीत् ॥ ८ ॥

જૈન દર્શનના આગમો ઉપર સંપૂર્ણ શ્રદ્ધા રાખનારા એવા ભવ્ય શ્રાવક લોકોવડે રચાયેલા અને પૃથ્વીનાં પ્રાણીઓનો દુર્ગતિમાંથી ઉદ્ધાર કરનારા એવા જિનેશ્વર ભગવંતના મંદિરોના સમુદાયથી દેદીપ્યમાન તેમજ જિનેંદ્રોના ધર્મથી-જૈનધર્મથી યુક્ત એવું તે નવાનગર–જામનગર શોભે છે. ૮.

विंशेत्युपाट्के जिनधर्मयुक्त–श्रीमालिवैश्यान्वयके प्रजाताः ।
सच्छ्रावकास्तत्र वसन्ति सङ्घे, प्रतिष्ठिता धार्मिकवृत्तिभाजः ॥९॥

તે નવાનગર શહેરમાં જૈનધર્મમાં પરાયણ એવા વીશા-શ્રીમાલી વણિકની વંશપરંપરામાં ઉત્પન્ન થયેલા, સંઘમાં પ્રતિષ્ઠાને પામેલા તથા ધાર્મિક વૃત્તિવાળા સુશ્રાવકો વસે છે. ૯.

वंशेऽत्र शाहोपपदाढ्यलाधा–भिख्यात् सुपुत्रोऽजनि देवजिद्यः ।
गार्हस्थ्यमेतस्य तु सद्गुणौघै–रतीत्य सर्वान् धनिनो बभासे ॥१०

એ વીશાશ્રીમાળી જ્ઞાતિની એક વંશપરંપરામાં **લાધાશાહ** એ નામના પુરુષ થયા, તેમને **દેવજી** નામના ઉત્તમ પુત્ર થયા. એ દેવજીભાઈનું ગૃહસ્થપણું સારા ગુણોના સમૂહથી બીજા સઘળા ધનવાન ગૃહસ્થો કરતાં અધિક પ્રકાશતું હતું. ૧૦.

स्वपूर्वजानां प्रबलप्रभावैः, पुण्यव्रजैः श्रीजिनधर्मयुक्तम् ।
मानुष्यमासीत् सफलं तदीयं, कुटुम्बयुक् शुद्धतया प्रतीतम् ॥११॥

પોતાના પૂર્વજોના પ્રબળ પ્રભાવવાળા પુણ્યના સમૂહથી અતિપવિત્ર, જૈનધર્મથી યુક્ત અને કુટુંબ સહિત તે દેવજીભાઇનું માનવજીવન સફળ હતું. ૧૧.

तद्देवजिच्छ्रावकयोग्यपत्नी, पतिव्रता दीपितसत्कुलीना ।
श्रीचोथिबाईति पवित्रनामा, सुश्राविका तुष्टमनाः सदासीत्॥१२

તે દેવજીભાઈ શ્રાવકની પત્ની **ચોથીબાઈ** નામના હતા જે સર્વ પ્રકારે યોગ્ય, પતિવ્રતા, ખાનદાન કુળવાળા, પવિત્ર નામવાળા, શ્રાવિકાઓમાં ઉત્તમ અને હંમેશાં સંતોષી સ્વભાવના હતા. ૧૨.

तौ दम्पती जातिसदार्यवृत्तात्, स्वगेहसम्पत्परिपूर्णवृत्तेः ।
धर्मादिसत्कार्यरतित्वतश्च, परां प्रतिष्ठां प्रररक्षतुस्तौ ॥ १३ ॥

શ્રેષ્ઠ કુળ, ઉત્તમ સદાચાર, ઘરમાં ધન-ધાન્યાદિ સંપત્તિના વિશેષપણાથી તેમજ ધર્મ વિગેરે સત્કાર્ય કરવામાં પ્રીતિને અંગે તે દેવજીભાઇ તેમજ ચોથીબાઇ એ બંને પતિ-પત્ની ઉત્કૃષ્ટ પ્રતિષ્ઠાને પામ્યાં હતાં. ૧૩.

वेदेन्दुनन्दाब्जमिते शकाब्दे, श्रीविक्रमार्कप्रथिते धरायाम् ।
श्रीमार्गशीर्षे धवले सुपक्षे, पुत्रं प्रसूता किल चोथिबाई ॥१४॥

એ પ્રમાણે એ સ્ત્રી-પુરુષનો ઘરસંસાર ચાલતો હતો તેવામાં સમગ્ર પૃથ્વીમાં વિખ્યાત એવા વીર વિક્રમ સંવત ૧૯૧૪ માં માગશર માસના શુકલપક્ષના તેરશના દિવસે તે ચોથીબાઇએ પુત્રનો જન્મ આપ્યો. ૧૪.

सत्पुत्ररत्नस्य जनेः प्रभावात्, दिनं तु तच्छ्रीप्रभुजन्मतुल्यम् ।
व्यभाद्यतः पुत्रवरोऽयमुच्चै–र्यतीन्द्रधर्मा भविता व्रताद्यैः ॥ १५॥

દેવજીભાઈને ત્યાં જે દિવસે આ પુત્રરત્નનો જન્મ થયો તે દિવસ પુત્રરત્નના પ્રભાવથી તીર્થંકર ભગવંતના જન્મ-દિવસ જેવો ઉત્તમ પ્રકાશ્યો, તે એમ સૂચવતો હતો કે–શ્રાવક અવસ્થામાં તેમજ તે પછી વિરક્ત દશામાં વ્રતના આચરણ આદિદ્વારા આ પુત્ર શ્રી તીર્થંકર પ્રભુના ધર્મને પાળનારો થશે. ૧૫.

संसारवार्धेस्तरणाय भावी, संवेगनावोऽधिपतिः कुमारः ।
नाम्नोद्भवः सञ्जगदे पितृभ्याम्, प्रभावशालीति जनैः सुबोधः ।१६

ઉત્તરાવસ્થામાં સંસારરૂપી સમુદ્રનો પાર ઉતરી જવા માટે સંવેગરૂપી નૌકાનો અધિપતિ થશે એમ સમજીને જ હોય શું ? તેમ માત-પિતાએ **ઓધવજી** એવું નામ આપ્યું, કારણ કે તે ઓધવજીકુમાર જન્મથી જ પુણ્ય પ્રભાવવાળો તેમજ ઉત્તમ જ્ઞાનવાળો હતો. ૧૬.

बाल्याद् भविष्यद् गुणराशितेजः–प्रकाश आसीत् सति काल एव ।
बुद्धिः स्थिरा शांततमो मनोऽस्य, कौमारलीलाप्यनवद्ययुक्ता ॥१७॥

એ ઓધવજીભાઈમાં ભવિષ્યકાળમાં પોતામાં ઉત્પન્ન થનારા અનેક સદ્ગુણોનો જે સમુદાય તેના તેજનો પ્રકાશ બાલ્યાવસ્થાથી આરંભી વર્તમાન સમયમાં જ દેખાવા લાગ્યો હતો, કારણ કે એમની બુદ્ધિ વિશેષપણે સ્થિર હતી,

અંતઃકરણ અત્યંત શાંત સ્વભાવનું હતું અને બાલ્યાવસ્થામાં જે રમત-ગમત કરતાં તે કોઇ પણ જાતના પાપ રહિત એટલે કે નિર્દોષ હતી. ૧૭.

**संकल्पशुद्धेः सुविचारवल्ली-प्ररोहसंघा अपि हृद्यभुः स्म ।**
**योग्ये वयस्युद्बभुरस्य पुर्यां, विद्याः प्रपाठात्सुगुरोः सकाशात् ।१८**

પવિત્ર વિચારવાળા તે ઓધવજીભાઇના હૃદયમાં ઉત્તમ ઉત્તમ વિચારરૂપી વેલડીના અંકુરાઓનો સમૂહ પ્રકાશવા લાગ્યો. જ્યારે તેની અવસ્થા વિદ્યાભ્યાસ કરવા યોગ્ય થઇ ત્યારે પોતાના જ ગામમાં સારા વિદ્યાગુરુ પાસેથી વિદ્યાઓનો યત્નપૂર્વક અભ્યાસ કરવાને લીધે તેની વિદ્યાઓ શોભવા લાગી.૧૮.

**सद्धर्मसन्नीतिभवप्रबोधाऽ-मरद्रुराराद् गमितोऽतिवृद्धिम् ।**
**अस्यापरैः साकममेयपूज्यै-र्गुणैः प्रसिक्तः सुकृताख्य वार्भिः।१९।**

એ ઓધવજીભાઇએ ઉત્તમ વિદ્યાભ્યાસ કર્યો તેથી તેના ઉત્તમ ધર્મ તથા શ્રેષ્ઠ નીતિના પ્રભાવથી પ્રગટેલો સર્વોત્તમ બોધ-જ્ઞાનરૂપી કલ્પવૃક્ષ તે બીજા પૂજ્ય એવા અનેક સદ્ગુણોની સાથે એકદમ વૃદ્ધિ પામ્યો; કારણ કે તેનો બોધ-રૂપી કલ્પવૃક્ષ ઉત્તમ પુણ્યોરૂપી જળથી હમેશાં સિંચાયા જ કરાતો હતો. ૧૯.

**सन्तोषकार्यैरमितैर्गुणैर्यत्, पित्रोश्चिरं हृत्कमले सुरेमे ।**
**सत्पुत्रलाभादिह यत् सुखं स्यात्, तत्पात्रभूतौ पितरावभूताम्।।२०**

સત્પુરુષોને સંતોષ કરનારા એવા પોતાના અસંખ્ય

સદ્‌ગુણોદ્વારા પ્રસન્ન થયેલા પોતાના માતાપિતાના હૃદયરૂપી કમળમાં તે ઓધવજીભાઇ ઘણા સમયપર્યંત રમણ કરતા હતા; તેથી જગત્‌માં ઉત્તમ પુત્રના લાભથી જે સુખ થવાનું કહેવાય છે તેવા સુખનું ભાજન તેમના માતા-પિતા થયાં. ૨૦.

आत्मैव पुत्रो नितरां तयोस्तत्, प्रेमाप्यपूर्वं ववृधेऽत्र पुत्रे ।
भविष्यति स्वात्मपरात्मसिद्धे-र्दातेति शीतांशुरिवोद्भवोऽभात् ॥२१

માતાપિતાનો આત્મા છે તે જ પુત્રરૂપે કરી પ્રગટ થાય છે એવું જે શાસ્ત્રવચન છે તે પ્રમાણે તે ઓધવજીભાઇ ઉપર તેના માતા-પિતાનો અપૂર્વ પ્રેમ હમેશાં વૃદ્ધિ પામતો હતો. ભવિષ્યમાં એ પુત્ર પોતાનું તથા બીજા ભવ્ય પ્રાણીઓના આત્માનું કલ્યાણ કરશે એટલા માટે પ્રથમથી જ ચંદ્રની જેમ સર્વને શાંતિકારક હોવાથી ચંદ્રની પેઠે શોભવા લાગ્યા. ૨૧.

अज्ञानराशिं विनिवर्त्य शीघ्रं, तमश्चयं चन्द्र इवाथ रेजे ।
सज्ज्ञानसंपत्प्रतिभाप्रभावात्, कुटुम्बनिर्वाहकृते प्रवृत्तः ॥२२॥

ચંદ્ર જેમ પોતાના તેજથી અંધકારના સમૂહનો નાશ કરીને શોભે છે તેમ પોતાના ઉત્તમ જ્ઞાનથી ભરપૂર નવા નવા ચમત્કારવાળી બુદ્ધિના તેજથી અજ્ઞાન-અંધકારનો નાશ કરવાવડે તે ઓધવજીભાઇ પોતાના કુટુમ્બના નિર્વાહને માટે પ્રવૃત્તિ કરવા લાગ્યા. ૨૨.

व्यापारलक्ष्मीवसतिं धरायां, भूषां पुरीं मोहमयीं प्रयातः ।
तत्राथ सत्पुण्यवशात् सुलक्ष्मीं, विद्यां च लेभे सुनयान्वितः सः ॥२३

હવે તે ઓધવજીભાઇ વ્યાપારદ્વારા પ્રાપ્ત થતી લક્ષ્મીના એક નિવાસસ્થાનરૂપ અને પૃથ્વીના આભૂષણરૂપ મુંબઈ નગરીએ ગયા. ત્યાં જઇને ઉત્તમ નીતિયુક્ત રહીને પુણ્યના યોગથી સારી લક્ષ્મી કમાણા તથા તે સાથે વિદ્યાનો લાભ પણ મેળવ્યો. ૨૩.

लक्ष्मीश्चला चालयति प्रजानां, चित्तं चलं प्राय इति प्रवादम् ।
मिथ्याचकारोद्धवजित् स्वचित्ते, संकल्पतोऽभिग्रहधारणेन ॥२४॥

લક્ષ્મી–ધન પોતે ચપળ છે તેથી તેના સંબંધમાં આવનાર મનુષ્યોના ચપળ ચિત્તને ઘણે ભાગે ચળાયમાન કરે છે એવો જે જગતમાં પ્રવાદ–કહેવત પ્રસરી રહ્યો છે તેને સંકલ્પ–મનથી અભિગ્રહ ધારવાપૂર્વક ઓધવજીભાઇએ ખોટો પાડ્યો. ( તેણે પોતાના મનમાં સંકલ્પદ્વારા અમુક સંખ્યાનું જ ધન નિર્વાહ માટે રાખવું અને તેથી વિશેષ થાય તો તે ધનને સત્કાર્યમાં વાપરી નાખવું એવો ઉત્તમ અભિગ્રહ ધારણ કરેલો હતો એટલે લક્ષ્મી ઓધવજીભાઇના ચિત્તને ચલાયમાન કરી શકી નહિં ) ૨૪.

संतोषमाधाय नयाप्तवित्ते, ततो निवृत्याथ ययौ स्वभूमिम् ।
जैनागमप्राप्तसुधर्मभाजां, करोति किं मोहमयीं प्रमादम् ? ॥२५॥

નીતિયુક્ત વ્યાપારદ્વારા જે કંઈ ધન મળ્યું તેમાં સંતોષ માની લઈ ઓધવજીભાઇ પોતાની જન્મભૂમિરૂપ જામનગરમાં પાછા આવ્યા. જૈન ધર્મના સિદ્ધાંતોમાં નિરૂપણ કરેલા શ્રેષ્ઠ દયાપ્રધાન ધર્મને ભજનારા ભવ્ય પ્રાણીઓને મોહમયી–મોહ

પમાડવાના સ્વભાવવાળી મુંબઇ નગરી શું મોહમાં નાખી શકે ? ન જ નાખી શકે. ૨૫.

हृद्दार्ढ्यमस्यासममाविरासीत्, सत्कर्मणि प्रत्युत तत्पुरीतः ।
बाह्याद्यतः सुन्दरतादिदृश्यात्, चलेन्न चित्तं महतां कदापि ॥२६

તે નગરી–મુંબઇમાં રહેવા છતાં ઊલટું શુભ કાર્યમાં તે ઓધવજીભાઇના હૃદયની દૃઢતા પ્રગટી, કારણ કે બહારની સુંદરતા આદિ દૃશ્યોથી–દેખાવોથી મહાત્મા પુરુષોનું મન કદી પણ ચળાયમાન થતું નથી. ૨૬.

तस्याग्रतो भाविविरक्तभावात्, संसारकार्याणि कथं भवेयुः ?
व्यामोहकानीति प्रवृत्तिरासीत्, गृहेऽपि चित्तस्य ममत्वहीना ॥२७

ઉત્તરાવસ્થામાં વૈરાગ્યદશાને પ્રાપ્ત કરી સંસારનો ત્યાગ કરનાર છે તેથી તેમને સંસાર સંબંધી કાર્યો મોહ ઉપજાવનારા કેમ થઇ શકે ? આ કારણથી ઘરમાં પણ તેમના ચિત્તની પ્રવૃત્તિ મમત્વ વગરની હતી. ૨૭.

कुटुम्बवृद्धेस्तु तदावभूतां, गोविन्दजिच्चापसीनामधेयौ ।
सुभ्रातरावस्य चतस्र आसन्, भगिन्य आराधितजैनधर्माः ॥२८॥

કુટુંબની વૃદ્ધિને લીધે ઓધવજીભાઇને **ગોવીંદજી** અને **ચાપશી** એવા નામવાળા બે ભાઈ તથા ચાર બહેનો હતી. એ ભાઈ તથા બહેનો સર્વે શ્રી જૈનધર્મનું આરાધન કરનાર હતાં. ( રાગ–દ્વેષરૂપી કર્મ શત્રુઓનો જય કરવાથી વીતરાગ થયેલા દેવાધિદેવ તીર્થંકરોએ પ્રરૂપેલો અહિંસાપ્રધાન ધર્મ તે **જૈનધર્મ** કહેવાય છે. ) ૨૮.

पित्रोर्विशाले स्वकुटुम्बकेऽस्य, सुस्नेह आसीदतिरागभावात् ।
तेनैनयोरुद्धवजित्सुपुत्रे, सागारितां कर्तुमभूद्विचारः ॥ २९ ॥

એ ઓધવજીભાઇના માતાપિતાને વિશાળ કુટુંબ ઉપર ઉત્તમ સ્નેહભાવ હતો તથા પોતાના પુત્ર ઉપરના ઘણા રાગભાવથી એમના માતાપિતાનો ઓધવજીના વિવાહ–લગ્ન કરવા માટે વિચાર થયો. ૨૯ ( માતાપિતાને પુત્રનો વિવાહ કરી સ્ત્રી પરણાવવાની ઇચ્છા થાય એ સ્વાભાવિક જ હોય છે. )

भाविन्यनेहस्यनगारितास्य, मा गोचरीभूदनयोः स्वपित्रोः ।
वैवाहिकं शोभनमुत्सवं तौ, निश्चिक्यतुः शीघ्रमनन्यचित्तौ ॥३०

ઉત્તરાવસ્થામાં–પાછલી જિંદગીમાં ઓધવજીભાઈ સંસારનો ત્યાગ કરીને અનગારિત્વ–સાધુપણાનો સ્વીકાર કરશે એ વિષયને તેના માતાપિતા જાણતા ન હતા, તેથી પુત્રનો વિવાહ સંબંધી ઉત્તમ ઉત્સવ કરવા માટે માતા–પિતાએ બીજા વ્યવહારમાંથી પોતાના ચિત્તને ખેંચી લઈ જેમ બને તેમ તુરત જ નિશ્ચય કર્યો. ૩૦.

यस्य स्वचित्तेन सुखस्पृहापि, सांसारिकी दुःखयुता विपाके ।
क्षणभ्रमत्संसृतिचक्रकूपे, स्वयं पतेयुः किमु भव्यवर्याः ? ॥३१॥

સંસાર સંબંધી સુખની ઇચ્છા કે જે પરિણામે દુઃખદાયી નીવડે છે તેવી ઇચ્છા ઓધવજીભાઇના મનમાં પણ ન હતી, કારણ કે ક્ષણે ક્ષણે ભમતો–ફરતો એવો જે આ સંસારરૂપી ચક્રનો કૂવો છે તેમાં શ્રેષ્ઠ ભવ્ય પ્રાણીઓ શું

પડવાની ઈચ્છા કરે ? ન જ કરે, અર્થાત્ પોતાને વિવાહાદિ કાર્યદ્વારા સંસારમાં પડવાની ઇચ્છા ન હતી પરંતુ માતાપિતા પરની દાક્ષિણ્યતાથી તે પ્રસંગનો નિષેધ કરતા નથી. ૩૧.

संसारवैचित्र्यमनन्यतुल्यं, जानन्ननादिप्रभवं स्वचित्ते ।
युवत्वसंपत्प्रियजीवितानि, प्रदृष्टनष्टानि व्यभावयन् सः ॥३२॥

તે ઓધવજીભાઇ બરાબર જાણતા હતા કે–અનાદિ કાળથી આ સંસારની વિચિત્રતા કોઈ એવી અકથ્ય છે કે તેને કોઇ ઉપમા આપી શકાય તેમ નથી; કારણ કે યૌવન, સંપત્તિ–ઋદ્ધિસિદ્ધિ, સગાંસંબંધીઓ અને જીવિત જોત-જોતામાં નાશ પામી જાય તેવાં છે. ૩૨.

श्रीमन्महावीर इव स्वपित्रो–र्विवाहकार्यं प्रति निर्ममोऽसौ ।
निर्बन्धतः सज्जनबांधवानां, चकार पाणिग्रहणं सुपत्न्याः ॥३३॥

લગ્ન સંબંધે પોતે મમતા રહિત હતા છતાં મહાવીર પ્રભુની માફક એટલે કે જેમ શ્રી મહાવીરસ્વામીએ માતપિતાના આગ્રહથી તેનો સ્વીકાર કર્યો તેમ ઓધવજીભાઇએ પણ સગાં–સંબંધીઓના આગ્રહથી ઉત્તમ સ્ત્રીનું પાણિગ્રહણ કર્યું. ૩૩.

महाशयोऽसावधिकैस्त्रिभिस्तद्–विंशे स्ववर्षे जनितो ह्यगारी ।
जातस्तदा यौवनतोऽस्य देहः, सौन्दर्यसद्रूपगुणी बभूव ॥ ३४ ॥

એ પ્રમાણે ઉચ્ચ આશયવાળા એ ઓધવજીભાઇએ જન્મથી ત્રેવીશમે વર્ષે ગૃહસ્થપણું સ્વીકાર્યું હતું અને તે વખતે તેમનો દેહ યુવાવસ્થાને અંગે સૌંદર્યયુક્ત દર્શનીય રૂપાદિ ગુણવાળો થયો. ૩૪.

युवत्वयोगाद्रमणीयतायाः, पात्रं शरीरं कविवर्णनीयम् ।
जातं जनानन्दकरं सतोऽस्य, सुपुण्यभाजो हि सुदेहवन्तः ॥३५॥

યુવાવસ્થાને લીધે સુંદરતાના સ્થાનરૂપ થયેલું તેમનું શરીર કવિલોકોને વર્ણન કરવા યોગ્ય થયું હતું તેમજ જોનાર લોકોને આનંદદાયક હતું; કારણ કે પુણ્યશાળીઓની દેહ-કાંતિ સુંદર હોય છે. ૩૫.

सन्नीतिमार्गाद्धनयोगदक्षः, समर्जयामास सुखेन रायम् ।
तथापि चित्तेऽस्य विरागभावः, समुज्जजृम्भेऽतितरां सदैव ।३६।

ઉત્તમ નીતિપરાયણતાથી ધનને મેળવવામાં ચતુર એવા તે ઓધવજીભાઇએ સુખપૂર્વક ધન મેળવ્યું તો પણ ( ધનવાન્ થયા પછી પુરુષોનું મન ઠેકાણે–ધર્મક્રિયામાં લીન રહેવું મુશ્કેલ છે તથાપિ ) એના મનમાં તો હંમેશ અધિકાધિક વૈરાગ્યભાવ જ પ્રકાશી રહ્યો હતો. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે विकारहेतौ पार्श्वस्थे निर्विकारा महाशयाः–વિકાર થવાનું કારણ નજીક હોય છતાં પણ જેને વિકાર ન થાય તેઓ જ મહાત્મા પુરુષો કહેવાય છે. ૩૬.

पतन्ति ये संसृतिचक्रकूटे, व्यामोहबद्धा मनुजाः सुदुःखाः ।
भवन्ति ते निश्चयतः स्वचित्ते, चकार सद्भावमसौ विरागात् ॥३७

જે લોકો મોહપાશથી બંધાઇ રહે છે તે લોકો જન્મ-મરણના ફેરારૂપ સંસારચક્રમાં વારંવાર પડ્યા કરે છે અને ઉત્તરોત્તર અનેક દુઃખો ભોગવે છે એમ વિચારીને વૈરાગ્ય-

ભાવથી ઓધવજીભાઈએ પોતાના મનમાં સારા વિચારો સ્થાપન કર્યા. શાસ્ત્રમાં પણ કહ્યું છે કે–' नास्ति मोहसमो रिपुः '– મોહ સમાન કોઈ દુશ્મન નથી. ૩૭.

समुच्चसद्भावनिधेर्व्यभासीन्, मनःप्रसादोऽस्य दयार्द्रभावात् ।
तेनैव विक्षेपविधानदक्षाः, पक्षाः सुदूरं प्रययुः सदैव ॥ ३८ ॥

ઉત્તમ ભાવનાના ભંડાર જેવા એ ઓધવજીભાઈના અંતઃકરણમાં દયાભાવ ઘણો હતો તેથી તેમના મનમાં પ્રસન્નતા–આનંદ જ પ્રકાશતો હતો. તે જ કારણથી જે જે પ્રસંગો વિક્ષેપ–બાધા–કલેશ–વિઘ્ન કરનારા હતા તે તેનાથી ઘણા જ દૂર ચાલ્યા હતા. એટલે કે જ્યાં દયાભાવ સંપૂર્ણ-પણે જણાતો હોય ત્યાંથી કલેશો વિગેરે નાશી જાય છે. ૩૮.

रसोऽपि शृङ्गार इति प्रसिद्धो, भियेव मोहात्मककार्यदक्षः ।
स्वकार्यभारेऽप्यसमर्थ आसीन्, महात्मसल्लक्षणभाजि तस्मिन् ॥ ३९

' શૃંગાર ' એ નામથી લોકપ્રસિદ્ધ એવો જે રસ કે જે પ્રાણીઓને મોહમાં ફસાવવાના કાર્યમાં અતિચતુર છે તે શૃંગાર રસ પણ બીકને લઈને જ મહાત્માના લક્ષણોથી યુક્ત એવા ઓધવજીના સંબંધમાં કશું પણ કરવાને અસમર્થ હતો એટલે કે તે શૃંગાર રસ પણ કંઈ અસર કરી શકતો નહિ. ૩૯.

दाक्षिण्यतायाः परमत्र पित्रोः, संसारितां स्वीकृतवानसौ यत् ।
तेनास्य चित्तं सुविरक्तभावाद्, वारिस्थपङ्केरुहवद् बभासे ॥४०॥

જો કે માતાપિતાની દાક્ષિણ્યતાથી તે ગૃહસ્થાશ્રમી થયા

હતા તો પણ વૈરાગ્ય ભાવનાવાળા હોવાથી જળમાં ઉત્પન્ન થનારું કમળ જેમ જળથી ન્યારું રહે છે તેમ તે પણ સંસારથી નિરાળા રહેતા હતા. ૪૦.

कुलीनसच्छ्राविकया सहास्य, विवाह आसीद्यमुनाख्यया यत् ।
सौशील्यसत्स्वामिपरायणा सा, पतिं सिषेवे जिनधर्मरक्ता ॥४१॥

એ ઓધવજીભાઇનો વિવાહ **જમનાબાઇ** નામની ખાનદાન કુળની શ્રાવિકા સાથે થયો હતો, કારણ કે ઉત્તમ શિયળવાળી, પતિસેવામાં તત્પર તેમજ જિનેંદ્રભાષિત ધર્મમાં પ્રીતિવાળી તે જમનાબાઇ પતિની સેવા કરતી હતી. ૪૧.

उमेशयोः शच्यमरेन्द्रयोश्च, क्षीराब्धिपुत्रीस्वभुवोरिवैषः ।
संयोग इत्याद्यतुलैः प्रशंसा-वाक्यैः स्तुवन्ति स्म बुधास्तयोस्तम् ॥४२

ઉમા અને મહેશ્વર, ઇંદ્ર અને ઇંદ્રાણી તેમજ લક્ષ્મીજી અને વિષ્ણુના સંયોગ જેવો આ બંનેનો સંયોગ–મેળાપ છે એવા અનેક પ્રશંસાના વાકયોથી પંડિત પુરુષો તેની (ઓધવજીભાઇ તથા જમનાબાઇના મેળાપ સંબંધી) સ્તુતિ કરતા હતા. ૪૨.

सुशीलसद्भाग्यजिनेन्द्रधर्म–युक्तेन पत्या सह भोगजालम् ।
भोक्तुं स्वधर्माप्रतिकूलबुद्धि-र्जज्ञेऽस्य पत्न्या यमुनाभिधायाः ॥४३

ઉત્તમ શીલવાળા, ભાગ્યશાળી તેમજ જિનેંદ્ર ભગવાને પ્રરૂપેલા ધર્મથી યુક્ત એવા પતિની સાથે સંસારનો ભોગ સમુદાય ભોગવવાને તે જમનાબાઇની ધર્મને અનુકૂળ એવી બુદ્ધિ ઉત્પન્ન થઈ. ૪૩.

तौ दम्पती स्नेहमयेन भावे–नावेष्टितौ सद्गृहकार्यभाजौ ।
धर्मादिचेयं परिगृह्य कालं, प्रमादमुत्सृज्य च निन्यतुस्तौ ॥४४॥

સ્નેહભાવથી પરસ્પર બંધાએલા અને ઘરકાર્યના સારા કામોમાં તત્પર થએલા તે બંને સ્ત્રી–પુરુષ મનુષ્ય ભવમાં પ્રાપ્ત કરવા યોગ્ય ધર્મ, અર્થ, કામ અને મોક્ષના કારણોને ગ્રહણ કરીને પ્રમાદ રહિતપણે સમયને નિર્ગમન કરવા લાગ્યા. ૪૪.

सच्छ्रावको ह्युद्धवजित् स्वबाल्यात्, शांतिप्रियत्वात् निजजन्मसार्थम्।
चिकीर्षुरासीत्परमात्मतत्त्व-सत्साधनायैव विचारयुक्तः ॥४५॥

બાલ્યાવસ્થાથી જ શાંતિપ્રિય તેમ જ પોતાના જન્મનું સાફલ્ય કરવા ઇચ્છતા એવા તે ઓધવજીભાઇ પરમાત્મભાષિત તત્વની સાધના–પ્રાપ્તિ માટે સારા વિચારવાળા થયા. ૪૫.

परंतु काले सुकृतं कृतं यत्–तत्स्यादिति प्रोच्य विवेकयुक्तः ।
प्रतीक्षते स्म प्रतिभाविशेषात्, सम्यक् स्वयोग्यावसरं विधिज्ञः ॥४६

ધર્મવિધિને જાણનાર તેમજ વિવેકવાળા તે ઓધવજીભાઇ જાણતા હતા કે સમયસર જે કંઇ ધર્મકાર્ય કરી લીધું તે જ થયું પણ 'ભવિષ્યમાં કરીશું' એમ વિચારીને બેસી રહે તો પછી થતું નથી, તેથી પોતામાં ધાર્મિક સંસ્કારવાળી બુદ્ધિ વિશેષ હોઇને તે પોતાને યોગ્ય અવસર આવવાની રાહ જોયા કરતા હતા. ૪૬.

संसारविक्षेपविपक्षवाता–हतिस्तु तन्मानसवृक्षमारात् ।
नैवेषदप्यत्र चलं विधातुं, शशाक देवद्रुमिव स्वभावात् ॥४७॥

જેમ કલ્પવૃક્ષને ગમે તેવો જોરાવર પવન પણ ચળાવી

શકતો નથી તેમ આ સંસારના વિક્ષેપરૂપી અનેક તોફાની પવનોનો સપાટો ઓધવજીભાઇના મનરૂપી વૃક્ષને લેશ પણ ચલાવવાને શક્તિમાન થયો નહિ. ૪૭.

संवित्सुवैराग्यशमाढ्यसम्यग्–दृष्टित्वमुख्येषु गुणेषु तस्य ।
भावोऽधिकः संववृधेऽनुकालं, सुगन्धिपुष्पेष्विव षट्पदस्य ॥४८॥

જેમ ભમરો સુગંધી પુષ્પો પર ભાવવાળો હોય છે તેમ ઉત્તમ જ્ઞાન, વૈરાગ્ય અને શાંતરસ યુક્ત સમ્યગ્દર્શન વિગેરે મુખ્ય ગુણોમાં દિવસે દિવસે તેમનો ભાવ વધવા લાગ્યો. ૪૮.

संसारयोगीव महाशयोऽसौ, शुद्धागमोद्बोधितहृत्कजत्वात् ।
संसारपाशात्प्रमुमुक्षुरत्र, व्रतानि चेरे शिवसाधनानि ॥ ४९ ॥

સંસારમાં રહેવા છતાં નિર્લેપ હોવાથી યોગી જેવા તથા ઉચ્ચ આશયવાળા તેમજ શુદ્ધ સિદ્ધાંતના સંસ્કારોથી પ્રફુલ્લિત હૃદયકમળવાળા અને સંસારરૂપી જાળમાંથી છૂટવાને ઇચ્છતા તેણે મોક્ષના સાધનરૂપ શ્રાવકના બાર વ્રતો આચર્યાં–સ્વીકાર્યાં. ૪૯.

एवं हृदन्तर्व्रतभावमुच्चै–र्बिभ्रद्विरागिव्रतमुख्यलिप्सुः ।
आपोद्भवोऽसावनगारिभक्तः, सत्कार्यतो मोहमयीं पुरीं सः ॥५०॥

એ પ્રમાણે અંતઃકરણમાં ઉત્તમ પ્રકારના વ્રતોની ભાવનાને ધારણ કરતા તેમજ સર્વવિરતિ–સાધુના વ્રતની ઇચ્છાવાળા અને સાધુઓની ભક્તિમાં તત્પર એવા તે ઓધવજીભાઇ સત્કાર્ય પ્રસંગે મોહમયી–મુંબઇ નગરી ગયા. ૫૦.

तत्राभवन्मोहनलालजित्तदा, ख्यातः स्वशिष्यैः सहितोऽनगारी ।
जैनेन्द्रधर्मं कलयन् सुविस्तृतं, सदोपदेशैरमृतैरिवोत्किरन् ॥५१॥

હમેશાં અમૃત સમાન ઉપદેશ દેવાવડે શોભતા અને વિશાળ એવા જૈન ધર્મનો ફેલાવો કરતા તેમજ પોતાના શિષ્ય સમુદાયથી યુક્ત પ્રસિદ્ધ એવા શ્રી મોહનલાલજી મહારાજ તે વખતે મુંબઇમાં બિરાજતા હતા. ૫૧.

जिघृक्षुरासीत् प्रथमं सुदीक्षां, तत्पार्श्वतोऽप्युद्धवजिद् विवेकी ।
अभिग्रहं संविदधे स्वदीक्षा–ग्रहायकालं प्रसमीक्षमाणः ॥५२॥

પ્રથમ તો ઉત્તમ વિવેકવાળા ઓધવજીભાઇ તે મોહનલાલજી મહારાજ પાસે દીક્ષા લેવાની ઇચ્છાવાળા હતા, તો પણ સામાન્ય રીતિથી દીક્ષા લેવા યોગ્ય સમયની રાહ જોતા તેમણે મનમાં અભિગ્રહ ધારણ કર્યો. ૫૨.

पत्न्यादिलोकान् प्रतिबोध्य दीक्षा-ग्रहे स्वकीये यदि दीक्षितः स्यात् ।
तदाहि दीक्षा मम योग्यतायै, भवेदिति प्रारभताथ बोधम् ॥५३॥

સ્ત્રી વિગેરે સંબંધી જનોને પ્રતિબોધ કરીને–સમજાવીને જો હું દીક્ષા ગ્રહણ કરું તો મારી દીક્ષા સફળ ગણાય તેવા વિચારથી તેણે પોતાની સ્ત્રી વિગેરે સંબંધીજનોને સમજાવવાની શરૂઆત કરી. ૫૩.

पत्न्या हृदि प्रोच्चतरं जिनेन्द्र–मतार्थतत्त्वं प्रणिनेतुमिच्छन् ।
यत्नं चकारानुपमं सुजातं, शान्तेन सद्भावरसेन युक्तम् ॥५४॥

પોતાની સ્ત્રીના હૃદયમાં જિનેંદ્ર ભગવાનના મતના યથાર્થ

સ્વરૂપને સ્થિર કરવા ઈચ્છતા તેઓ અસાધારણ છતાં કોમળ, શાંત અને સદ્‌ભાવ રસથી યુક્ત એવો પ્રયત્ન કરતા હતા. ૫૪.

अनित्यतायाः क्षणभङ्गुरत्वं, देहादिसाम्राज्यवतोऽपि जन्तोः ।
यतस्ततः संप्रभवेत् कथं तद्-विधातुमात्मीयसुखं भवेऽत्र ॥५५॥

સામાન્ય કોટિના મનુષ્યોને માટે તો ઠીક પણ ચક્રવર્ત્તી જેવા રાજાઓના શરીર વિગેરે સર્વ પદાર્થો સંસારના અનિત્યપણાને લીધે ક્ષણભંગુર છે, માટે આ સંસારમાં આધ્યાત્મિક સુખ કઇ રીતે પ્રગટે ? ૫૫.

जन्मार्थदं यन्मनुजस्य योनौ, तद्धर्मकर्माचरणात् स्वतो न ।
संसाररागस्तु सदैव बन्ध-स्यारम्भको निश्चयतो न मुक्तेः ॥५६॥

શાસ્ત્રમાં મનુષ્ય જન્મ સર્વ પુરુષાર્થને આપનારો કહ્યો છે તે ધર્મ-કર્મનું આચરણ કરવાથી કહેલો છે પણ મનુષ્ય જન્મ પ્રાપ્ત થવા માત્રથી જ સિદ્ધિ મળી જાય છે તેવા આશયથી કહ્યું નથી, તેથી સંસારમાં અનાદિ કાળથી પ્રાણીઓને જે રાગ બંધાયેલો છે તે રાગ હંમેશાં બંધનને જ આપ્યા કરે છે; મુક્તિને નહિ, એટલે કે જ્યાં સુધી રાગનું અસ્તિત્વ રહે છે ત્યાં સુધી આત્માને મુક્તિ મળતી નથી. ૫૬.

पूर्वेऽपि ये चक्रधरादिभूपा-स्तेऽप्यत्र रागं परिमुच्य देहे ।
सादावनन्ते प्रविधाय मोक्षे, बुद्धिं गता नित्यसुखे निरीहे ॥५७॥

પૂર્વ સમયમાં પણ ચક્રવર્ત્તી આદિ જે રાજાઓ થઇ ગયા તે પણ શરીર વિગેરે પદાર્થો ઉપરના રાગને તજીને સાદિ અનંત,

નિત્ય સુખવાળા તેમજ ઇચ્છા-ક્રિયા વગરના સ્થાનની પ્રાપ્તિને માટે મોક્ષમાં ગએલા છે. ૫૭.

**आहारनिद्राभयरागदोष--देहाभिमानादि तु पाशभूतम् ।**
**पश्चादिजंतुष्वपि दृश्यतेऽत्र, ततस्तु धर्मो मनुजेऽत्र मुख्यः ॥५८॥**

આહાર કરવો, નિદ્રા લેવી, ભય પામવો, રાગ કરવો, દ્વેષ કરવો તથા શરીરનું અભિમાન કરવું વિગેરે પાશ સમાન બાબતો તો પશુઓ આદિ પ્રાણીઓમાં પ્રત્યક્ષ પ્રમાણથી જોવાય છે પણ મનુષ્ય અને તિર્યંચમાં તફાવત-અંતર એટલો જ છે કે મનુષ્યમાં ધર્મ મુખ્ય છે; જ્યારે પશુ વિગેરે તિર્યંચોમાં તે નથી. અર્થાત્ કે મનુષ્યમાં જો ધર્મ ન હોય તો તે પશુ સમાન જ ગણી શકાય. કહ્યું છે કે:—
धर्मेण हीनाः पशुभिः समानाः ।

**इत्यादि बोधं हृदि कोमलेऽस्याः, पत्न्याः सुसंस्थाप्य विचक्षणः सः ।**
**वर्षैस्तु सार्द्धैरससंख्यकैस्तत्, ज्ञानात्ममुद्रांकितमाततान ॥५९॥**

ચતુર એવા તે ઓધવજીભાઇએ સાડાછ વરસ સુધી પોતાની સ્ત્રીના કોમળ અંતઃકરણમાં ઉપર પ્રમાણેનો ઉપદેશ સ્થાપન કરીને-આપીને તેના આત્માને પણ જ્ઞાનરૂપી છાપવાળો-જ્ઞાનવાન કર્યો. ૫૯.

**प्रबुद्धपत्न्या सह खड्गधारा--समं चतुर्थं व्रतमादधार ।**
**घृतादिभक्ष्यं च जहौ महात्मा, सार्द्धैकवर्षं मुनिदेश्यधर्मः ॥६०॥**

ઓધવજીભાઇએ તે પછી બોધ પામેલી પોતાની સ્ત્રી સાથે ખાંડા-તલવારની ધાર જેવું ચતુર્થ વ્રત-બ્રહ્મચર્ય વ્રત ધારણ કર્યું.

આ ઉપરાંત શ્રાવકાવસ્થામાં પણ મુનિ યોગ્ય ધર્મનું પાલન કરતા એવા તે મહાત્માએ ઘી વિગેરે વિકૃતિજનક પદાર્થ–વિગયનો દોઢ વર્ષ સુધી ત્યાગ કર્યો. ૬૦.

**मुनिव्रताचारपरंपरां स–च्छास्त्रात्सुशीलाच्च विचिन्त्य चित्ते ।**
**चिकीर्षुरासीदनगारितां सद्–गृहाश्रमेऽपि स्थितिमादधानः॥६१**

ઉત્તમ શાસ્ત્રના શ્રવણથી તેમજ ઉત્તમ પ્રકારના શિયળથી ગૃહસ્થાશ્રમમાં હતા તોપણ તે ઓધવજીભાઇ સાધુ ધર્મની પરંપરા–સમાચારીને મનમાં વિચારીને સાધુપણાને અંગીકાર કરવાની ઇચ્છાવાળા થયા. ૬૧.

**तदागतास्तत्र सुसाधुवर्या, उद्योतसंज्ञा विजयादिशब्दाः ।**
**प्रवर्तकोपाधियुताश्च कान्ति–संज्ञा यतीन्द्रैस्तिथिमानयुक्तैः॥६२॥**

તે વખતે સાધુઓમાં ઉત્તમ શ્રી **ઉદ્યોતવિજયજી** તથા પ્રવર્તક શ્રી **કાંતિવિજયજી** મુનિરાજ પંદર સાધુઓના ઠાણા સહિત ત્યાં પધાર્યા. ૬૨.

**तदोद्धवाख्यश्रमणोपसेविनोऽ–नगारितासङ्ग्रहणोत्सवो हृदि ।**
**समुल्ललासांऽबुनिचयस्तथा यथा, शीतांशुसान्निध्यवशात्पयोधेः॥६३**

ચંદ્રમાના સમીપપણાથી–ઉદય પામવાથી જેમ સમુદ્રનું જળ વૃદ્ધિંગત થઇને ઉછળે છે–ઉલ્લાસ પામે છે તેમ ઉપર્યુક્ત સાધુ–મુનિરાજોના સમાગમથી ઓધવજીભાઈના હૃદયમાં દીક્ષા લેવાનો ઉત્સાહ ઉલ્લાસ પામ્યો. ૬૩.

**तथापि पंन्यासपदाढ्यसूरी–त्युपाधियुक्तात्कमलाख्यसाधोः ।**
**दीक्षां जिघृक्षुस्तदपि प्रदूर–वर्त्तित्वतस्तस्य सुभावनाऽत्र ॥६४॥**

ઓધવજીભાઇ દીક્ષા લેવાની ઇચ્છાવાળા થયા પરંતુ તેમની ભાવના તો પંન્યાસ પદવીથી યુક્ત શ્રી વિજયકમળ સૂરીશ્વરજી મહારાજ પાસે દીક્ષા લેવાની હતી, પણ તે વખતે તેઓશ્રી દૂર પ્રદેશમાં વિચરતા હોવાથી તરત આવી શકે તેમ ન હોવાથી તેઓશ્રીના નામથી અત્રે જ દીક્ષા લેવાની ભાવના થઇ. ૬૪.

**उद्योतपूर्वे विजये सुसाधौ, तद्भावयत्वादनगारितां ततः ।**
**गृहीतुकामोऽपि कुटुम्बवर्गं, प्रबोधयामास सुबोधहेतोः ॥६५॥**

આચાર્ય મહારાજ શ્રી વિજયકમળસૂરીશ્વરજી પાસે દીક્ષા લેવાની ઇચ્છાવાળા છતાં તેઓશ્રી દૂર હોવાથી શ્રી ઉદ્યોતવિજયજી મહારાજ પાસે આચાર્યશ્રીના નામથી દીક્ષા લેવા તૈયાર થયા. દીક્ષા લીધા પહેલા કુટુમ્બ વગેરેની દીક્ષા માટે રજા લેવા તેમને ઉપદેશવાનું શરૂ કર્યું. ૬૫. ( માતા-પિતાની રજા સિવાય દીક્ષા ન લેવી એવા વિચારથી તેમણે પ્રથમ માતા-પિતાદિ કુટુંબવર્ગને સમજાવવું શરૂ કર્યું. )

**असारसंसारसमुद्रमध्या–दुद्धर्तुमात्मानमसौ विपश्चित् ।**
**बंधून् स्वपत्नीं भगिनीः स्वतातं, जनुप्रदां मातरमन्वबोधयत्॥६६॥**

અસાર એવા આ સંસારરૂપી સમુદ્રમાંથી પોતાના આત્માને ઉદ્ધાર કરવા માટે વિચારશીલ એવા ઓધવજી-ભાઇએ પોતાના ભાઇઓ, સ્ત્રી, બહેનો, પિતા તથા જન્મદાત્રી માતાને દીક્ષામાં અનુકૂળ થવા માટે સમજાવ્યા. ૬૬.

तेषां हृदन्तर्बहुकालतो यत् , प्ररूढमासीदतिमोहजालम् ।
तिरश्चकार क्षणदात्ययेऽसौ, सहस्रभानुस्तमसामिवोच्चयम् ॥६७॥

સૂર્ય જેમ રાત્રિના પ્રાંતભાગના અંધકારને દૂર કરે છે તેમ તે ઓધવજીભાઇએ તેઓના હૃદયમાં લાંબા વખતથી જામેલું આવરણ દૂર કર્યું. ૬૭.

ततस्तदिष्टव्रतपालने तेऽ–नुज्ञां ददुः पुण्यसुधाप्रसिक्ताः ।
अस्मत्कुलेऽसावमरद्रुमोपमो, नुनं त इत्थं हृदि धन्यतां जगुः॥६८॥

તેથી પુણ્યરૂપી અમૃતથી આર્દ્ર અથવા પુણ્યશાળી તે સંબંધીઓએ તેમને દીક્ષા લેવાની રજા આપી અને પોતાના અંતઃકરણમાં આ આપણા કુળ–વંશમાં કલ્પવૃક્ષ સમાન છે એમ વિચારીને ધન્યવાદ આપવા લાગ્યા. ૬૮.

अनन्यसाधारणपुण्यपुञ्जतः, संकल्पमेतस्य व्रतार्थदर्शिनः ।
समुज्ज्वलं चक्रुरपूर्वभावात् , कुटुम्बिनो धर्मपरायणा ये ॥६९॥

અસાધારણ પુણ્યના સમુદાયથી ધર્મમાં રક્ત એવા તે સંબંધીઓએ અપૂર્વ સદ્ભાવથી ઓધવજીભાઈની દીક્ષાના અભિલાષને ઉજ્જવળ કર્યો–પૂર્ણ કર્યો. ૬૯.

अनुज्ञया स्वीयजनस्य यद्वद्–धत्तेऽनगारित्वमतीव शोभाम् ।
तद्वत्स्ववर्गं परिताप्य शोभां, नैवापि धत्ते व्यवहारदृष्ट्या ॥७०॥

પોતાના કુટુંબી જનોની રજાપૂર્વક લીધેલી દીક્ષા જેમ ઉત્તમ શોભાને ધારણ કરે છે તેવી રીતે સ્વજનવર્ગને દુઃખી કરીને–કકળાવીને લીધેલી દીક્ષા વ્યવહારદૃષ્ટિથી પણ શોભાને પામતી નથી. ૭૦.

महोत्सवोऽष्टान्हिकसंज्ञकस्तदा, दीक्षासमारम्भनिमित्तको द्राक् ।
आरम्भ्यताथ स्वकुटुम्बलोकै-र्दृढं जिनेन्द्रागमबद्धभावैः ॥७१॥

તે ઓધવજીભાઈની દીક્ષાની શરૂઆતના નિમિત્તરૂપ અષ્ટાહ્નિકા-અઠ્ઠાઈ મહોત્સવ જિનેંદ્ર ધર્મમાં સંપૂર્ણ શ્રદ્ધાવાળા એવા તેના કુટુંબી જનોએ શરૂ કરાવ્યો. ૭૧.

नवीनपूर्या जिनधर्मसङ्घे-नापि स्वधर्माभिरतेन सद्यः ।
प्रादीप्यतासौ सुकृतामृताब्धि-लाभस्य हेतोः प्रमदार्द्रचित्तैः ॥७२॥

પુણ્યરૂપી અમૃત મહાસાગરના લાભની ઈચ્છાએ કરીને પોતાના ધર્મમાં રક્ત-પ્રીતિવાળા શ્રી જામનગરના શ્વેતાંબર શ્રીસંઘે હર્ષથી ભીંજાયેલ અંતઃકરણવડે તરત જ તે ઉત્સવને શોભાયમાન કર્યો. ૭૨.

बाणेषु नन्दपृथिवीमितेऽब्दे, श्रीविक्रमार्काच्छुभराधमासे ।
शुक्ले सुपक्षे गृहदेवताके, तिथौ सुदीक्षादिवसो व्यभासीत् ॥७३॥

વિક્રમ સંવત્ **૧૯૫૫**ના ઉત્તમ **વૈશાખ** માસના શુક્લ-પક્ષ-શુદિમાં છઠ્ઠનો દિવસ તે ઓધવજીભાઇની દીક્ષાતિથિ હોવાથી શોભવા લાગ્યો એટલે કે તે દિવસે તેમણે ભાગવતી દીક્ષા અંગીકાર કરી. ૭૩.

विरक्तिसौधाब्धिपयस्तरङ्ग-ष्वालीनहृद् ह्युद्धवजिन्महेभ्यः ।
दानादिपुण्यं प्रचरन् यथार्हं, सन्मङ्गलोद्वाहनगो बभूव ॥७४॥

વૈરાગ્યરૂપી અમૃતસમુદ્રના તરંગોમાં આસક્ત અંતઃકરણ-વાળા તે ઓધવજીભાઇ સમયને યોગ્ય દાનાદિક પુણ્ય કરતા દીક્ષા માટે ઉત્તમ મંગળકારી વાહન-શીબિકા-પાલખીમાં બેઠા. ૭૪.

अनेकसाहस्रनरैस्तथात्र, मृगीदृशां सन्निचयैः परीतः ।
सुवाद्यसन्मङ्गलगीतनिःस्वनै–र्मध्ये पुरं संप्रचचार पूतः ॥७५॥

દીક્ષાસમયના વરઘોડા વખતે હજારો લોકો તેમજ હજારોગમે નારીઓથી ચારે તરફ વીંટળાયેલા તેમજ ઉત્તમ વાજીંત્ર અને સ્ત્રીઓના ધવળમંગળ ગીતોના શબ્દથી યુક્ત એવો તે પુણ્યશાળી ઓધવજીભાઈનો વરઘોડો જામનગર શહેરના મધ્યમાર્ગ–રાજમાર્ગમાં થઈને ચાલ્યો. ૭૫.

पुर्या बहिः सत्परमे पवित्रे, प्रदेशवर्ये विधितः स दीक्षाम् ।
सद्भावतः संजगृहे महाशयो, ह्युद्योतपूर्वाद्विजयाख्यसाधोः॥७६

દીક્ષાનો વરઘોડો નગરમાં ફર્યા પછી નગરની બહાર ઉત્તમ અને પવિત્ર પ્રદેશમાં શ્રી ઉદ્યોતવિજયજી મહારાજ પાસે આચાર્ય મા. શ્રી વિજયકમલસૂરીશ્વરજી મહારાજશ્રીના નામથી મહાત્મા એવા તે ઓધવજીભાઇએ શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે ઉત્કૃષ્ટ ભાવથી દીક્ષા અંગીકાર કરી–લીધી. ૭૬.

तं दीक्षितं जैनवरोपदिष्टे–नगारिताख्येऽसिसमे सुधर्मे ।
वीक्ष्य प्रहृष्टः सकलोऽपि सङ्घ–श्चकार वासोत्क्षपणं तदर्थम् ॥७७॥

પૂજ્ય તીર્થંકર દેવોએ ઉપદેશેલ ખાંડાની ધાર સમા સાધુપણામાં તેને દીક્ષિત–સાધુ થએલા જોઈને અત્યંત હર્ષ પામેલા શ્રી સંઘે તેમના પર વાસક્ષેપ નાખ્યો. વાસક્ષેપ એ દીક્ષાનું સંપૂર્ણ પાલન થવાના આશીર્વાદરૂપ છે. ૭૭.

विनयविजयसंज्ञोऽसौ, सुसाधुधर्मप्रभावको वर्यः ।
संमत्या गुरुशिष्टप्रसिद्ध–धर्माऽजनि प्रकाशात्मा ॥ ७८ ॥

ઉત્તમ સાધુ ધર્મનો ઉદ્યોત કરનાર, શ્રેષ્ઠ, ગુરુ તેમજ શિષ્ટ જનથી વખણાયેલ ચારિત્ર ધર્મવાળા એવા તે શ્રી **વિનયવિજયજી** મહારાજ પોતાની સદ્‌બુદ્ધિથી જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ ગુણુથી પ્રકાશવા લાગ્યા. ૭૮.

**सागारिताभिधानप्रभृति–समं व्यावहारिकं जालम् ।**
**त्यक्त्वाऽनगारिताख्यं, शिवदं नामादि संप्रपेदेऽसौ ॥ ७९ ॥**

સાગારી-સંસારીપણાનું નામ વિગેરે બધી વ્યવહારિક જાળનો ત્યાગ કરીને પ્રાંતે મોક્ષને આપનારા અનગારીપણા-સાધુપણાનું નામ વિગેરે તેમણે નવા ધારણ કર્યાં. દીક્ષાનો અંગીકાર એ પરમાર્થસાધક હોઈને નવો જન્મ લીધા બરાબર છે. નવા જન્મમાં જેમ નામ વિગેરે ફરી જાય છે તેમ ગૃહસ્થપણામાંથી સાધુપણામાં આવ્યા પછી નામ વિગેરેનો ફેરફાર કરાય છે. ૭૯.

**प्रच्छिद्य मोहपाशं मुनि–वेशं धर्मतो दधारासौ ।**
**तमथो वन्दनविषयं, चकार सर्वोऽपि जनवर्गः ॥ ८० ॥**

સંસારના મોહપાશરૂપી ફાંસલાને કાપી નાખીને-દૂર કરીને કેવળ ધર્મપ્રાપ્તિ માટે તેમણે મુનિવેશ સ્વીકાર્યો. ત્યારબાદ સમસ્ત જનતાએ તેમને નમસ્કાર કર્યો. ૮૦.

**श्रीविनयविजयनामा, साधुश्चारित्रभृज्जिनेन्द्रस्य ।**
**श्रीकान्तिविजयसहितोऽ–त्रैवातिष्ठच्चतुर्मासीम् ॥ ८१ ॥**

શ્રી જિનેંદ્ર ભગવાનના ચારિત્રને ધારણ કરનારા શ્રી વિનયવિજયજી મહારાજ પ્ર૦ શ્રી કાંતિવિજયજી મહારાજની

સાથે ત્યાં-જામનગરમાં જ ચાતુર્માસ રહ્યા. ( વૈશાખ માસમાં દીક્ષા લીધેલ હોવાથી ચાતુર્માસ નજીક હોવાને લીધે એ પ્રમાણે કરવું યોગ્ય હતું. ) ૮૧.

**ततस्त्वसौ साधुवरः प्रयातो-विहारतः सिद्धगिरौ सुसाधुः ।**
**जिनागमेषूक्तशिवप्रदत्वे, तीर्थाधिराजे न्यवसद्द्वितुद्वयम् ॥ ८२ ॥**

તે ચોમાસુ ઉતર્યા પછી સાધુના આચાર પાળનારા તે સાધુવર્ય વિહાર કરતાં કરતાં અનુક્રમે શ્રી **સિદ્ધાચળ**-પાલીતાણા પધાર્યા અને શ્રી જૈન સિદ્ધાંતમાં મોક્ષસુખ આપનાર કહેલ તે શ્રી સિદ્ધાચળ તીર્થાધિરાજમાં બીજું ચોમાસું પણ રહ્યા. ૮૨.

**ततस्त्वसौ संविहरन्सुराष्ट्रं, त्यक्त्वा ययौ गुर्जरदेशभूमिम् ।**
**जिनालयैर्भूषितभूमिभागां, संपत्समृद्धां गुणपूर्णलोकाम् ॥८३॥**

ત્યારપછી વિહાર કરતા તે વિનયવિજયજી મુનિરાજ સૌરાષ્ટ્ર દેશનો ત્યાગ કરીને જિનમંદિરથી શોભાયમાન ભૂમિવાળા, ધન-ધાન્ય વિગેરે સંપત્તિથી આબાદ તેમજ સજ્જન લોકથી વ્યાપ્ત એવા ગુર્જરદેશમાં-ગુજરાતમાં પધાર્યા. ૮૩.

**कमलविजयपन्न्यासैः स्वेष्टैः, सत्साधुभिः सुयोगोऽस्य ।**
**म्हेसाणाख्ये ग्रामे जज्ञे, दीक्षां गुरुं जिघृक्षोश्च ॥ ८४ ॥**

મોટી દીક્ષા-વડી દીક્ષા ગ્રહણ કરવાને ઇચ્છતા તે શ્રી વિનયવિજયજી મહારાજને મહેસાણા ગામમાં પોતાને ઇષ્ટ પવિત્ર પંન્યાસ શ્રી કમળવિજયજી મહારાજનો સમાગમ થયો. ૮૪.

**नगेषुनन्देन्दुमिते सुवर्षे, श्रीवैक्रमे संप्रति वर्तमाने ।**
**दीक्षां महायोगवतीं प्रपेदे, सत्साधुवर्यः कमलाख्यसूरेः ॥८५॥**

ત્યારબાદ વિક્રમ સંવત ૧૯૫૭ ની સાલમાં સુસાધુ તે વિનયવિજયજી મહારાજે વિજયકમળસૂરીશ્વર પાસેથી (પંન્યાસ શ્રી કમળવિજયજી મહારાજ આચાર્ય પદવીથી વિભૂષિત થઈને હવે સૂરિ બન્યા હતા) મહાયોગવાળી દીક્ષા–વડીદીક્ષા પ્રાપ્ત કરી. ૮૫.

तद्दीक्षया साधुवरस्य चास्य, समुज्जजृम्भे चरितं विशेषात् ।
प्रायेण सूत्कर्षजनिर्भवेद्धै, विधेयपात्रे गुरुवर्ययोगात् ॥ ८६ ॥

તે વડીદીક્ષાથી આ વિનયવિજયજી મહારાજનું ચરિત્ર વિશેષે કરીને ઉજ્જવળ પ્રકાશવા લાગ્યું. ઘણું કરીને સારા ગુરુના યોગથી સુશિષ્યરૂપ પાત્રમાં સારો ઉત્કર્ષ પ્રગટે છે. ૮૬

श्रीमन्महावीरजिनेन्द्रवर्यो–प्यत्रोपदेशं ससृजे गुणाढ्यम् ॥
विपश्चिदत्रार्थ इदं सुवाक्यं, पुरातनः कश्चिदवासृजच्च ॥ ८७ ॥

શ્રી મહાવીર પરમાત્માએ પણ ગુણયુક્ત તેવા પ્રકારનો ઉપદેશ આપેલો છે. આ વિષયમાં જ કોઈ એક પ્રાચીન પંડિતે પણ નીચેનો સારો શ્લોક જણાવેલ છે. ૮૭.

शोधनीया हि गुरवः, शिष्योत्कर्षविधायिनः ।
शिष्योत्कर्षविधातारो, गुरवस्तु सुदुर्लभाः ॥ ८८ ॥

શિષ્યના ઉત્કર્ષ–ઉન્નતિને કરનારા હોય તેવા ગુરુ મેળવવા જોઈએ કારણ કે વિદ્યાભ્યાસ આદિ સદ્ગુણોદ્વારા શિષ્યને ઉત્કૃષ્ટ પદે ચઢાવનાર ગુરુઓ મળવા કઠિન–દુર્લભ છે. ૮૮.

सुश्लोकोऽयं महार्थो हि, धर्मेप्सुभिरसत्वरैः ।
नरैः स्वान्ते संप्रधार्यः, शब्दतश्चार्थतश्च सन् ॥ ८९ ॥

ધર્મની ઇચ્છાવાળા ગંભીર મનુષ્યોએ શબ્દથી અને અર્થથી મહારહસ્યવાળો ઉપરનો શ્લોક-શિખામણ પોતાના અંતઃકરણમાં ધારણ કરી લેવો-એટલે કે શિલાલેખની પેઠે મનમાં કોતરી રાખવો જોઇએ. ૮૯.

विनयाख्यमुनिस्तस्या-नुसारेण प्रवृत्तवान् ।
शिवं जिगमिषोः साधो-र्विचारस्तादृगेव हि ॥ ९० ॥

તે શ્લોકના ઉપદેશાનુસાર જ તે વિનયવિજયજી મહારાજ પ્રવૃતિ કરતા હતા, કારણ કે મોક્ષાભિલાષી સાધુ પુરુષનો વિચાર-વર્તન તેવો જ હોય છે. ૯૦.

एवं सुदीक्षां महतीं प्रलभ्य, चारित्रमापूर्णतमं दधार ।
स्वोच्चस्थितिं यान्ति नरा नरार्थ-प्रलिप्सवो ये जिनधर्मरक्ताः ॥९१॥

એ પ્રમાણે સારી દીક્ષા-વડી દીક્ષાને મેળવીને સંપૂર્ણ ઉત્તમ ચારિત્રને ધારણ કર્યું. શ્રી જિનેંદ્રભાષિત ધર્મમાં પ્રીતિવાળા તેમજ પુરુષાર્થને પ્રાપ્ત કરવાની ઇચ્છાવાળા મનુષ્યો ઉત્તરોત્તર ઉચ્ચ સ્થિતિ-મોક્ષને પહોંચતા જાય છે-પ્રાપ્ત કરે છે. ૯૧.

महासुदीक्षां विनयाख्यसाधौ, विधाय पूज्याः कमलाख्यसूरयः ।
सन्तोषमापुः परमं सुशिष्य-सद्धर्मचारित्रसमुज्ज्वलं ते ॥ ९२ ॥

એ પ્રમાણે શ્રી વિનયવિજયજી મહારાજમાં મોટી દીક્ષાનું આરોપણ કરીને શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજ ઉત્તમ શિષ્યમાં ઉત્તમ તથા ઉજ્જવળ ચારિત્ર જોઇને ઘણો જ સંતોષ પામ્યા. ૯૨.

तं दीक्षितं सद्विनयाख्यसाधुं, ररक्ष हर्षान्निजसाधुसङ्घे ।
सद्धर्मरक्तं सुपवित्रवृत्तं, पन्न्यासवर्यो गुणनीरधिः सः ॥ ९३ ॥

પછી ગુણના સમુદ્ર એવા તે શ્રી કમળવિજયજી પંન્યાસે સારા ધર્મમાં પ્રીતિવાળા તેમજ સારા આચરણવાળા અને દીક્ષા અંગીકાર કરેલા શ્રી વિનયવિજય મહારાજને હર્ષથી પોતાના સાધુ સમુદાયમાં સારી રીતે રાખ્યા. ૯૩.

पन्न्यासवर्यस्य विशालविद्वद्-वृन्देन सार्द्धं मुनिपुंगवानाम् ।
सुसाधुवर्या विनयाख्यमुनयो, विहारमाकार्षुरतीव मोदात् ॥९४॥

શ્રી કમળવિજયજી પંન્યાસના ઉત્તમ મુનિઓના મોટા સમુદાય સાથે પવિત્ર એવા તે મુનિ શ્રી વિનયવિજયજી મહારાજ ઘણા જ આનંદપૂર્વક વિહાર કરતા હતા. ૯૪.

ते गुर्जरेषु व्यहरज्जिनेन्द्र-धर्मप्रबोधेन भविव्रजानाम् ।
हृदम्बुजातेषु विकस्वरेषु, संस्थापयन्तश्च सुबोधलक्ष्मीम् ॥ ९५ ॥

જૈન ધર્મના ઉપદેશવડે ભવ્ય લોકોના પ્રફુલ્લિત હૃદય-કમળમાં સદ્બોધરૂપ લક્ષ્મીને સ્થાપન કરતાં તેઓશ્રી ગુર્જર-ભૂમિમાં વિચરવા લાગ્યા. ૯૫.

मासं विहृत्य प्रबलस्वधर्म-संस्कारदेवद्रुमभूमयस्ते ।
विरक्तिभावेन सुसंविदा च, युक्तां मतिश्रेणिमवापुरत्र ॥ ९६ ॥

એ પ્રમાણે એક મહિના પર્યંત વિહાર કરીને ઉત્કૃષ્ટ સ્વધર્મના સંસ્કારરૂપી કલ્પવૃક્ષની ભૂમિ જેવા તેમણે વૈરાગ્ય ભાવથી તથા ઉત્તમ જ્ઞાનથી યુક્ત વિચારશ્રેણી પ્રાપ્ત કરી. ૯૬.

पुरातनान् श्रीजिनमार्गबोधान्, विचारयामासुरतीव यत्नात् ।
तत्त्वार्थजातं जगृहुः सदा ते, क्षेमे च योगे च विशेषदक्षाः ॥९७॥

પછી ઘણા યત્નપૂર્વક–વિચારપૂર્વક પ્રાચીન શ્રી જિનેંદ્ર ધર્મના આત્મિક તત્ત્વો સંબંધી ઉપદેશોનો વિચાર કર્યો અને એ વસ્તુ પ્રાપ્ત કરવારૂપ ક્ષેમમાં અને આત્માને મોક્ષની સાથે જોડી દેનારરૂપ યોગમાં વિશેષે કરી ચતુર બન્યા. ૯૭.

शास्त्रोपदेशं हृदये निधाय, क्रमेण विद्वद्वरसाधुवर्गात् ।
प्रबोधयामासुरतीव शीघ्रं, जिनेन्द्रधर्मं जनतापुरस्ते ॥ ९८ ॥

વિદ્વાન્ સાધુ–મુનિરાજો પાસેથી ક્રમે ક્રમે કરીને શાસ્ત્રનો ઉપદેશ અંતઃકરણમાં સ્થાપીને તેઓ ભવ્ય લોકો સમક્ષ તત્પરતાથી શ્રી જિનેંદ્ર ધર્મનો ઉપદેશ આપતા હતા. ૯૮.

विशेषयुक्त्या प्रविधीयमानं, धर्मोपदेशं जिनशास्त्रदृष्टम् ।
गृह्णीयुराराज्जनताः सुखेन, जानन्त इत्थं विदधुस्तथात्र ॥९९॥

જૈનાગમોમાં કહેલ ધર્મનો વિશેષ યુક્તિપૂર્વક ઉપદેશ કરવામાં આવે તો લોકો તરત તે સુખપૂર્વક ગ્રહણ કરી શકે એમ જાણતા એવા તેઓશ્રી તે પ્રકારે ઉપદેશ દેવા લાગ્યા. ૯૯.

वीजापुराख्ये नगरेऽत्रसंस्ते, सत्साधुवृंदेन समन्विता द्राक् ।
मासान् युगैः संप्रमितान् विराग–भावोज्ज्वला भावितजैनतत्त्वाः ॥

બાદ વૈરાગ્ય ભાવથી ઉજ્જવળ તેમજ જૈન તત્ત્વોના જાણનારા તે શ્રી વિનયવિજયજી મહારાજ ઉત્તમ સાધુસમુદાય સાથે **વીજાપુર** નામના નગરમાં ચાતુર્માસ–ચોમાસુ રહ્યા. ૧૦૦.

सम्पूर्णचारित्रधरा मुनीन्द्रा, गुरोरनुज्ञामधिगम्य भूयः ।
विहारमार्गक्रमतः पवित्रं, सौराष्ट्रदेशाभिमुखं ययुस्ते ॥ १०१ ॥

ફરી વાર ગુરુમહારાજની રજા મેળવીને સંપૂર્ણ ચારિત્ર ધર્મને પાળનારા તે મુનિરાજશ્રી વિહાર કરતાં કરતાં પવિત્ર સૌરાષ્ટ્ર દેશ તરફ ચાલ્યા–વિહાર કર્યો. ૧૦૧.

ततस्ते वढवाणाख्य–पुरशाखापुरे शुभे ।
कञ्चित्कालं समातस्थु–र्जैनधर्मप्रकाशकाः ॥ १०२ ॥

ત્યારબાદ શ્રી જૈન ધર્મનો ઉદ્યોત કરનારા તેઓ વઢવાણ શહેરના સુંદર શાખા નગરમાં–વઢવાણ કેમ્પમાં ચાતુર્માસ રહ્યા. ૧૦૨.

ततस्तु राजदुर्गाख्ये, नगरेऽप्यवसन् ततः ।
मयूरध्वजसंज्ञेऽपि, गोधराख्ये पुरे तथा ॥ १०३ ॥

ત્યાંથી વિહાર કરીને રાજદુર્ગ–રાજકોટ નામના નગરમાં ચોમાસુ રહ્યા અને પછી "મયૂરધ્વજ"–મોરબી નામના ગામમાં તથા ગોધરા શહેરમાં સ્થિરતા કરી–ચાતુર્માસ રહ્યા. ૧૦૩.

पुरे धवलसंज्ञेऽपि, न्यवसन् धर्मभावकाः ।
परोपकारप्रवणा–स्तादृशाः साधवः सदा ॥ १०४ ॥

ગોધરાથી પાછા વિહાર કરતાં કરતાં ધર્મમાં પ્રીતિવાળા તેઓશ્રી ધોળ ગામમાં ચાતુર્માસ માટે પધાર્યા. તેમની જેવા સાધુઓ હંમેશા પરોપકાર કરવામાંજ પ્રવીણ હોય છે. ૧૦૪.

तत्तत्प्रदेशेषु यथाधिकारं, जिनेन्द्रधर्मं प्रतिबोधयन्तः ।
शान्ता महान्तः सुविरक्तिभाजो, जनानकार्षुर्जिनधर्मरक्तान् ॥ १०५ ॥

તે તે પ્રદેશોમાં યોગ્યતાનુસારે શ્રી જૈન ધર્મનો ઉપદેશ કરતા શાંત, મહાંત અને સુવૈરાગ્યવાન તેઓએ લોકોને ધર્મપ્રેમી બનાવ્યા. ૧૦૫.

क्षेत्रेषु योग्येषु निजप्रबोध–शक्त्या दृढं धर्मतरुं विधाय ।
तोषं वहन्तो निजहृत्कजे ते, मिथ्याभिमानं प्रजहुः सदैव ॥१०६॥

પોતાની જ્ઞાનશક્તિથી યોગ્ય સ્થાનોમાં ધર્મરૂપી વૃક્ષને મજબૂત કરીને પોતાના હૃદયકમળમાં સંતોષને ધારણ કરતા શ્રી વિનયવિજયજી મહારાજે હંમેશને માટે મિથ્યાભિમાન–આડંબર વૃત્તિનો ત્યાગ કર્યો. ૧૦૬.

मानादिलाभेऽपि सदाऽसतृष्णा, धर्मार्थसत्साधनमात्रयुक्ताः ।
श्रीजामपूर्वे नगरे स्वपूर्वा–श्रमस्य भूमौ पुनरागमंस्ते ॥१०७॥

હંમેશા બહુમાન–આદરસત્કાર આદિની પ્રાપ્તિ થવા છતાં પણ લાલસા રહિત તેમજ ધર્માનુષ્ઠાનાદિ સારા સાધનથી યુક્ત તેઓશ્રી ફરી વાર પોતાની પૂર્વાશ્રમ–ગૃહસ્થાશ્રમની ભૂમિ–જામનગર શહેરમાં આવ્યા. ૧૦૭.

स्वदेशिनं सज्जिनधर्मभूषणं, जितेन्द्रियं तं विनयाख्यसाधुम् ।
संवीक्ष्य तोषं वहता गुणाढ्यं, सङ्घेन सन्मान्य सुभक्तिभावात्।१०८

तद्वक्त्रतो धर्मसुधां प्रपातुं, संप्रार्थितोऽसौ मुनिधर्मरक्तः ।
स्वजन्मभूमेः कुशलं समिच्छं–श्चकार वासं चतुरः सुमासान् ॥
युग्मम् ॥ १०९ ॥

પોતાના જ શહેરના, પવિત્ર જૈનધર્મના શણગારરૂપ, ઇંદ્રિયોને વશ કરનાર અને સદ્ગુણાલંકૃત શ્રી વિનયવિજયજી મહારાજને આવેલા જોઇને, ઉત્કૃષ્ટ સંતોષ-આનંદને ધારણ કરતા શ્રી સંઘવડે ભક્તિભાવપૂર્વક સત્કાર કરાઇને મુનિધર્મમાં એકનિષ્ઠ તેમના મુખમાંથી ઝરતા ઉપદેશરૂપી અમૃતને પીવાને માટે પ્રાર્થના કરાએલા તેઓશ્રીએ પોતાની જન્મભૂમિનું કલ્યાણહિત ચાહતા ત્યાં જ ચાતુર્માસ કર્યું. ૧૦૮-૯.

ततोऽपि सङ्घाग्रहतो न्यवात्सी-दत्रैव भूमौ जिनधर्मयुक्तः ।
मार्गादिशीर्षः सुपवित्रमास-स्तदागतः शैत्यवहोऽपि सौम्यः॥११०

ચાતુર્માસ પૂર્ણ થયા પછી શ્રી સંઘના અતિ આગ્રહથી જૈનધર્મપરાયણ તે મુનિશ્રીએ તે જ સ્થાનમાં સ્થિરતા કરી. તે વખતે ઠંડીને ધારણ કરતો, શાંત અને પવિત્ર એવો માગશર મહિનો પણ આવી પહોંચ્યો. ૧૧૦ ( માગશર માસની શુદિ અગ્યારશને **મૌન એકાદશી** કહેવામાં આવે છે, અને તે દિવસ ૧૫૦ કલ્યાણકનો ઉત્સવ દિન હોઇને માગશર માસને પવિત્ર કહેવામાં આવ્યો છે.)

कच्छाख्यदेशस्थपवित्रपत्री-ग्रामे निवासी युवकस्तदानीम् ।
घेलाख्यशाहस्य पवित्रपुत्रः, शाधारशी स्थानकवासिधर्मा॥१११

दीक्षां गृहीत्वापि निजप्रवाहात्, सज्जैनधर्मं प्रविलिप्सुरारात् ।
धर्मादिचन्द्रो मुनिर्हृत्कजे स्वे, विचारयामास जिनेन्द्रधर्मम् ॥११२

॥ युग्मम् ॥

( આ સમયે ) ઘેલાશાહનો સદાચારી પુત્ર, સ્થાનકવાસી ધર્મનું પાલન કરનાર, કચ્છ દેશમાં આવેલ સુંદર **પત્રી** ગામનો રહીશ **ધારશી** શાહ નામના યુવાને પોતાના સંઘાડામાં દીક્ષા લઈને **ધર્મચંદ્ર** મુનિ બન્યા પછી જલ્દીથી શુદ્ધ જૈનધર્મને પામવાની ઈચ્છાવાળા તે પોતાના અંતઃકરણમાં શ્રી જિનેંદ્રપ્રરૂપિત શુદ્ધ માર્ગનો વિચાર કરવા લાગ્યા. ૧૧૧-૨.

**जिनेन्द्रचैत्यप्रतिमादिपूजा–युक्तं सुधर्मं धवलाम्बराणाम् ।**
**सत्साधुवर्यैरिति दीर्घकालात्, सत्संसेवितं स्वे हृदये विवेद ॥११३**

ત્યારબાદ સજ્જન પુરુષોવડે લાંબા સમયથી સેવાયેલા, જિનમંદિર, પ્રતિમાપૂજાથી યુક્ત શ્વેતાંબરોના મૂર્તિપૂજારૂપ ધર્મને ઉત્તમ સાધુ-મુનિરાજોદ્વારા પોતાના હૃદયકમળમાં સ્થાપ્યો-એટલે કે તે જ મૂર્તિપૂજારૂપ ધર્મ સાચો છે એમ જાણ્યું. ૧૧૩.

**प्रमाणवत्तत्र निजार्थबोधे, स्वप्नोऽपि दैवात्सदृशो बभूव ।**
**तेनास्य विश्वासपदं विशेषा–ज्जातः स धर्मः प्रतिमापराणां॥११४**

સ્વાર્થના બોધમાં-આત્મકલ્યાણની જાગૃતિમાં પ્રમાણની માફક ભાગ્યયોગથી તેમનું સ્વપ્નું ( વિચાર ) સફળ બન્યું અને તેથી મૂર્તિપૂજારૂપ ધર્મ ( શ્વેતાંબર સંપ્રદાય ) અધિક રીતે તેમના વિશ્વાસનું-શ્રદ્ધાનું સ્થાન બન્યો. ૧૧૪.

**ततः स्वचित्ते दृढभाव आसी–त्तद्धर्मदीक्षाग्रहणे तदानीम् ।**
**कुमार्गमुत्सृज्य स धीरवर्यः, प्रत्यग्रपुर्यां सहसाऽऽजगाम ॥११५**

ત્યારબાદ તે ધર્મની-શ્વેતાંબરમતની દીક્ષાસ્વીકારવામાં પોતાના મનમાં દૃઢ ભાવનાવાળા થયા એટલે તે ધૈર્યશાળી મહાપુરુષ ખોટા માર્ગનો ત્યાગ કરીને એકદમ જામનગર આવી પહોંચ્યા. ૧૧૫.

तत्राशृणोत्सद्विनयाख्यसाधो–र्जिनेन्द्रधर्मप्रवणं चरित्रम् ।
तेनायमासीत्पुनरस्य पार्श्वे, दीक्षां जिघृक्षुर्मतिमाँस्तदानीम्॥११६

જામનગરમાં આવીને મહાત્મા શ્રી વિનયવિજયજી મહારાજનું જૈનધર્મપરાયણ ચારિત્ર સાંભળ્યું જેથી તે બુદ્ધિમાન ધર્મચંદ્ર મુનિ તેમની પાસે ફરી વાર શ્વેતાંબરમતની દીક્ષા લેવાની ઇચ્છાવાળા થયા. ૧૧૬.

परस्परं धर्मकथाप्रसंगात्, सत्पूज्यबुद्धिर्विनयाख्यसाधौ ।
जज्ञेऽस्य पाखण्डपथान्मुमुक्षोः, सत्पुण्यभाजो नहि दुर्लभाऽसौ११७

અરસપરસ ધર્મકથા–ધર્મચર્ચાના વાર્તાલાપથી મિથ્યા માર્ગને છોડવાની ઇચ્છાવાળા તેમની શ્રી વિનયવિજયજી મહારાજ પ્રત્યે પૂજ્યબુદ્ધિ ઉત્પન્ન થઈ. પુણ્યશાળી જીવોને સત્ય વસ્તુની પ્રાપ્તિ થવી દુર્લભ નથી. ૧૧૭.

तदा समासीत्सुसमागमोऽस्य, सच्छ्रावकैश्चैत्यपरार्द्रचित्तैः ।
तारादिचंद्रैः परमर्द्धियुक्तै–र्घेलाख्यशाहैश्च जिनेंद्रभक्तैः ॥११८॥

ત્યારબાદ અતુલ સંપત્તિશાળી **તારાચંદ** શેઠ તેમજ જૈનધર્મ પ્રત્યે ભક્તિભાવવાળા **ઘેલાશાહ** આદિ જિનભક્તિપરાયણ શ્રાવકો સાથે તેનો સમાગમ–મેળાપ થયો. ૧૧૮.

ततो विक्रमतो विष्णु–पद्षट्नंदभूमिते ।
वर्षे पवित्रचारित्र–योग्ये योगं समागते ॥ ११९ ॥
मार्गशीर्षाख्यमासस्य, दशम्यां शुक्लपक्षके ।
विनयाख्यमुनीन्द्रेण, दीक्षितोऽसौ पुनर्मुनिः ॥ १२० ॥
॥ युग्मम् ॥

વિક્રમ સંવત્ ૧૯૬૦ ના માગશર શુદિ દશમને દિવસે પવિત્ર ભાગવતી દીક્ષાને ઉચિત શુભ યોગમાં શ્રી વિનયવિજયજી મહારાજદ્વારા તેમને ફરી વાર દીક્ષા અપાઇ એટલે કે તે દિવસે ઢુંઢકપંથી દીક્ષાનો ત્યાગ કરીને શ્વેતાંબર આમ્નાયની દીક્ષા સ્વીકારી. ૧૧૯–૨૦.

सदुत्साहाच्छ्रद्धया च, शुद्धधर्मं प्रपेदुषः ।
चारित्रविजयेत्याख्या, दत्ता तद्गुरुणा तदा ॥ १२१ ॥

સારા ઉત્સાહથી તેમજ શ્રદ્ધા–ભક્તિથી શુદ્ધ જૈનધર્મને પ્રાપ્ત કરનાર તેમનું ગુરુવડે **ચારિત્રવિજય** એવું નામ અપાયું. ૧૨૧. (આ ચારિત્રવિજયજી મહારાજ તે જૈન સમાજમાં ખ્યાતિ પામેલી સંસ્થા શ્રી યશોવિજયજી જૈન ગુરુકુળ પાલીતાણાના સ્થાપક સમજવા.)

तस्मिन्नवीनेऽपि मुनौ प्रवीक्ष्य, गुणान्स्वधर्मस्य विवर्द्धकान् सः ।
तुष्टोऽनगारिप्रवरस्ततस्तं, नेतुं मनोधाद् गुरुवर्यपार्श्वे ॥ १२२ ॥

તે નવદીક્ષિત મુનિરાજમાં ધર્મનો ઉત્કર્ષ કરનાર ગુણો જોઇને સંતોષ પામેલા શ્રી વિનયવિજયજી મહારાજે તેમને

પોતાના ગુરુમહારાજ સમક્ષ લઇ જવાને ઈચ્છા કરી-વિચાર્યું. ૧૨૨

श्रीविजयकमलसूरेः पार्श्वे, निन्ये विनेयवर्यः सः ।
विनयविजयगुरुणा द्राक्, गुणयुक्तः किं न गौरवं यायात् ? ॥१२३

પછી ગુરુ શ્રી વિનયવિજયજીદ્વારા તે ઉત્તમ શિષ્યને વિના વિલંબે-જલ્દીથી પોતાના ગુરુ આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી પાસે લઇ જવામાં આવ્યા. ગુણવાન પુરુષ કઈ મહત્તા-ગૌરવને પ્રાપ્ત થતા નથી ? અર્થાત્ ગુણશાળી પુરુષને મહત્તા પગે પડતી આવે છે. ૧૨૩.

देवचराडीग्रामे, विजयकमलसन्मुनींद्रपार्श्वेऽसौ ।
गुर्वीं दीक्षां ग्राहित–आसीद् गुरुणा जिनेंद्रधर्माढ्यः ॥ १२४ ॥

**દેવચરાડી** નામના ગામની અંદર દેરાસરની પ્રતિષ્ઠા કરવાના સમયે પૂજ્ય ગુરુદેવ આચાર્યશ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજશ્રીએ જિનેંદ્ર ધર્મમાં દૃઢ એવા તે શ્રી ચારિત્રવિજયજી મહારાજને વડી દીક્ષાથી વિભૂષિત કર્યા. ૧૨૪.

विनयविजयसत्साधो–र्द्वितीयशिष्योऽप्यजायतैवं च ।
गुणगणचमत्कृति–वशादाकृष्टः पुण्यपाथोधिः ॥ १२५ ॥

ત્યારબાદ શ્રી વિનયવિજયજી મહારાજના ગુણસમૂહના ચમત્કારથી આકર્ષાયેલ અને પુણ્યના ભંડારરૂપ એવો બીજો શિષ્ય પણ નીચે જણાવેલ સમયે થયો. ૧૨૫.

रम्येऽब्दके सागरषट्नवेन्दु–मिते पवित्रे नृपविक्रमार्कात् ।
श्रीमार्गशीर्षे धवले सुपक्षे, रुद्राधिदैवत्यतिथौ विरक्तः ॥१२६॥
श्रीमालिवैश्यो युवको जिनेन्द्र–दीक्षां प्रजग्राह सुमुक्तिकामः ।
सत्पालियादाख्यपुराधिवासी, पुण्यैर्युतो मोहनलालसंज्ञः॥१२७
॥ युग्मम् ॥

સુંદર અને પવિત્ર વિક્રમ સંવત ૧૯૬૭ ના માગશર શુદિ અગ્યારશ–મૌન એકાદશીના શુભ દિવસે **પાલીયાદ** ગામના રહીશ, પુણ્યશાળી, વૈરાગ્યવાન અને મુમુક્ષુ **મોહનલાલ** નામના શ્રીમાળી જ્ઞાતીય યુવકે દીક્ષા અંગીકાર કરી. ૧૨૬–૧૨૭.

एकोनविंशाब्दयुतः सुनिम्ब–पुर्यां सुनाम्ना विजयान्तमित्रः ।
विद्याभिलाषी गुरुवर्यसेवा–द्यनेकनीत्यादि गुणाढ्यशीलः॥१२८

વિદ્યાપ્રિય, સુગુરુ સમાન તેમજ નીતિ આદિ અનેક ગુણગણુવિભૂષિત તે મોહનલાલ લીંબડી શહેરમાં ઓગણીશ વર્ષની ઉમરે (દીક્ષા લઈને) **મિત્રવિજય** એવા સુંદર નામથી પ્રસિદ્ધ થયા. લીંબડીથી વિહાર કરી પોતાના ગુરુ મહારાજશ્રી વિજયકમલસૂરીશ્વરજી પાસે વઢવાણુ કેમ્પમાં મિત્ર-વિજયજીને વડી દીક્ષા સં. ૧૯૬૭ ના માહ શુદ દશમે અપાવી અને વઢવાણુકેમ્પના સંઘના અતિ આગ્રહથી તે ચાતુર્માસ ત્યાં જ કર્યું. ૧૨૮

विनयविजयमुनिवर्यौ, राणपुराख्ये पुरेऽथ संघेऽसौ ।
जिनेन्द्रवाणीबोधो–दयतो बोधं चकार सफलं द्राक् ॥१२९॥

ઝડપથી જૈન સિદ્ધાંતના સુંદર અભ્યાસને અંગે તે પવિત્ર શ્રી વિનયવિજયજી મહારાજે **રાણપુર** ગામના શ્રી સંઘને સુંદર ઉપદેશામૃતનું પાન કરાવ્યું, અર્થાત્ શ્રી સંઘના અત્યાગ્રહથી ત્યાં ચાતુર્માસ કરી અનેક જીવોને પ્રભુના અમૃતમય વચનોનું પાન કરાવ્યું. ૧૨૯.

चतुरो मासान् स्थित्वो–द्योतं धर्मस्य राणपुरमध्ये ।
कृत्वा गच्छन् मार्गे, तत्तत्क्षेत्रेऽप्यधात्सुधर्मजनिम् ॥ १३० ॥

તે રાણપુર નગરમાં સં. ૧૯૬૮ નું ચાતુર્માસ કરીને સારી રીતે ધર્મપ્રભાવના કર્યા બાદ આગળ વિચરતાં તેમણે તે તે ગ્રામ–નગરાદિ ક્ષેત્રોમાં જૈનધર્મનો સુંદર પ્રચાર કર્યો. અહીંથી વિહાર કરી સં. ૧૯૬૯ નું ચાતુર્માસ રાજકોટમાં કર્યું અને ત્યાંથી પાછા પોતાના વતન જામનગરમાં સં. ૧૯૭૦ નું ચાતુર્માસ કર્યું. ૧૩૦.

विहरन्नेवं मच्छू–नद्यास्तीरेऽवसत्पुरे गुणाढ्योऽसौ ।
मोरबीसंज्ञे गत्वा, श्रावकवर्गेण सत्कृतस्तस्थौ ॥ १३१ ॥

ગ્રામાનુગ્રામ વિહાર કરતાં તે ગુણશાળીએ મચ્છૂ નદીના કાંઠા પર આવેલ **મોરબી** ગામમાં જઈને નિવાસ કર્યો. ત્યારબાદ ત્યાંના શ્રાવક સમુદાયથી સત્કાર કરાએલા તેમણે ત્યાં સ્થિરતા કરી. ૧૩૧.

श्रीमोरबीश्रावकवर्यभावा–च्चन्द्राद्रिनंदेन्दुमिते सुवर्षे ।
मासानुवास प्रतिबोधयन्सन्, वेदैर्मितान्सज्जनवंद्यविद्यः ॥१३२॥

સજ્જનગણુથી વખણાયેલ શાસ્ત્રાભ્યાસવાળા તે મુનિરાજે ભવ્ય જીવોને પ્રતિબોધ આપતા સતા મોરબીના શ્રાવકકુળ-ભૂષણ ગૃહસ્થોની સદ્ભાવનાથી વિક્રમ સંવત્ ૧૯૭૧ નું ચાતુર્માસ પણ ત્યાં કર્યું. ૧૩૨.

तत्राप्यसौ वीरजिनेन्द्रधर्मो–द्योतं चकारोत्तमबोधदानात् ।
सतां हि संयोगवशाद् भवन्ति, कुबोधभाजोऽपि सुबोधभाजः॥१३३

ત્યાં પણ પોતાની અવિરલ ઉપદેશશક્તિથી શ્રી વીરજિનેશ્વરભાષિત ધર્મનો ઉદ્યોત કર્યો, કારણ કે સત્પુરુષોના સંયોગથી મિથ્યાત્વી પણ સમકિતધારી બને છે. ૧૩૩.

ततो विहारक्रमतो गुणाढ्य–सुसाधुरेष प्रतिबोध्य जीवान् ।
प्रतापतः श्रीजिनधर्मजाता–द्ययौ पुरं रंगपुरेति संज्ञं ॥ १३४ ॥

ત્યારબાદ અનુક્રમે વિહાર કરતાં શ્રી જૈનધર્મના સુપાલનથી પ્રગટેલા પ્રભાવથી ગુણયુક્ત તે પવિત્ર સાધુ શ્રી વિનયવિજયજી મહારાજ માર્ગમાં ભવ્ય જીવોને પ્રતિબોધ-ઉપદેશ આપતા **રંગપુર** નામના ગામમાં પધાર્યા. ૧૩૪.

श्रीप्रेमचन्द्रस्य तनुजजूठा–संज्ञोऽस्य बोधान्नगरेऽत्र जज्ञे ।
जिनेन्द्रधर्मेऽभिरुचिर्ययासौ, संघं प्रणिन्ये गिरिराजतीर्थे ॥१३५॥

આ ગામમાં શ્રી વિનયવિજયજી મહારાજના ઉપદેશથી **પ્રેમચંદ** શાહના સુપુત્ર **જુઠાશાહ**ને શ્રી જિનધર્મમાં અનુરાગ ઉત્પન્ન થયો અને તેથી શ્રી જૈનધર્મ ઉપરના અતિશય પ્રેમને લઈને તેમણે પણ પવિત્ર ગિરિરાજ શ્રી સિદ્ધાચળજીનો છ–રી પાળતો સંઘ કાઢ્યો. ૧૩૫.

तदब्दसत्फाल्गुनमासशुक्ल–द्वितीयतिथ्यां विनयादिसाधुः ।
सङ्घेन सार्धं प्रविवेश तत्र, सिद्धाचलोपान्तभुवि प्रधर्मा ॥१३६॥

તે જ વર્ષના–સંવત ૧૯૭૨ ના ફાગણ શુદિ બીજને દિવસે ઉત્કૃષ્ટ રીતે ધર્મ પાળતા શ્રી વિનયવિજયજી આદિ મુનિ મહારાજાઓએ શ્રી સિદ્ધાચળજીની નજીક ભૂમિ પાલીતાણામાં સંઘ સાથે પ્રવેશ કર્યો. ૧૩૬.

सङ्घस्य तत्रागमनादनेक–सद्धर्मकार्याणि बभूवुराराात् ।
पवित्रसत्सिद्धगिरिप्रभावः, किं वर्ण्यते शास्त्रविदाप्यनन्तः ॥१३७

શ્રી સંઘના ત્યાં આવવાથી તત્કાળ અનેક સત્કાર્યો થયા. શાસ્ત્રના રહસ્યને જાણનારા કુશળ પુરુષોથી પણ શ્રી પવિત્ર સિદ્ધગિરિનો અનંત–અખૂટ પ્રભાવ શું વર્ણવી શકાય છે? અર્થાત્ અનંત સિદ્ધોના સ્થાનરૂપ તે પાપવિદારક પવિત્ર ગિરિરાજનો પ્રભાવ અને પ્રતાપ અવર્ણનીય જ છે. આ પવિત્ર શત્રુંજય તીર્થની કેટલીક યાત્રાઓ શાંતિથી કરી. તે પછી અનુક્રમે અહીંથી વિહાર કરી રાણપુર તરફ ગયા. ૧૩૭.

शरीरवार्द्धक्यवशान्मुनीश–स्तस्मात्प्रदेशात्तु शनैः शनैः सः ।
विहारतो राणपुरं पुरं तत् , प्राप्यावतस्थे चतुरोऽपि मासान् ॥१३८

વૃદ્ધાવસ્થાને કારણે તે તે ગ્રામ–નગરોમાં ધીમે ધીમે વિહાર કરતાં તે મુનીશ્વર અનુક્રમે **રાણપુર** નામના શહેરમાં પધાર્યા અને ત્યાં જ ચાતુર્માસ કર્યું. ૧૩૮.

अस्वास्थ्यतोऽयं निजविग्रहस्य, विहारशक्तिं प्रविचार्य मंदाम् ।
गुरोरनुज्ञां कमलाख्यसूरेः, प्राप्याथ तत्रैव सुखेन तस्थौ ॥१३९

પોતાના શરીરની અસ્વસ્થતાને અંગે વિહાર કરવાની શક્તિ ક્ષીણ થએલ સમજીને પોતાના ગુરુમહારાજ આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજીની આજ્ઞા મેળવીને તેઓ શાંતિપૂર્વક સં. ૧૯૭૨-૭૩-૭૪-ના ત્રણ ચાતુર્માસ ત્યાં રહ્યા. ૧૩૯.

एवं वसंस्तत्र पवित्रराण–पुरे पुरे धर्मवरं प्रबोधयन् ।
सद्भक्तिभावेन सुसङ्घमुख्यैः, सन्मान्तितोऽस्थात्कियतोऽपि मासान्

એ પ્રકારે પવિત્ર રાણુપુરમાં નિવાસ કરતા, અને ઉત્તમ ધર્મનો ઉપદેશ કરતા તેમજ સંઘના અગ્રેસરોથી ભક્તિભાવ-પૂર્વક સન્માન કરાયેલા તેઓએ કેટલાક મહિના ત્યાં સ્થિર-વાસ કરીને રહ્યા. ૧૪૦

एतन्मुनेरेव सदोपदेशा–द्धर्मप्रकाशोऽजनि तत्र नित्यम् ।
चरित्रचातुर्यवरो मुनीन्दु–श्चकार धर्माब्धिजलं विवृद्धम् ॥१४१॥

આ જ મુનિશ્રીના સતત ઉપદેશથી ત્યાં હંમેશા ધર્મનો સારો ઉદ્યોત થયો. શ્રેષ્ઠ ચારિત્ર પાલનમાં પ્રવીણ તે મુનિરૂપ ચંદ્રે ધર્મરૂપી સાગરમાં ભરતી આણી, એટલે કે ધર્મવિસ્તાર વધાર્યો. ૧૪૧

विनयविजयसत्साधुः, संप्रत्यपि धर्मतत्परः शान्तः ।
स्वपरहितेच्छायुक्तो–ज्ञानाभ्यासाय यत्नवानस्ति ॥ १४२ ॥

તે સમયે શ્રી વિનયવિજયજી મહારાજ ધર્માનુરાગી, શાંત, પોતાનું તેમજ પારકાનું કલ્યાણ કરવાની ચાહનાવાળા તથા જ્ઞાનવૃદ્ધિ માટે પ્રયત્નશીલ રહેતા હતા. ૧૪૨.

अखण्डितं स्वाध्ययनं प्रकुर्वन्, संसारवैराग्यकरान्पवित्रान् ।
जिनेन्द्रसिद्धान्तवरान् पपाठ,सत्प्रेमतोऽसौ विनयाख्यसाधुः॥१४३

બાદ સતત શાસ્ત્રાભ્યાસ કરતા તે મુનીશ્વર સંસાર પ્રત્યે ઉદાસીનભાવ ઉપજાવનાર પવિત્ર જૈન સિદ્ધાંતો સુંદર પ્રેમ-ભાવપૂર્વક શિખ્યા. ૧૪૩.

साहित्यसंदर्भवराञ्जिनेन्द्र–मार्गप्रसिद्धान्प्रविचारयन् सः ।
प्राचीनतत्तत्सुमहात्मवृत्तं, ज्ञात्वा चचारायमपि प्रयत्नात् ॥१४४

શ્રી જિનમતમાં પ્રસિદ્ધ–ખ્યાતિ પામેલા સાહિત્યના ઉત્તમ પ્રબંધો–ગ્રંથોને વિચારતાં તેઓશ્રી પણ પ્રાચીન પવિત્ર મહાત્મા પુરુષના જીવનચરિત્રને જાણીને યત્નપૂર્વક વિચરતા હતા. ૧૪૪.

द्रव्यानुयोगे चरितानुयोगे, तथा तृतीयेऽप्यनुयोगमार्गे ।
व्यवस्थितान् ग्रंथवरान् विचार्य,चारित्रभूषां विमलां चकार।१४५

દ્રવ્યાનુયોગ, ચરિતાનુયોગ તથા ત્રીજા કથાનુયોગ સંબંધી ચોક્કસ–પ્રમાણભૂત ગ્રંથોને વિચારીને–મનન કરીને તેઓશ્રીએ ચારિત્રને નિર્મળ બનાવ્યું. ૧૪૫.

सारस्वतं व्याकरणं पठित्वा, तत्पाणिनीयं विबुधैरुपास्यम् ।
गीर्वाणभाषास्वपि वर्यबोधा–दनेकसंदर्भवरान्पपाठ ॥ १४६ ॥

સારસ્વત વ્યાકરણ તથા પંડિત પુરુષોથી ઉપાસના કરવા લાયક પાણિની વ્યાકરણને ભણીને ગીર્વાણ ગિરા–સંસ્કૃત ભાષામાં શ્રેષ્ઠ બોધ થવાને કારણે તેઓશ્રીએ ઉચ્ચ કોટિના ગ્રંથોનું વાંચન કર્યું. ૧૪૬.

सूत्रप्रकरणमुख्यान्, ग्रंथानवलोक्य जैनसत्पथगान् ।
चरितानुयोगविषये, दत्तादर आस मुख्यभावेन ॥ १४७ ॥

જૈન સદ્ધર્મને બતાવનાર સૂત્ર, પ્રકરણ વિગેરે મુખ્ય મુખ્ય ગ્રંથોને જોઈને મુખ્યતાએ કરીને તેઓશ્રી ચરિતાનુયોગના વિષયમાં વિશેષ અભિરુચિવાળા થયા. ૧૪૭.

पंचशती ग्रंथानां, तद्विषया दृष्टिगोचरं याता ।
प्रत्येकजैनसाधू–द्भवगुणरत्नादरो बभूवासौ ॥ १४८ ॥

લગભગ પાંચસો જેટલા પુસ્તકોના તે તે વિષયોનું (ગવેષણાપૂર્વક) અવલોકન કર્યું. સમગ્ર જૈન સાધુમાં પ્રગટેલા ગુણરૂપી રત્નો પ્રત્યે તે પ્રેમવાળા હતા, એટલે કે કોઈ પણ સાધુમાં ગુણ જોતાં તો ભક્તિભાવથી તેમનું મસ્તક નમી પડતું. ૧૪૮.

अध्यात्मतत्त्वावृतचित्तवृत्तिः, सुसाधुरेवं जिनधर्मरागः ।
जैनागमाभ्यासवशादवाप, नयद्वयेऽपि प्रतिबोधभावम् ॥१४९॥

આધ્યાત્મિક તત્ત્વોમાં આસક્ત ચિત્તવાળા અને શ્રી જૈન ધર્મ પ્રત્યે રાગી તે મુનિશ્રીએ જૈન સિદ્ધાંતના અભ્યાસથી બંને નય–વ્યવહાર તથા નિશ્ચય–માં વિચક્ષણતા પ્રાપ્ત કરી. ૧૪૯.

चारित्रसञ्जीवनलाभमेवं, प्रबुध्य तत्त्वार्थनिविष्टबुद्धिः ।
दृष्टिं विहायैव परत्रभावे, दत्तावधानोऽभवदात्मतत्त्वे ॥ १५० ॥

નવતત્ત્વાદિ પદાર્થના જ્ઞાન વિષે વિચક્ષણ તેમણે ચારિત્રરૂપી પવિત્ર જીવનની પ્રાપ્તિને વિચારીને પૌદ્ગલિક ભાવ પર-

त्वेथी दृष्टिने खेंची लईने आत्मतत्त्वभाव–आत्मस्वरूपमां मन जोड्युं. १५०.

**जगद्विबुध्य क्षणमात्रदृष्ट–नष्टं तथा मानसमप्यथैवम् ।**
**कालत्रयालुप्तनिजात्मतत्त्वेऽ–नंतेन सौख्येन युतेऽत्रतस्थे ॥१५१**

जोतजोतामां नाश पामी जता एवा जगतना विचित्र भावो जाणीने तेमज मनने पण चंचळवृत्तिवाळुं समजीने अनंत सुखथी भरपूर एवा त्रिकालाबाधित आत्मतत्त्वमां तेओश्री रमण करता हता. १५१.

**संसारदुःखं गहनं प्रपश्यन्न–सावनादि प्रगतिः स्वजीवः ।**
**कथं न वैराग्यभवं सुसौख्यं, वाञ्छत्ययं नापि यतेत तत्र ॥१५२**

अनादि काळथी उत्तरोत्तर विकास साधतो मारो आत्मा संसारना गाढ–भयंकर दुःखोने जोतो थको वैराग्य भावथी नीपजता सारा सुखने केम इच्छतो नथी ? अने तेने विषे केम उद्यम करतो नथी ? १५२.

**स्थूलं शरीरं शरसंख्यभूत–भवं विकारैर्बहुभिर्युतं तत् ।**
**तदात्मभावेन सुखं समिच्छ–ञ्जीवः कथं संसृतिपारगामी ॥१५३॥**

पंचभूत–पृथ्वी, पाणी, अग्नि, पवन अने वनस्पतिमांथी नीपजेल स्थूल शरीर घणा रोगादि विकारोथी युक्त छे तेने ज आत्मस्वरूपे लेखीने सुखनो अभिलाषी प्राणी कई रीते संसार–समुद्रनो पार पामे ? अर्थात् आ विनाशी जड शरीरने आत्मवत् समजीने तेमां रच्योपच्यो रहेनार जीव भवाटवीमांथी बहार नीकळतो ज नथी. १५३.

शब्दादिसौख्यान्यपि दृष्टनष्टा–न्युपायखिन्नोऽपि समाजिघृक्षुः ।
मिथ्यावार्यं किं प्रकरोति चिंता–मणी सदृक्षं मनुजायुरेषः ॥१५४

ક્ષણભંગુર–ક્ષણવિનાશી શબ્દાદિ–શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ–સુખોને સમ્યક્ પ્રકારે ગ્રહણ કરવાને ઇચ્છતો અને પ્રયત્નો કર્યા છતાં ખેદયુક્ત બનેલો આ આત્મા ચિંતામણિ રત્ન સમાન આ મનુષ્યભવને શા માટે ફોગટ વેડફી નાખે છે ? ૧૫૪.

सांसारिकीवृत्तिरियं मरीचिका–तुल्येन्द्रजालेन समा तथापि ।
मोहाढ्यजीवः प्रविबुध्य सत्यां, कथं विरक्ति न करोति तस्याः१५५

મૃગજળ–ઝાંઝવાના જળ તથા ઇંદ્રજાળ જેવી આ સંસારની રહેણીકરણી હોવા છતાં પણ તેને સાચી માનીને મોહવશ પડેલો પ્રાણી તેનાથી–સંસારથી વૈરાગ્ય દશાને કેમ પામતો નથી ? ૧૫૫.

अज्ञानभावं प्रविनाश्य सम्यक्, सुज्ञानभावं हृदि संप्रधार्य ।
शिवेन भाव्या सततं शिवाप्त्यै, धर्मादिभावात्सुविरक्तिरेव ॥१५६

મિથ્યાત્વ રૂપ અજ્ઞાન દશાને દૂર કરીને અને અંતઃકરણમાં સમ્યગ્દૃષ્ટિ–સમકિતને ધારણ કરીને શિવસુખની પ્રાપ્તિ માટે હંમેશા ધર્મબુદ્ધિથી શાંતિપૂર્વક વૈરાગ્ય ભાવના જ ભાવવી જોઇએ. ૧૫૬.

मनोहयं दुर्विषयेषु लुब्धं, धावन्तमारात्सुनियंत्र्य भूयः ।
जिनेन्द्रमार्गे सुखदे सदैवा–स्थाप्यो हयो मानससंज्ञ एषः ॥१५७

કલુષિત ભાવો-આત્માને અહિતકર વિષયોમાં ગૃદ્ધ-આસક્ત અને અતિચપળ મનરૂપી ઘોડાને વિશેષ પ્રકારે કાબૂમાં લાવીને હંમેશા સુખદાયી શ્રી જૈન ધર્મમાં જ તેને સ્થિર કરવો. શ્રી કુંથુનાથજી મહારાજના સ્તવનમાં શ્રી આનંદઘનજીએ ગાયું છે કે-"**મન સાધ્યું તેણે સઘળું સાધ્યું**" મનને વશ કરવું તે ઘણું દુર્ઘટ કાર્ય ગણાય છે, તેને વશ કરવા માટે શ્રી વિનયવિજયજી મહારાજ જણાવે છે. ૧૫૭.

अनादिकालोद्भवमूढभावा-ज्जीवो जिनेन्द्रागमनष्टचक्षुः ।
अनन्तसौख्यात्मनिजात्मतत्त्व-पराङ्मुखो मज्जति दुःखवार्द्धौ ॥

અનાદિ કાળથી પ્રગટેલ મૂઢતા-મૂર્ખતાને લીધે જિનેંદ્ર-તીર્થંકર મહારાજના ઉપદિષ્ટ સિદ્ધાંતરૂપી નેત્ર વિહુણો, અનંત સુખના સ્થાનરૂપ પોતાના આત્મસ્વરૂપને નહિં જાણનાર આ જીવ દુઃખરૂપી ભવસાગરમાં ડૂબે છે. ૧૫૮.

शास्त्रीयसज्ज्ञानफलं तु शास्त्रे, मनोगतेरात्मविभिन्नमार्गे ।
निरोध एवोक्त इति विबुध्य, तत्त्वात्मनि प्रेमपरेण भाव्यम् ॥१५९

સિદ્ધાંતમાં, પૌદ્ગલિક ભાવોને વિષે રમણ કરતી મનની ગતિનું નિયંત્રણ કરવું તે જ શાસ્ત્રાભ્યાસરૂપી પવિત્ર જ્ઞાનનું ફળ છે એમ જાણીને આત્મતત્ત્વમાં-આત્મસ્વરૂપમાં અત્યંત આદરવાળા થવું જોઇએ. ૧૫૯.

मनोऽस्थिरं यावदसौ स्वकीयं, तावन्न जीवः सुखभाग्भवेद् वै ।
स्थिरे मनस्यात्मनि सौख्यवार्द्धि, सदैव निरयो भवतीति सिद्धम् ।१६०

જ્યાં સુધી આ મન અસ્થિર-ચંચળ હોય છે ત્યાં સુધી આ આત્મા જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપી રત્નત્રયીનો ભાગી બની શકતો નથી. જ્યારે આત્મ-પરિણતીમાં-સ્વરૂપમાં મન નિયંત્રિત થાય છે ત્યારે હરહંમેશને માટે સુખસાગર ચિરસ્થાયી બને છે. ૧૬૦.

तपःसुविद्यादिगुणाः समस्ताः, नैष्फल्यभाजो मनसश्चलत्वे ।
सर्वैरपि स्वस्वपुराण उक्तं, परो हि योगो मनसः समाधिः॥१६१॥

મનના ચલિતપણામાં એટલે કે મન અસ્થિર હોય છે ત્યારે બાહ્ય-અભ્યંતર આદિ તપ, ઉત્તમ વિદ્યા વગેરે ગુણો નિષ્ફળ-નકામા બને છે. બધા પંડિત પુરુષોએ પોતપોતાના પુરાણ-પ્રાચીન ગ્રંથોમાં કહ્યું છે કે-મનની શાંતિ એ જ ઉત્કૃષ્ટ યોગ છે. એવી ઉક્તિ છે કે-मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः १६१.

इत्यादिवैराग्यविचारदक्षः, सुसाधुवर्यो नितरां प्रसन्नः ।
तपःसमाधेः फलभाग् बभूव, धर्मार्द्रभावो हि भवेत्सुभव्यः।१६२

એ પ્રમાણે ઉપર્યુક્ત વૈરાગ્ય-વિચારધારામાં ચતુર, હંમેશાં પ્રસન્ન-આનંદી તે શ્રેષ્ઠ મુનિશ્રી તપરૂપી સમાધિ-સુખના ભોક્તા બન્યા, કારણ કે ધર્માનુરાગ કલ્યાણકારી હોય છે. ૧૬૨.

अध्यात्मभावाय निजात्मबोधो-द्भवाय दीक्षा विहिता जिनेन्द्रैः।
अतोऽत्र संसारपथे विराग-शाली सुसाधुर्विनयाख्य आसीत्।१६३

આત્મજાગૃતિને માટે તથા આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ કરવા ખાતર શ્રી તીર્થંકર પરમાત્માઓવડે પંચમહાવ્રતધારી-

પણું ઉપદેશાયું છે, આથી શ્રી વિનયવિજયજી મહારાજ આ આધિ–વ્યાધિ–ઉપાધિમય સાંસારિક જીવનને દૂર કરવા વૈરાગ્યવાસિત બન્યા હતા. ૧૬૩.

दीक्षां प्रगृह्यापि सदा प्रमत्त–भावात् सुचारित्रपरो न चेत्स्यात् ।
मानादिलाभे प्रविलुब्धभाव–श्चैन्नैव शैवं पदमश्नुवीत ॥१६४॥

દીક્ષાને સ્વીકારીને પણ હરહંમેશ પ્રમાદવશથી સુંદર ચારિત્ર ધર્મને પાળવામાં તત્પર ન બને તથા માન–સત્કારાદિ મેળવવામાં આસક્તિ ધરાવે તો તે મોક્ષમાર્ગનો અધિકારી ન જ બની શકે. ૧૬૪.

विचारयामास ततोऽप्ययं य–च्छ्रीवीरजैनेन्द्रसुधर्म एषः ।
समुन्नतिं वै कथमत्र काले, कलौ समेयात्सुखदो हि नित्यम् ॥१६५॥

ત્યારબાદ તેમણે વિચાર્યું કે હંમેશા ઐહલૌકિક અને પારલૌકિક સુખ આપનાર શ્રી વીરજિનભાષિત આ શ્રેષ્ઠ ધર્મ–જૈન ધર્મ કલિકાળને વિષે કઈ રીતે જાહોજલાલીને પામે? અર્થાત્ જૈન ધર્મની પ્રભાવના–ઉન્નતિ માટે તેમણે વિચારણા કરી. ૧૬૫.

विचारवार्द्धेरमृतेन तुल्यो–द्बभूव बुद्धिर्विनयाख्यसाधोः ।
सच्छास्त्रतत्त्वप्रदिपादकाश्चे–ल्लेखाः क्रियेरञ्जनताप्रसिद्धाः॥१६६

શ્રી વિનયવિજયજી મહારાજના વિચારરૂપી સમુદ્રમાંથી સુધા–અમૃત તુલ્ય સદ્બુદ્ધિ પ્રગટી કે જો પવિત્ર ધર્મશાસ્ત્રના રહસ્યોને પ્રતિપાદન કરનારા એવા લેખો–ગ્રંથો પ્રગટ કરવામાં આવે તો અનેક જીવો તેનો લાભ લે અને તે ચારે દિશાએ લોકસમૂહમાં પ્રસિદ્ધિને પામે. ૧૬૬.

तदोपकारो भविता जनानां, तद्वाचनादर्थगतेश्च सम्यक् ।
निदर्शनैर्दिग्गुणितैर्दुरापो, मनुष्यभावः सफलो भवेद् वै ॥१६७॥

પવિત્ર સિદ્ધાંતોના વાચનથી અને તેના રહસ્યપૂર્ણ અર્થને સમજવાથી લોકો પર સાચો ઉપકાર થઈ શકે અને ત્યારે જ દશ દૃષ્ટાંતોથી દુર્લભ એવો મનુષ્ય જન્મ સફળ બને. ૧૬૭.

एवं विचार्य प्रवरो यतीनां, लेखाञ्जिनेन्द्रागमसत्प्रमाणान् ।
प्रकाशयामास यथास्वशक्ति, स्वबोधसन्तोषकृते जनानाम् ॥१६८

ઉપર્યુક્ત બીના વિચારીને સાધુશિરોમણી એવા શ્રી વિનયવિજયજી મહારાજે પોતાને પ્રાપ્ત થએલ બોધના અનુસારે ભાવના-ભૂષણ, અધ્યાત્મિક વચનામૃતો, અષ્ટાહ્નિક વ્યાખ્યાન, સૂક્ત-રત્નાવળી, મહાવીર ચરિત્ર વિગેરે ઘણા ગ્રંથો મનુષ્યોના આનંદ ખાતર–કલ્યાણ ખાતર છપાવી પ્રસિદ્ધ કર્યા. ૧૬૮.

विनयविजयमुनिचन्द्रोद्–भवां सुधातुल्यसत्फलां सुविदम् ।
जिनेन्द्रधर्मानुगतां, भावयमानो लभेत सम्यक्त्वम् ॥ १६९ ॥

શ્રી વિનયવિજયજી મુનિચંદ્રદ્વારા પ્રગટેલા, અમૃત તુલ્ય સુંદર ફળવાળા, જૈન ધર્માનુસાર સુંદર ઉપદેશવાળા ગ્રંથોને સારી રીતે વિચારનારા પ્રાણીઓ બોધિબીજ–સમકિતને પ્રાપ્ત કરી શકે છે. એટલે કે શ્રી વિનયવિજયજી મહારાજના બતાવેલા ગ્રંથોના રહસ્યને શુદ્ધ અંતઃકરણથી વિચારીને ગ્રાહ્ય કરવામાં આવે તો જીવો સમ્યક્ત્વને જરૂર મેળવે. ૧૬૯.

पूर्वापरवयसोः सच्चरितं, सद्धर्मपालनप्रवणम् ।
परिभाव्यं ग्राह्यं च, स्वशक्तितुल्यं मनीषिभिर्भव्यम् ॥ १७० ॥

આ શ્રી વિનયવિજયજી મહારાજનું ગૃહસ્થ તેમજ સાધુ જીવનના પવિત્ર ધર્મનું પાલન કરવામાં શ્રેષ્ઠ એવું મનોહર સદ્‌વર્તન–સુચારિત્ર પંડિત પુરુષોએ પોતપોતાની શક્તિ અનુસાર વિચારવા લાયક તેમજ ગ્રહણ કરવા લાયક છે. ૧૭૦.

મુનિશ્રીનું ચરિત્ર શા માટે રચવામાં આવ્યું તેનો હેતુ જણાવે છેઃ—

विनयादिविजयसाधो–रागमपाठादिबोधवाचनतः ।
जिनदीक्षादिप्रगुणा–चरितात्तज्जीवनं लिखितम् ॥ १७१ ॥

શ્રી વિનયવિજયજી મહારાજના જૈન સિદ્ધાંતના વિશાળ અભ્યાસાદિ સુંદર બોધ અને ઉત્તમ વાચનથી તેમજ ભાગવતી દીક્ષાના ઉત્તમ પ્રકારના સેવનથી તેમનું આ જીવનચરિત્ર બીજા જીવો શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરે તો ઘણો લાભ મેળવશે એ હેતુથી ગૂંથવામાં–રચવામાં આવ્યું છે. ( सम्यग् ज्ञानक्रियाभ्याम् मोक्षमार्गः । આ ઉક્તિ અહીં બરાબર લાગુ પડી શકે છે. શાસ્ત્રાભ્યાસથી જ્ઞાન અને ભાગવતી દીક્ષાના પરિશીલનથી ક્રિયા–એ બંને વસ્તુનો અહીં નિર્દેશ કરવામાં આવ્યો છે.) ૧૭૧.

अनित्यभावप्रभृतिप्रभावना–शीलस्य धर्मे विनयाख्यसाधोः ।
चरित्रमेतच्छुभभावनार्थं, हृत्पंकजे स्थाप्यमहो सुधीभिः ॥१७२॥

સાધુ ધર્મને પુષ્ટિ કરનાર અનિત્યાદિ બાર ભાવનાના પ્રચારાર્થે કટિબદ્ધ શ્રી વિનયવિજયજી મહારાજનું આ જીવનચરિત્ર શુભ ભાવના–વિચરણાને માટે પંડિત

પુરુષોએ વાસ્તવિક રીતે ખરેખર પોતાના અંતઃકરણમાં સ્થાપવું જોઇએ. ૧૭૨.

सुवर्णकान्ताकमनीय तत्तत्–पदार्थसंगात्सुविरक्तबुद्धेः ।
साधोः किमन्यदुपदीक्रियेत, संदर्भरूपादनगारिवृत्तात् ॥१७३॥

ત્યાગપરાયણ આચરણવાળા આ મુનિરાજશ્રીના સુંદર અક્ષરોથી સુશોભિત અને મનોહર પદાર્થોથી યુક્ત સાધુચરિત્ર-રૂપી ઉત્તમ પ્રબંધ–ગ્રંથ સિવાય બીજું શું ભેટ ધરાય? એટલે કે આવા શુદ્ધ ચરિત્રમય મુનિશ્રીના જીવનવૃતાંત સિવાય બીજી કઇ વસ્તુ ભવ્ય જીવોને ઉપકારક નીવડી શકે? ૧૭૩.

जैनानगारिसुविरक्तिमयं चरित्रं, सल्लेखरूपत इदं प्रकटीकृतं यत् ।
तद् भव्यवर्गहृदये सुविचार्यमाणं,सद्धर्मबीजमनघं कुरुतात् फलाढ्यम्

સુંદર લખાણરૂપે પ્રસિદ્ધ કરાયેલું જૈન સાધુ યોગ્ય ઉત્કૃષ્ટ વૈરાગ્યભાવથી ભરપૂર આ ચરિત્ર ભવ્ય જીવોના અંતઃકરણમાં વિચારાતું થકું અતિચાર રહિત–નિર્દોષ ધર્મરૂપી બીજને વિકસિત કરો. ૧૭૪.

विनयविजयसत्साधुः, शान्तो दान्तः सदागमाध्यायी ।
आत्मविचारप्रवणो, ह्यास्ते निर्वात दीप इव सुस्थः ॥ १७५ ॥

પવન રહિત પ્રદેશમાં દીપકની માફક આ શાંત, દાંત, સત્સિદ્ધાંતોના અભ્યાસી, અધ્યાતમ તત્ત્વમાં–આત્મસ્વરૂપ વિચારણામાં લીન શ્રી વિનયવિજયજી મહારાજ ખરેખર (જૈન શાસનમાં) પ્રકાશી રહેલ છે. ૧૭૫.

वार्द्धक्याच्छारीराशक्ते–रसमर्थ एष मुनिवर्यः ।
मुनिकर्तव्यविहारे, सौराष्ट्रेषु स्थितः स्वधर्मपरः ॥१७६॥

સાધ્વાચાર તરીકે અવશ્ય કરવા લાયક ગ્રામાનુગ્રામ વિહારમાં વૃદ્ધાવસ્થાથી તેમજ શારીરિક અશક્તિના કારણે અસમર્થ ( વિહાર નહિં કરી શકતા ) ચારિત્રધર્મમાં તત્પર આ શ્રી વિનયવિજયજી મહારાજે સૌરાષ્ટ્ર દેશમાં સ્થિરતા કરી. ૧૭૬.

व्याख्यानदानसद्व्रत–वैराग्योद्भावकरणाद्यैः ।
यत्नैरनेकजनता–परोपकारार्थमुद्यतो ह्यास्ते ॥ १७७ ॥

પુષ્કળ જનસમૂહ ઉપર ઉપકાર કરવા માટે તેઓશ્રી વ્યાખ્યાન–વાંચનદ્વારા પવિત્ર વ્રતો અને વૈરાગ્યને ઉપજાવનારા પ્રયત્નોવડે હંમેશાં કટિબદ્ધ રહેતા હતા. ૧૭૭.

मानाडम्बरलाभकीर्तिजनताप्रख्यातिलिप्सादिकात् ।
स्वात्मानं प्रवियोजयन् मुनिरसावध्यात्मभावं श्रयन् ॥
शान्तावेव सुखं विरक्तिपरमानंदं विभाव्यादरात् ।
पद्यं स्वं हृदयं पुनः पुनरपीदं पाठयामास सः ॥ १७८ ॥

અભિમાનજન્ય આડંબર વૃત્તિની પ્રાપ્તિ, યશ અને જનપ્રસિદ્ધિ આદિ આકાંક્ષાઓથી પોતાની જાતને અળગી રાખતાં એવા આ મુનીશ્વર આત્મિક ભાવોને જ અવલંબતા થકા સમતા રસમાં વૈરાગ્યરૂપી ઉત્કૃષ્ટ સુખ છે એમ સમજીને પોતાના હૃદયકમળમાં નીચેના શ્લોકોનો નિરંતર વિચાર કરતા હતા. ૧૭૮.

यतः शुचीन्यप्यशुचीभवन्ति, कृम्याकुलात्काकवृकादिभक्ष्यात् ।
द्राग्भाविनो भस्मतया ततोऽस्मात्,मांसादिपिण्डात्स्वहितं गृहाण ॥

કૃમિ–શુદ્ર જંતુથી વ્યાપ્ત, કાગડાઓ અને વરૂ આદિ શિકારી પશુ–પક્ષીઓથી ભક્ષણ કરવા લાયક, તાત્કાલિક ભસ્મ રૂપે પરિણમનાર અને જેના સંયોગથી પુનિત વસ્તુઓ પણ અપવિત્ર બને છે તેવા આ માંસાદિ સપ્ત ધાતુમય શરીરથી હે ચેતન ! તું તારું આત્મકલ્યાણ સાધી લે. ૧૭૯.

संध्याभ्रवर्णैस्तुलनामुपेतात्, क्षणप्रभाभासतां गताच्च ।
करीन्द्रकर्णाचलचञ्चलाद्वै, मनुष्यकायात्स्वहितं गृहाण ॥ १८० ॥

વળી—

સાયંકાળના રંગબેરંગી વાદળા સરખા, વીજળીના ચમકારા જેવા અને ગજેન્દ્રના કાનના પ્રાંતભાગના જેવા ચપળ આ મનુષ્ય દેહથી હે ચેતન ! તું આત્મકલ્યાણ સાધી લે. ૧૮૦.

रे जीव ! बुध्यस्व बहुनि जन्मा–न्यासादितान्यप्यशुचित्वभावात् ।
तुल्यान्यपि प्रागभवपुण्यजाल–प्रभावतो यन्मनुजस्य जन्म॥१८१

અપવિત્ર ભાવનાથી–અશુભ પુદ્ગળોના સમૂહથી ( મનુષ્ય ગતિ સિવાય ) સમાન જાતિમાં તું અનેક વાર જન્મ્યો છે, પરંતુ પૂર્વના અનંત પુણ્યરાશિના પ્રભાવથી આ દુર્લભ માનવદેહ પ્રાપ્ત થયો છે એમ હે જીવ ! તું સમજ. ૧૮૧.

सम्यक् समाश्रय जिनेन्द्रपदप्लवन्तं,
पारं गमिष्यसि यतो भवसागरस्य ।

पुत्राः कलत्रसुहृदो न हि ते सहायाः,
सर्वं विलोकय सखे ! मृगतृष्णिकाभम् ॥ १८२ ॥

શ્રી જિનેશ્વર પ્રભુના ચરણુકમળરૂપ નૌકાનો સારી રીતે આશરો લે જેથી ભવરૂપી સમુદ્રનો પાર પામી શકીશ. હે મિત્ર–આત્મન્ ! પુત્રો, સ્ત્રી, ભાઈબંધો વિગેરે તને મદદકર્તા નથી, તે સર્વને તું ઝાંઝવાના જળ સમાન જાણુ. એટલે કે ઝાંઝવાના જળમાંથી જેમ પાણીની પ્રાપ્તિ થતી નથી તેમ આ સંસારી સંબંધીઓથી સાચા–આત્મિક સુખની પ્રાપ્તિ થતી નથી. ૧૮૨.

सांसारिकं सुखमिदं मधुलिप्तखड्ग-
धारावलेहसदृशं परिणामदुष्टम् ।
तत्सत्परात्ममननं कुरु जीव ! सद्य-
स्त्यक्त्वा प्रमोहजनितां विषयाभिलाषाम् ॥१८३ ॥

હે જીવ ! મધથી લેપાયેલ તલવારની ધારને ચાટવા સરખું અને પરિણામે દુઃખદાયી એવું આ સાંસારિક સુખ છે તેથી મોહવશ થવાને અંગે પ્રગટેલ પાંચે ઈંદ્રિયોના ત્રેવીશ વિષયોની ઇચ્છાને ત્યજી દઈને "तत्सत्" પરમાત્મા છે તે જ સત્ય છે એમ તું પવિત્ર પરમાત્માનું ચિંતવન કર. ૧૮૩.

देहाभिमानममताविषवेगवीर्य–विप्लुष्टशुद्धसुखमापतितं भवाब्धौ
आत्मानमुद्धरति यो गुरुशास्त्रवाक्य–पीयूषपाननिरतः स भवे-
त्सुभव्यः ॥ १८४ ॥

સદ્ગુરુ અને સિદ્ધાંતના વચનામૃતનો પિપાસુ જે પ્રાણી, શારીરિક અભિમાન તેમજ મમતારૂપી ઝેરના અતિશયપણાવાળા વીર્યથી નાશ પામેલ આંતરિક શુદ્ધ સુખવાળા સંસારરૂપી સમુદ્રમાં ખુંચી ગએલ આ આત્માનો ઉદ્ધાર કરે છે તે જ ખરેખર ભવ્ય–સુલભબોધી–મોક્ષાર્થી જીવ છે. ૧૮૪.

शब्दादिसौख्यनिवहेष्वपि मोहकेषु,
यद्रासनं सुखमतीव तदार्त्तिकारि ।
देवाद्रितुल्यमपि भुक्तमनेकशो यद–
न्नादि तोषमुपयाति न चित्रमेतत् ॥ १८५ ॥

મોહજનક શબ્દાદિ–શબ્દ, રૂપ, રસ, ગંધ અને સ્પર્શ, સુખના સમૂહમાં જે અત્યંત રચ્યાપચ્યા રહેવું તે પીડાકારક છે. અનેક વાર મેરુપવત જેટલી અન્નાદિ સામગ્રીનો ઉપભોગ કરવા છતાં આ આત્મા તૃપ્તિ–સંતોષ પામતો નથી એ ખરેખર આશ્ચર્ય પામવા જેવું છે. ૧૮૫.

संतोषपीयूषरसं जुषस्व, न सौख्यमस्तीह विहाय तं यत् ।
आत्मन्! यदा प्राप्यसि तं तदैव, संलप्स्यसे सौख्यसुधासमुद्रम्॥

હે આત્મન્ ! તું સંતોષરૂપી અમૃતરસનું સેવન કર, કારણ કે આ જગતમાં તેનો ત્યાગ કરવાથી અન્ય કંઇ સુખ નથી. જ્યારે તું તેને મેળવશે ત્યારે જ સુખરૂપી અમૃતસાગરને તું મેળવશે. ૧૮૬.

अनेकसंकल्पविकल्पजाल–पाशावृतो जीव इहास्ति मूर्खः ।
कथं विमुक्तेः पदमश्नुवीत–बद्धः शकुंतो हि यथा तथार्त्तः।१८७

આ વિશ્વમાં અનેક પ્રકારના તર્ક-વિતર્કના સમૂહરૂપી ફાંસાથી વીંટળાએલો આ આત્મા મૂઢ છે, કારણ કે બંધાયેલું પક્ષી જેમ છૂટકારાને મેળવી શકતું નથી તેમ આ પીડાયેલો પ્રાણી મુક્તિના પદને કેવી રીતે મેળવી શકે ? ૧૮૭.

अनादिकालीनमहार्त्तिदायि-क्रोधादिशत्रूद्भवदुःखजालं ।
अनेकशो जन्मजरादिचक्रे, संभ्रामयत्येव जनं जडं तं ॥१८८॥

અનાદિ કાળથી મહાપીડા કરનાર ક્રોધાદિ-ક્રોધ, માન, માયા અને લોભ આંતરશત્રુઓથી પ્રગટેલ દુઃખરાશિ, જન્મ, વૃદ્ધાવસ્થા-ઘડપણ તેમજ મૃત્યુરૂપી ચક્રાવામાં આ મૂર્ખ પ્રાણીને અનેક વાર ભમાડે જ છે-વમળમાં નાખે છે. ૧૮૮.

यथा नदीनां बहवोऽम्बुवेगाः, समुद्रमेवाभिविशन्ति तद्वद् ।
मनोऽभिलाषाः शतशो विशन्ति, क्रोधादयश्चापि कषायसंघोः।१८९

જેમ નદીઓના પુષ્કળ જળપ્રવાહો સાગરને જઇ મળે છે તેમ ક્રોધાદિ કષાયો પણ સેંકડો મનોરથ-વિચારતરંગને આવી મળે છે. ૧૮૯.

मुनिं सुशान्तं यदुपैति सौख्यं, निरामयं नित्यमनन्यसिद्धम् ।
कषायपंके पतितस्य जंतो-स्तन्नैव सौख्यं भवति प्रमादात्॥१९०॥

આધિ-વ્યાધિ-ઉપાધિ રહિત, ચિરસ્થાયી, અન્યને અપ્રાપ્ય એવું જે સુખ ઉપશમરસનિમગ્ન મુનીશ્વરને પ્રાપ્ત થાય છે તે કષાયરૂપી કાદવમાં ખૂંતી ગયેલા પ્રાણીને પ્રમાદસેવનથી કદી પણ પ્રાપ્ત થતું નથી. ૧૯૦.

माहात्म्यमेतन्निजपूर्वपापा–चारस्य विज्ञाय विचारयुक्तः ।
रे जीव ! सम्यग् जिनधर्ममारात्, समाश्रय त्वं निजसौख्यहेतोः॥

હે પ્રાણી ! પોતાના પૂર્વભવની પાપવૃત્તિનું જ આ ફળ છે એમ સમજીને વિચારવાન એવો તું આત્મિક સુખને અર્થે જલ્દીથી શ્રી જિનેંદ્રભાષિત ધર્મનો આશરો લે. (એટલે હજુ પણ જો આગામી ભવ બગાડવો ન હોય તો જેમ ધર્મમાં કહેલ વ્રત–તપ–જપ–ધ્યાન–નિયમોનું તું સારી રીતે પાલન કર.) ૧૯૧.

संसारसौख्यं विषवद्विदित्वा, परात्मसौख्यामृतमाश्रय त्वं ।
यतस्व सज्जैनवरोपदिष्टे–ष्वाचारवर्येषु मनो नियोक्तुम् ॥१९२॥

સાંસારિક સુખને ઝેર સમાન જાણીને ઉત્કૃષ્ટ આધ્યાત્મિક-આત્મિક સુખામૃતનો તું સ્વાદ લે, અને ઉત્તમ જિનેશ્વરદેવોએ ઉપદેશેલ શ્રેષ્ઠ આચારવિચારમાં મનને જોડવાનો તું યત્ન કર. ૧૯૨.

इदं शरीरं क्षणनाश्यनित्यं, गतित्रयाद्यास्यति तामवस्थाम् ।
विड्भस्मं जीवोद्भवसंज्ञकाद्य–त्तस्मात्प्रमोहं न कुरु त्वमस्मिन् ॥

જોતજોતામાં નાશ પામનાર, અનિત્ય, વીષ્ટાની રાખ સમાન અથવા દુર્ગંધમય એવા આ શરીર ઉપર રે જીવ ! તું મોહ ન કર. તેમજ દેવ, નરક તથા તિર્યંચ ગતિરૂપ ત્રણ ગતિમાં આ જીવ વારંવાર ઉત્પન્ન થયા કરે છે. આ ગતિમાં મોક્ષ છે જ નહિ; પણ મનુષ્યગતિમાં મોક્ષ છે. અને તે ગતિ-મનુષ્યભવ તું પામ્યો છો માટે હવે તેનું સાર્થક કર. ૧૯૩.

मोहाख्यशत्रुस्तु महाबलिष्ठो, जगज्जनान् स्वे वदने निवेश्य ।
संचूर्णयन् भक्षयते प्रकामं, तस्मात्तमुज्जासय धर्मवर्मा ॥१९४॥

તદુપરાંત **મોહ** નામનો મહાબળવાન શત્રુ વિશ્વના પ્રાણી-ગણને પોતાના મુખમાં પકડીને અધિક ચૂરેચૂરા કરી નાખતો ખાઇ જાય છે તેથી ધર્મરૂપી બખ્તરવાળો તું તેને હાંકી કાઢ. ૧૯૪.

पूर्वेऽपि ये जैनवरा बभूवु–स्तथा मुनीनां प्रवराश्च सन्तः ।
ते यत्नमाराध्य जिनेन्द्रधर्मं, मोक्षाख्यमापुः पदमव्ययं तत् ॥१९५

પૂર્વે પણ જે ગણધરાદિ મહારાજાઓ, શ્રેષ્ઠ મુનિઓ તથા સત્પુરુષો થઇ ગયા તેઓએ પણ યત્નપૂર્વક શ્રી જૈન-ધર્મને આરાધીને અક્ષય–એવું મોક્ષસ્થાન પ્રાપ્ત કર્યું હતું. ૧૯૫.

अतः प्रमादं सहसा विमुच्य, प्रयत्नतः सज्जिनधर्ममार्गे ।
पांथत्वमासाद्य समाप्नुहि त्वं, जीवामरं मोक्षपदं सुनित्यम् ॥१९६

આથી પ્રમાદનો સત્વર ત્યાગ કરીને, શ્રી જૈનધર્મરૂપી માર્ગનો મુસાફર બનીને હે જીવ ! તું શાશ્વત–મૃત્યુ રહિત–મોક્ષસ્થાનને પ્રાપ્ત કર. ૧૯૬.

तपश्चर्यं ब्रह्मरतिं निवृत्ति–मनित्यशारीरसुखादिजालात् ।
संप्राप्य नित्यं निजसौख्यतत्त्वं, लभस्व जीव! प्रमदाढ्यपूर्णम् ॥१९७

હે આત્મન્ ! નશ્વર શારીરિક સુખના સમૂહદ્વારા તપના બાહ્ય–આભ્યંતરાદિક બાર પ્રકારના તપનો સમૂહ,

બ્રહ્મચર્યમાં પ્રીતિ તેમજ વિરક્તિ–વૈરાગ્ય પ્રાપ્ત કરીને તું શાશ્વત સચ્ચિદાનંદમય આત્મિક તત્ત્વને પ્રાપ્ત કર. ૧૯૭

ज्ञानक्रियाभ्यां पदमाप्नुवन्ति, मोक्षाख्यमानंदनिधिस्वरूपम् ।
समुच्चयोऽभीष्ट इति प्रबुध्य, भजस्व जीव ! प्रतिबोधभावम् ॥१९८

પ્રાણીઓ જ્ઞાન અને ક્રિયાના સંયોગથી આનંદના સાગર તુલ્ય મોક્ષપદ મેળવે છે. આ બેનું એકીકરણ ઇચ્છિત ફળને આપે છે એમ જાણીને હે જીવ ! તું જ્ઞાનદશાનું સેવન કર. ૧૯૮.

नमोऽस्तु पूर्वर्षिगणेभ्य आदौ, यैर्दर्शितः शास्त्रनिधिः प्रकृष्टः ।
ततः परं पालित आदराद्यै–र्नमोऽस्तु तेभ्यो मुनिसङ्घकेभ्यः ॥

જે મહાનુભાવોએ શાસ્ત્રરૂપી ઉત્તમ ભંડાર બનાવ્યો છે તે ગણધરમહારાજાઓને પ્રારંભમાં નમસ્કાર થાઓ. ત્યારબાદ તે શાસ્ત્રોપદેશ જેનાથી આદરપૂર્વક પળાયા છે તેવા મુનિ-સમૂહને પ્રણામ થાઓ. ૧૯૯.

श्रीविक्रमार्कनृपतेर्नगसागरांक–चन्द्रैर्मितेऽब्द इदमारचितं चरित्रं ।
सन्माघमासधवले गुणगौरवस्य, साधोः पवित्रजिनदर्शनरक्तबुद्धेः॥

વિક્રમ સંવત્ ૧૯૭૭ ના પવિત્ર માહ માસના શુક્લ પક્ષમાં પવિત્ર જૈન દર્શનમાં આસક્ત બુદ્ધિવાળા ગુણના ભંડાર એવા મુનિરાજશ્રી વિનયવિજયજી મહારાજનું આ ચરિત્ર રચવામાં આવ્યું છે. ૨૦૦

श्रीमन्नवीननगरे कृतधर्मबोध–स्यास्योत्तमैर्गुणगणैरतितुष्टबुद्धिः ।
श्रीवीरशासनपरायणचित्तवृत्तिः, कश्चिच्चकार चरितं ग्रथितं सुपद्यैः ॥ २०१ ॥

સુંદર નવાનગર—જામનગર શહેરમાં ધર્મોપદેશ આપનાર આ મુનિશ્રી વિનયવિજયજી મહારાજના ઉત્તમ ગુણ સમૂહથી અતિ પ્રસન્ન ચિત્તવાળા, શ્રી વીર શાસન—જૈનધર્મમાં અસાધારણ પ્રેમવાળા કોઈ એકે (કર્તાએ પોતાનું નામ સૂચવ્યું નથી) સુંદર શ્લોકોથી ગૂંથેલું આ ચરિત્ર બનાવ્યું. ૨૦૧.

विनयविजयसत्साधो—श्चरितं परमं पवित्रमेतद्यः ।
वाचयति धर्मयुक्तः स, भवेत्कल्याणसन्ततिः सततम् ॥ २०२॥

જે કોઈ ધર્માત્મા પવિત્ર એવું આ શ્રી વિનયવિજયજી મહારાજનું ચરિત્ર વાંચશે તે હંમેશા કલ્યાણની પરંપરાવાળો બનશે—અનેક કલ્યાણોને પ્રાપ્ત કરશે. ૨૦૨.

ૐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ

॥ इति श्रीविनयविजयाभ्युदयकाव्यं सम्पूर्णम् ॥

# પૂરવણી

આ જીવનચરિત્રના છેલ્લા શ્લોકો ઉપરથી જણાય છે કે પૂજ્ય મુનિરાજશ્રી **વિનયવિજયજી** મહારાજના જીવનને લગતી અંતિમ હકીકતનો સંપૂર્ણ સમાવેશ આમાં કરી શકાયો નથી. રચનાકારે કારણવશાત્ પોતાનું નામ જણાવ્યું નથી પરંતુ તપાસ કરતાં જણાયું છે કે જામનગરના જ નિવાસી બાહોશ પંડિત **પોપટલાલભાઇએ** મુનિરાજના ઉત્તમ ગુણોથી આકર્ષાઈને આ કાવ્યની રચના કરી છે. આ કાવ્ય મહારાજશ્રીની હયાતિમાં તૈયાર કરેલ હોવાથી પાછળની જિંદગીનો ભાગ દાખલ થવા પામ્યો નથી અને પછી પંડિતજીનું અવસાન થવાથી બાકીનો ભાગ રહી ગયો છે.

ત્રુટક હકીકત આપવાથી ખાસ હેતુ સરી શકે નહિ તેથી તેઓશ્રીના પરમ ભક્ત શિષ્ય મુનિશ્રી **મિત્રવિજયજી** દ્વારા કેટલીક હકીકત સંપાદન કરીને અત્રે આપવામાં આવી છે.

સદ્‌ગતશ્રી શુદ્ધ ચારિત્રપાલનમાં ઉદ્યમી હતા એટલું જ નહિ પરંતુ સાહિત્યસેવક પણ હતા. પોતાની વિદ્વત્તાનો લાભ જનતા ઉઠાવે એ ઉદ્દેશથી તેમણે **ભાવનાભૂષણ, ઉવસ-**

ઉવસગ્ગહરં વિગેરે સ્તોત્રો તથા અઠ્ઠાઈ વ્યાખ્યાન વિગેરે પુસ્તકાદિ છપાવી ભવ્ય જીવોને ભેટ આપ્યા હતા.

તેઓશ્રીને અધ્યાત્મનો પૂરો શોખ હતો. ન્યાય, વ્યાકરણ આદિમાં વિશેષ રસ લેતા ન હતા પરંતુ તેમણે પોતાનું જીવન આત્મતત્ત્વ સાથે સંલગ્ન કર્યું હતું.

> અનુભવીને એકલા આનંદમાં રહેવું રે,
> ભજવા પરબ્રહ્મને બીજું કાંઈ ન કરવું રે;
> એક જાણીને આત્મા કોઇને દુઃખ ન દેવું રે,
> દુઃખ સુખ જે પડે તે સહીને રહેવું રે.

ઉપરોક્ત પદનું તેઓશ્રી અહોનિશ રટણ કરતા હતા. આચાર્યશ્રી વિજયકેશરસૂરીશ્વરજીના સહવાસથી તેઓનો યોગ પ્રત્યે પણ પ્રેમ વધ્યો હતો.

જૈન ધર્મના પ્રચારની ઉત્કટ ભાવના તેઓ હંમેશા સેવતા અને સર્વ જગતને ધર્મમય બનાવી દેવાના ઉલ્લાસથી તેઓ વિહાર કરતા; પણ શારીરિક અશક્તિ તેમના ઉદ્દેશની આડે આવી. બંને બાજુ સારણની ગાંઠ થવાથી તેઓનો વિહારક્રમ અટકયો અને સં. ૧૯૭૬ થી ૧૯૮૮ સુધીના બાર ચોમાસા પોતાના મૂળ વતન-જામનગરમાં હરજી જૈન શાળામાં રહેવું પડયું.

જામનગરમાં રહીને પણ તેમને શ્રીસંઘ ઉપર અતિશય ઉપકાર કર્યો. શ્રાવકવર્ગને તેમના સાચા સ્થાનની સમજ પાડી અને ઘણા ભવ્ય લોકોને ધર્મને પંથે ચડાવ્યા. સ્વભાવે શાંત હોવાથી લોકો હર્ષથી તેમની પાસે આવતા અને ધર્મો-

પદેશ સાંભળી સંતોષ લેતા. દિવસનો મોટો ભાગ જ્ઞાન—ધ્યાનમાં અને રાત્રિનો ભાગ પણ ધ્યાનસ્થ દશામાં વીતાવતા.

ગુરુ મહારાજશ્રી **વિજયકમળસૂરીશ્વરજી** મહારાજ તથા યોગનિષ્ઠ શ્રી **વિજયકેશરસૂરીશ્વરજી** મહારાજની સાથે વિજાપુર, જામનગર, પાલીતાણા વિ૦ સ્થળોએ ચોમાસા કર્યા હતા. શરીરની અશક્તિને કારણે તેઓએ મુખ્યત્વે કાઠિયાવાડમાં જ વિહાર કર્યો છે. ગુજરાતમાં તો ફક્ત વિજાપુર તેમજ ગોધરાના બે ચોમાસા જ થયા હતા.

**તેઓશ્રીના ચોમાસાની યાદી નીચે મુજબ છે:—**

| | |
|---|---|
| ૧૭ જામનગર | ૪ પાલીતાણા |
| ૧ મોરબી | ૧ ધ્રોળ |
| ૪ રાણપુર | ૩ રાજકોટ |
| ૧ વઢવાણ કેમ્પ | ૧ વીજાપુર |

૧ ગોધરા

કુલે તેત્રીશ

તેઓ પુસ્તક સંગ્રહ સારો કરતાં, પણ તેને પેટી—પટારામાં ગોંધી રાખી સૂર્યકિરણથી વંચિત ન રાખતા. જે કોઇ ભાવુક આત્મા આવતો તેને તે અર્પણ કરતા. પોતાના સંગ્રહનો જનતાને લાભ મળે તે ઉદ્દેશથી તેમની ખાયેશ એક જ્ઞાનમંદિર ઉઘાડવાની હતી. શ્રાવક શાંતિલાલ ખેતશીભાઇને તે માટે ઉપદેશ કરતાં જ્ઞાનમંદિરના મકાનનો અને તેના નિભાવનો

ખર્ચ તેમણે કબૂલ કર્યો અને પરિણામે **વિનય જ્ઞાનમંદિર** જામનગરમાં અસ્તિત્વમાં આવ્યું. આ ઉપરાંત કેટલાક પુસ્તકો તેમજ ગ્રંથો મોંઘીબાઇ જ્ઞાનમંદિર તથા શ્રી મિત્રવિજયજી મહારાજને સોંપ્યા.

વ્યાધિને કારણે દિનપ્રતિદિન શક્તિ ક્ષીણ થતી જતી હતી; જ્યારે બીજી બાજુ ધર્મકરણી અને ધર્મપ્રીતિ વૃદ્ધિ પામવા લાગી. પોતાની હંમેશની આવશ્યક ક્રિયામાં જરા પણ ખાંચો આવતો ન હતો. સકળ સંઘ અને પાલણપુરવાળા ડૉકટર **મગનલાલભાઇ**, જૈન શાળાના કાર્યવાહકો અને મહારાજશ્રીના સંસારીપણાના ભાઇ **ચાંપશી** તથા ધર્મપત્ની **જમના**બાઇ પણ અવારનવાર ખબર લેતાં.

વ્યાધિએ જરા વિષમ રૂપ લેવા માંડયું પણ તેમની શાંતિમાં તો અજબ વધારો થતો રહ્યો. જેમણે આત્મા સાથે એકતાર કર્યો હોય તેને આ **ભાડાના** દેહ પિંજર પરત્વે મમત શો ? તેને તો જૂના ઘરને બદલી નવા ઘરમાં જવાનો આનંદ થતો હતો. જેમણે જિંદગીમાં સુકૃત જ સંગ્રહ્યું છે તેને મોતનો ભય પણ શો ? તેમની શાંતિ તો તેવી ને તેવી જ જામતી જતી હતી.

પૂજ્યશ્રી મિત્રવિજયજી મહારાજને તેઓશ્રી પ્રત્યે ઘણો અનુરાગ હતો. તેઓશ્રી કાયમ તેમની પાસે જ સૂતા, પણ સં. ૧૯૮૮ ના પોસ શુદિ દશમની પાછલી રાતે તેઓએ તેમને જરા દૂર સૂવાની સૂચના કરી. પોતે ધ્યાનસ્થ દશામાં હતા. સવારના ચાર વાગ્યાનો શુમાર થયો અને

મહારાજશ્રીને ફક્ત એક ખાંસી-ઉધરસ આવી ને તેમનો અમર આત્મા આ દેહપિંજર છોડી સ્વર્ગલોક પ્રતિ વિદાય થયો. જૈન શાળાનો મેતો સામાયિક કરતો હતો. સામાયિક પાર્યા પછી તેમણે અને મુનિશ્રી મિત્રવિજયજીએ જોયું તો મહારાજશ્રીનો સ્થૂળ દેહ પડ્યો હતો. સામાન્ય રીતે અંતાવસ્થા દુઃખદાયી મનાય છે-હોય છે, પરંતુ મહારાજશ્રીનું પ્રાણુ-પંખેરું કશા પણ હાય-વોયના ઉચ્ચાર સિવાય, સમાધિ દશામાં, કોઈને પણ તકલીફ આપ્યા સિવાય ઊડી ગયું.

ગામમાં સમાચાર કહેવરાવતા હજારો ભાવુક શ્રાવકો હાજર થઈ ગયા. સુંદર પાલખીમાં દેહને પધરાવીને ભવ્ય સ્મશાનયાત્રા નીકળી. **જામનગરે પોતાના ઉપકારીને ઉચિત માન આપ્યું**. ત્યાં આગળ જીવદયાની ટીપ થતાં સારી રકમ એકઠી થઈ અને તેમાંથી અનાથોને અનાજ અને પશુઓને ઘાસ આપવામાં આવ્યું. ગામમાં પાખી પાળવામાં આવી અને દેવવંદન પણ કરવામાં આવ્યું.

સદ્‌ગત મહારાજશ્રીની પાછળ એક અઠ્ઠાઇ મહોત્સવ કરવામાં આવ્યો, અને પોસ શુદિ એકાદશીની કાયમી આંગી-પૂજા માટે રૂા. ૩૦૦) ની રકમ શેઠના દેરાસરે સંઘને ચોપડે જમા કરાવવામાં આવી.

મહારાજશ્રીનો જન્મ ૧૯૧૪ માગશર સુદ ૧૩, દીક્ષા સં. ૧૯૫૫ વૈશાખ વદ ૬ અને સ્વર્ગગમન ૧૯૮૮ પોસ શુદિ ૧૧-એ પ્રમાણે તેત્રીશ વર્ષના દીક્ષાપર્યાયમાં અનેક

ભવ્ય જીવોને પ્રતિબોધવા ઉપરાંત જૂનાગઢ, પાલીતાણા, ભોયણીજી, પાનસર તેમજ તારંગાજીની યાત્રા કરી હતી.

અંતમાં, આધુનિક સાધુ સમાજ આવા યોગ્ય, ચારિત્રશીલ મુનિરાજના જીવન પરથી કંઇક ધડો લઇ જીવન ઉજવાળવા યોગ્ય કરશે એ જ અંતિમ અભ્યર્થના !

इति श्रीतपागच्छाधिपतिमुक्तिविजयगणिशिष्यपरमशांतमूर्ति-
विजयकमलसूरीश्वराणामंतेवासी योगनिष्ठ परमशांतमूर्ति-
विजयकेशरसूरीश्वराणां लघुभ्राता श्रीविजयदेवसूरिणा
संस्कारितं संशोधितं च श्रीविनयविजयाभ्युदय-
काव्यं विनयविजयचरित्रं विक्रम सं. १९९३
वर्षे आश्विनमासे शुक्लपक्षे पूर्णिमातिथौ
समाप्तिरगमत् गुरुवर्यश्रीविजयकमल-
सूरीश्वरप्रसादात् ।

ॐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

# હિતોપદેશક સંવાદો

## ૧. આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજીની જયંતિ

**ચંપા**—કેમ બ્હેન સવિતા, આટલા ઉતાવળા ક્યાં જાઓ છો ? શું કાંઇ નવીન છે ?

**સવિતા**—ચંપા બેન, શું તમને ખબર નથી કે આજે આચાર્ય શ્રી વિજયકમળસૂરીશ્વરજી મહારાજની જયંતિ છે ?

**ચંપા**—જયંતિ એટલું શું ? વળી તે દિવસે શું કરવાનું ? મને તેની થોડી સમજણ પાડશો ?

**સવિતા**—બેન ચંપા, શાંત ચિત્તથી સાંભળ. જયંતિ એટલે મહાપુરુષની જન્મતિથિ. શ્રી મહાવીર પ્રભુનો જન્મદિવસ ચૈત્ર શુદિ તેરસ એટલે તે દિવસ તે પ્રભુશ્રીનો જયંતિ-દિવસ.

**ચંપા**—ત્યારે શું આજે મહાત્મા કમળસૂરિનો જન્મ-દિવસ છે ?

**સવિતા**—ના બ્હેન, જયંતિ બે અર્થમાં પ્રવર્તે છે. હાલમાં સ્વર્ગ-ગમનના દિવસને પણ જયંતિ તરીકે ઉજવવામાં આવે છે.

**ચંપા**—ઠીક, હવે હું સમજી કે આજે આપણા ધર્માચાર્ય કમળસૂરિની સ્વર્ગવાસ તિથિ છે. વારુ બ્હેન, તમે

ઉક્ત મહારાજશ્રીને જોયા હતા ? તેમને વિષે મને થોડીઘણી માહિતી આપશો ?

**સવિતા**—મારા સદ્‌ભાગ્યયોગે મને તેમના દર્શનનો લાભ મળ્યો હતો. તેઓશ્રીએ આપણા ઉપર મહદ્‌ ઉપકાર કરી જૈન શાસનની ઘણી જ ઉત્તમ પ્રભાવના કરી છે.

**ચંપા**—બહેન સવિતા, મને તેમની સંસારાવસ્થાનું દિગ્‌દર્શન કરાવશો ?

**સવિતા**—હા જરૂર, કેમ નહિ. તેવા મહાત્માના જીવન પરથી જ આપણને ધડો મળે છે અને આપણું મન સુમાર્ગે વળે છે. તેઓશ્રી મૂળ **પાલિતાણા**ના રહેવાસી હતા. પાછળથી **પરબડી** ગામના વાસી બન્યા હતા. તેમની માતાનું નામ **મેઘાબાઈ** અને પિતાશ્રીનું નામ **દેવચંદ** હતું.

**ચંપા**—પણ બહેન, તેમનો જન્મ ક્યારે થયો હતો ?

**સવિતા**—તેઓશ્રીનો જન્મ વિક્રમ સંવત ૧૯૧૩ ના ચૈત્ર શુદિ ૨ ના રોજ થયો હતો અને જાણે જગત્‌માત્રનું કલ્યાણ સાધવાને જ ન અવતર્યા હોય તેમ તેમનું સંસારીપણાનું નામ પણ **કલ્યાણચંદ** રાખવામાં આવ્યું હતું.

**ચંપા**—બહેન, તેઓએ દીક્ષા ક્યારે લીધી ?

**સવિતા**—તેઓશ્રીએ આધુનિક જૈનપુરી **અમદાવાદ**માં સં. ૧૯૩૬ ના વૈશાખ વદિ આઠમના રોજ ભાગવતી દીક્ષા અંગીકાર કરી હતી.

**ચંપા**—તેઓ વિવાહિત થયેલા કે ?

**સવિતા**—નહીં જ. તેઓ આજીવનબ્રહ્મચારી જ રહ્યા હતા.

**ચંપા**—તેઓને દીક્ષા લેવાનું શું કારણ ? શું તેઓ ગૃહસ્થાવસ્થામાં દુઃખી હતા ?

**સવિતા**—બહેન, આ પ્રશ્ન પૂછવામાં તમારી ભૂલ થાય છે. દુઃખી માણસો જ દીક્ષા લ્યે છે તે તો તમારી નરી ભ્રમણા જ છે. દુઃખગર્ભિત વૈરાગ્ય કરતાં જ્ઞાનગર્ભિત વૈરાગ્ય જ ચિરસ્થાયી અને આત્મહિતકર છે. આ વિશ્વ જ વૈરાગ્યની પાઠશાળા છે–રંગભૂમિ છે. જ્ઞાનદૃષ્ટિવાળો મનુષ્ય ડગલે ને પગલે કર્મ-રાજાની વિચિત્રતા અને મોહરાજાનું પ્રાબલ્ય જોઈ શકે છે. એકને ઘરે જન્મનો મહોત્સવ ઉજવાય છે; જ્યારે બીજાને ઘરે મરણ પ્રસંગની રોકકળ ચાલતી હોય છે. એક આલીશાન મહેલમાં મોજ ઉડાવે છે, જ્યારે બીજાને પેટપૂરતું અન્ન ખાવાને પણ મળતું નથી. જુઓને એક છીપમાં પાકેલા બે મોતીઓની જુદી જુદી સ્થિતિ સંપજે છે. એકનો દવા માટે ભૂકો થાય છે, જ્યારે બીજું રાજાના મુકુટમાં જડાય છે. એક જ સાથે ખીલેલા બે પુષ્પોમાંથી એક પ્રભુના મસ્તક પર ચડે છે અને બીજું ધૂળમાં રગદોળાય છે. આમ ચિત્રવિચિત્ર સ્થિતિ જ ભવભીરુજનોને વૈરાગ્યવાસિત બનાવે છે.

**ચંપા**—તેમના દીક્ષા અવસરે તેમના પિતાશ્રીને ઘણો જ આનંદ થયો હશે ?

**સવિતા**—તેમના પિતાશ્રી સં. ૧૯૨૭ માં મૃત્યુ પામ્યા હતા તેથી પણ તેમનું મન સંસારથી ઉદ્વેગ પામ્યું હતું.

વળી શાંતમૂર્તિ શ્રી વૃદ્ધિચંદ્રજી મહારાજના સહવાસથી તેમની આકાંક્ષાને સિંચન થતું હતું.

**ચંપા**—શું ત્યારે તેમણે દીક્ષા લીધા અગાઉ શ્રમણાવસ્થાનો અનુભવ કર્યો હતો કે તેમ ને તેમજ દીક્ષા લઇ લીધી હતી?

**સવિતા**—તેમનો દીક્ષા લેવાનો દ્રઢ નિશ્ચય હતો તેથી તેઓ ગૃહસ્થજીવનમાં પણ સાધુ અવસ્થાનો અનુભવ કરતા હતા. ઉકાળેલું પાણી પીવું, જમીન પર સૂવું, આવશ્યક ક્રિયાઓ કરવી તેમજ એકાસણા, આયંબિલાદિ તપશ્ચર્યા પણ કરતા.

**ચંપા**–ત્યારે તો તેઓ એક આદર્શ મહાપુરુષ નીવડ્યા હશે.

**સવિતા**—જરૂર. તેઓશ્રી તે જમાનાના સાધુઓમાં મુકુટમણિ સમાન હતા. શાંતતાની પ્રતિમૂર્તિ હોય તેમ તેની આકૃતિ જોતાં સૌ કોઇ શાંતિ અનુભવતું. તેમનું વિશાળ લલાટ તેમની જ્ઞાનપ્રભા સૂચવતું. ખટપટ કે કલેશને તો તેઓ નવ ગજના નમસ્કાર કરતા અને તેથી જ તેઓશ્રીએ પોતાના જીવનમાં અનેક સ્થળોએ કલેશ–કસુંપના બીજોનો સદંતર નાશ કર્યો હતો.

**ચંપા**—ત્યારે તો તેમને કલિકાળના યુગપ્રધાન જ માનવા જોઈએ.

**સવિતા**—ખચિત, તેમના જેવા ત્યાગીઓ હાલમાં અલ્પ સંખ્યામાં નજરે ચડે છે.

**ચંપા**—પણ તેમની ઉપદેશશૈલી તો જણાવો.

**સવિતા**—તેઓશ્રીનો મુખ્ય ઉપદેશ પ્રભુપૂજા, પરોપકાર, સામાયિક, આવશ્યક કર્મ-કર્તવ્ય, દયા વિ૦ હતો જે કરવાથી શ્રાવક પુત્ર કદી દુઃખી ન થાય. આ ઉપરાંત શાસન-પ્રભાવના માટે તેઓ ઉજમણા, ઉપધાન, વરઘોડાઓ વિગેરે કરાવતા.

**ચંપા**—પણ બેન, તેમને આચાય પદવી કયાં મળી અને તેમના ગુરુ કોણ હતા તે તો સમજાવો.

**સવિતા**—તેમના ગુરુ ગચ્છાધિપતિ શ્રી મુક્તિવિજયજી મહારાજ હતા. સં. ૧૯૪૫ માં તેઓશ્રીએ ભાવનગરમાં કાળ કર્યો ત્યારે કમળસૂરિ મહારાજને પોતાની પાટ સોંપતા ગયા. તેઓશ્રીને લીંબડીમાં પંન્યાસ પદવી અને અમદાવાદમાં આચાર્ય પદવી આપવામાં આવી.

**ચંપા**—તેઓશ્રીનો પરિવાર જણાવશો ?

**સવિતા**—તેમના પરિવારમાં દશ મુખ્ય શિષ્યો, ૨૦ પ્રશિષ્યો અને ૧૫૦ લગભગ સાધ્વીજી મહારાજો હતા. શ્રાવક ભક્તગણ પણ વિશેષ હતો.

**ચંપા**—તેઓશ્રી કયારે કાળધર્મ પામ્યા ?

**સવિતા**—તેઓશ્રીનું છેલ્લું ચોમાસું બારડોલીમાં થયું હતું. સં. ૧૯૭૪ ના આસો શુદિ ૧૦ ના રોજ પ્રતિક્રમણ કરતાં, પ્રભુ સ્મરણ કરતાં કાળધર્મ પામ્યા. ભોળા અને ભદ્રિક પરિણામી હોવાથી તેઓશ્રીનું સમાધિમરણ પણ તેટલું જ ઉજ્જવળ હતું.

**ચંપા**—અત્યાર સુધીમાં સૂરિજી મહારાજના જીવનને


લગતી વાતચિત થઈ પણ જયંતિ ઉજવવાનો ઉદ્દેશ શો ? અને કઇ રીતે જયંતિ ઉજવવી જોઇએ ?

**સવિતા**—જયંતિ ઉજવવાનો મુખ્ય આશય સદ્ગતના ગુણ ગાવા અને તેમના જીવનમાંથી જે કંઇ યોગ્ય બોધપ્રદ હોય તે સ્વીકારી તેમના માર્ગનું અનુસરણ કરવું તે છે.

**" જિન ઉત્તમ ગુણ ગાવતા ગુણ આવે નિજ અંગ "**

એ પ્રમાણે મહાપુરુષના ગુણાનુવાદથી આપણે પણ તેવા ગુણોના ભાગી બનીએ છીએ. જયંતિને દિવસે યથાશકિત તપશ્ચર્યા તેમજ પૂજા-પ્રભાવના કરી દિવસ સફળ કરવો.

**ચંપા**—બહેન તેં એક આદર્શ મહાવિભૂતિનું જીવન સંભળાવી મારા અંધકારમય હૃદયમાં જ્ઞાન-પ્રકાશ ફેલાવ્યો છે તેથી હું તારી અત્યંત ઋણી છું. ચાલો બેન, આપણે જયંતિ ઉત્સવમાં ભાગ લેવા જલ્દી જઇએ અને ત્યાં સૂરિજીના ગુણાનુવાદ સાંભળી આત્મા પવિત્ર કરીએ.



# ૨. આસ્તિક નાસ્તિક

( સુમતિ એ આસ્તિક અને દુર્મતિ એ નાસ્તિક સમજવો )

**દુર્મતિ**–કેમ ભાઇ સુમતિ, આમ બનીઠનીને કયાં ચાલ્યા ?

**સુમતિ**–ભાઇ, આજે આપણા એક જ્ઞાની ગુરુ પધાર્યા છે અને તેઓ આત્મકલ્યાણનો સારો ઉપદેશ આપતા હોવાથી તેમના વ્યાખ્યાનનો લાભ લેવા જાઉં છું.

**દુર્મતિ**–ભાઈ, આ સાધુ લોકો ધર્મના બહાના નીચે લોકોને ઊંધા પાટા બંધાવી છેતરે છે.

**સુમતિ**–ભાઈ, તારી સમજણમાં ફેર છે. ઠગવાનું કયારે બને કે જો તેઓને પોતાનો સ્વાર્થ સાધવો હોય. આપણા સાધુઓ તો સતી લક્ષ્મી ઋદ્ધિ ત્યાગીને દીક્ષા સ્વીકારે છે અને કંઈ પણ બદલાની આશા રાખ્યા વગર દુનિયાભરમાં વિચરીને લોકોને હિતોપદેશ આપે છે. તેવા પવિત્ર પુરુષને ઠગ કહેવા તે ખરેખર અન્યાય ગણાય.

**દુર્મતિ**—અન્યાય શા માટે ? આત્મા વિગેરે વસ્તુ જ નથી છતાં તેના નામે કલ્યાણ કરવા કહેવું, પાપ-પુન્યના ભેદ બતાવવા એ ધતીંગ નહિ તો બીજું શું ?

**સુમતિ**—ભાઈ ખરેખર તમો કોઇ મિથ્યાત્વીના પૂરા પ્રસંગમાં આવી ગયા લાગો છો. તમારી બુદ્ધિ અવળે રસ્તે વળી છે. પુન્ય છે, પાપ છે, પરલોક પણ છે અને છેવટે

મોક્ષ પણ છે. આ નાસ્તિકવાદના ઝેરી ચશ્મા તમારી આંખે વળગ્યા છે તે દૂર કરી જરા સત્ય સમજવા પ્રયાસ કરો.

**દુર્મતિ**—તમો ભૂલો છો ભાઇ, હું ચશ્મા પહેરતો જ નથી.

**સુમતિ**—કાચના બાહ્ય દેખાય છે તેવા ચશ્મા નહિ પણ અંધશ્રદ્ધારૂપી આંતરિક ચશ્મા.

**દુર્મતિ**—તો મારી અંધશ્રદ્ધા દૂર કરવા તમો પ્રયાસ કરશો ?

**સુમતિ**—જરૂર. મનુષ્યને સન્માર્ગે ચઢાવવો–તેની સ્થિતિનું ભાન કરાવવું તે દરેક સુજ્ઞ મનુષ્યની ફરજ છે. જો સાંભળ, તારા બાપ–દાદા દરેક આસ્તિક છે અને દેવ, ગુરુ, ધર્મમાં સંપૂર્ણપણે માને છે, પણ તારી સોબત ખરાબ હોવાથી તને બધો અધર્મ લાગે છે. તું તો એમજ માનતો જણાય છે કે સાધુઓએ પેટ પૂરવા ખાતર ઊભું કરેલું આ બધું ધાંધલ છે. દુઃખી માણસો જ સાધુ થાય છે, પરંતુ તેમ નથી. તું આપણા પૂર્વ મહાપુરુષોના વૃત્તાંતો વાંચીશ તો જણાશે કે ભરત ચક્રવર્તી, રાજર્ષિ પ્રસન્નચંદ્ર, દશાર્ણભદ્ર, અભયકુમારાદિ રાજકુમારો અને અનેક શાલિભદ્ર જેવા ઋદ્ધિ-શાળી ગૃહસ્થોએ દીક્ષા અંગીકાર કરી પોતાના જીવનને સફળ બનાવ્યું છે. જો તું મારી સાથે ગુરુમહારાજના વ્યાખ્યાનમાં આવે તો તારું અજ્ઞાન દૂર થઇ જાય અને તને સાચો રાહ–માર્ગ સાંપડે.

**દુર્મતિ**—ભલે ભાઇ, તારા માનની ખાતર હું સાથે

આવું છું. જો તેઓ મારા મનની શંકાઓ દૂર કરશે તો હું તેમનો આજીવન સેવક બનીશ

**સુમતિ**—ભલે ભાઇ તારી ઇચ્છા સાંભળી હું ઘણો ખુશી થયો છું; પણ જોજે તારા વચનમાં દ્રઢ રહેજે.

**દુર્મતિ**—હું કદાપિ વચનથી ફરનાર નથી. જેમ શરીરની શોભા કાંતિ છે તેમ મનુષ્યનું ભૂષણ એ તેનું વચન છે.

**સુમતિ**—ચાલો વ્યાખ્યાનનો સમય થઈ જવા આવ્યો છે. વેળાસર જવાથી આપણને અનુકૂળતાવાળી બેઠક પણ મળી જશે.

( જાય છે. )

**ગુરુ**—હે ભવ્યો ! આ સંસાર આધિ, વ્યાધિ ને ઉપાધિથી ભરપૂર છે. સંસારમાં લેશમાત્ર સુખ નથી. તલવારની ધાર પર ચોંટાડેલા મધના બિંદુ જેવું તેનું સ્વરૂપ છે. ખરું સુખ આત્મિક સુખ છે. તેની બરોબરી કરી શકે તેવું એક પણ સુખ જગતમાં નથી. શાસ્ત્રમાં કહ્યું છે કે—

जन्मदुःखं जरादुःखं मृत्युदुःखं पुनः पुनः ।
संसारसागरे दुःखं तस्मात् जागृत जागृत ॥ १ ॥

આ સંસારરૂપી સાગરમાં જન્મ સંબંધી, ઘડપણ સંબંધી અને મરણ સંબંધી દુઃખો વારંવાર આવ્યા જ કરે છે. ટૂંકમાં કહીએ તો સંસારસાગરમાં દુઃખ સિવાય કંઇ પણ નથી. ઝાંઝવાના જળની માફક દુઃખને પણ આપણે સુખ સમજીએ છીએ. સંપૂર્ણ વ્યાધિવાળા પ્રસંગે આપણી મનોદશાનો વિચાર કરો. તે સમયે કંઇ કંઈ કરી નાખવાની અભિલાષાઓ જન્મે

છે, પણ વ્યાધિ દૂર થયો, નબળાઇ ઓછી થવા લાગી કે પાછા આપણે "**એના એ રામ અને એના એ ભગવાન.**" માટે હે ભવિજીવો ! તમો જાગો, આમ મોહરૂપી નિદ્રામાં ક્યાંસુધી ઊંઘ્યા કરશો. દેવોને પણ દુર્લભ એવું મનુષ્યત્વ, ઉત્તમ કુળ, ઉચ્ચ ધર્મ અને શ્રેષ્ઠ ગુરુ પામીને પણ તમો ભવાટવીમાં અટવાયા કરો તો તમારી અને કાગડાને ઊડાડવા ચિંતામણિ રત્નને ફેંકી દેનારની વચ્ચે ફેર શો ? વ્યાપારી પાંચના પચીશ અને પચીશના પચાશ કરવા ઇચ્છા રાખે છે તો તમે આ મનુષ્યત્વ પામીને વધારે ઉચ્ચપદ મેળવવા માટે કાં આશા રાખતા નથી ? અને તે માટે જ આત્મિક હિત સધાય તેવા દરેક પ્રયત્નો શુદ્ધ ભાવે આદરવા જોઇએ.

દુર્મતિ—ગુરુરાજ ! મને જે શંકા છે તેનું આપ નિરસન કરશો તો મારા ઉપર અને મારી જેવા બીજા અજ્ઞાન શખ્સો ઉપર મહદ્ ઉપકાર થશે. આપે આત્મિક કલ્યાણ માટે પ્રયત્ન કરવાનું સૂચવ્યું પરંતુ આત્મા જ ક્યાં છે કે જેથી તે માટે પ્રયત્ન કરાય ?

ગુરુ—મહાનુભાવ, જો આત્મા જેવી જ વસ્તુ ન હોય તો આ હલનચલન વિગેરે ક્રિયા કોણ અને શા માટે કરે છે ?

દુર્મતિ—પંચભૂતના મળવાથી આ બધી ક્રિયા થઇ શકે છે.

ગુરુ—ભાઇ, મરણ પામ્યા પછી દેહ તો તે પંચમહાભૂતનો જ હોય છે તો તેવી અવસ્થામાં કેમ ગતિ કરતો નથી ?

દુર્મતિ—પંચભૂત નથી રહેતા. પ્રાણવાયુરૂપી એક

ભૂત ( પદાર્થ ) ચાલી જવાથી તેના અભાવમાં ગતિ થઇ શકતી નથી.

ગુરુ—વાયુ ચાલી જતો નથી તેમ ઊડી પણ જતો નથી. તે તો અંદર જ રહે છે. કોઇ કોઇ વાર આ શરીર ફૂલી જાય છે તે શું સૂચવે છે?

દુર્મતિ—તે સ્થૂળ વાયુ તો હોય જ છે; સૂક્ષ્મ વાયુ ચાલ્યો જાય છે.

ગુરુ—ભાઇ, હવે તમે ઠેકાણે આવ્યા. સીધી રીતે કાન ન પકડતાં આડકતરી રીતે તમે કાન જ પકડયો છે. તે જ આત્મા છે જેને તમે સૂક્ષ્મ વાયુ કહો છો. પ્રકારાંતરે બંને વસ્તુ એક જ છે.

દુર્મતિ—ગુરુરાજ, આત્મા દેખાતો કેમ નથી. તે શરીરમાંથી ચાલી જતાં વજન ઘટતું કેમ નથી?

ગુરુ—આત્મા અરૂપી છે. તે ચમચક્ષુથી ન જોઈ શકાય. તલમાં જેમ તેલ રહેલ છે તેમ શરીરમાં આત્મા વ્યાપી રહેલ છે. શરીરમાં હલન-ચલનરૂપી ક્રિયા માત્રથી જ તે જાણી શકાય છે. આત્માનો ગુણ અલૌકિક છે. રબ્બરના દડામાં પવન ભરીને તેને જોખો અને પવન કાઢી નાખીને વજન કરો તો બન્ને વજન સરખું થશે. એની જ માફક આત્મા સંબંધી પણ જાણવું.

દુર્મતિ—આત્મા છે તેમ મનાય, પણ પુણ્ય, પાપ, પરલોક વિગેરે શા માટે માનવા જોઇએ?

ગુરુ—એક સુખી, એક દુઃખી, એક રાજા ને એક રંક શા માટે જોવામાં આવે છે. વધારે દૂર શા માટે જવું પડે? એક જ માતાના ઉદરમાંથી જન્મેલા બે ભાઈઓ પણ જુદા જુદા સ્વભાવના અને જુદી જુદી સંપત્તિવાળા બને છે તેનુ શું કારણ ? એક જ જાતના બે વેપારી સરખી મહેનતે વ્યાપાર કરવા છતાં એકને લાભ થાય છે જ્યારે બીજાને નુકશાની વેઠવી પડે છે. આવી વિચિત્રતા એ સાબિત કરે છે કે પુણ્ય, પાપ અને પૂર્વના શુભાશુભ સંસ્કાર પ્રમાણે મનુષ્યને તેનું ફળ પ્રાપ્ત થાય છે.

દુર્મતિ—કર્મ છે તેની ખાત્રી તો થાય છે, પણ પરલોક છે તે કેમ માની શકાય?

ગુરુ—એ બધી વસ્તુઓ પરસ્પર સંબંધ ધરાવનારી છે. એક અંકોડા પછી બીજો તેમ દરેક તત્ત્વની સ્થિતિ પરસ્પર સંલગ્ન છે. એકના અભાવમાં બીજાનું અસ્તિત્વ રહેતું નથી. એક જન્મતાં સુંદર અને નિરોગી હોય છે જ્યારે કેટલાક બેડોળ ને આંખને ન ગમે તેવા હોય છે તેનું શું કારણ?

દુર્મતિ—તેનું કારણ :સારા–માઠાં કર્મો ગણી શકાય?

ગુરુ—તે તો હજુ સ્તનપાન કરતું હોય છે ત્યાં તેણે કેવી રીતે કર્મ કર્યાં, તે જ વસ્તુ જ પૂર્વભવ અથવા પરલોકની સાબિતીરૂપ છે.

પૂર્વભવનાં કરેલા સાચા–ખોટા કર્મ મુજબ અત્રે ઉચ્ચ–નીચ સ્થિતિ પ્રાપ્ત થાય છે. બાળક જન્મતાં જ રડવા માંડે છે તે તેને કોણ શીખવાડે છે? સ્તનપાન કરાવવાનું કોણ

શીખવાડે છે? તે તેના પૂર્વભવનાં સંસ્કાર જ નહિ તો બીજું શું?

દુર્મતિ—ગુરુશ્રી, પરલોક માની લઈએ પણ અહિંયા મળેલ સાધન-સામગ્રીનો ત્યાગ કરી અદૃશ્ય વસ્તુ માટે પ્રયત્ન કરવો તે મૂર્ખાઇ નથી?

ગુરુ—ભાઇ, ત્યાં તમારી સમજફેર થાય છે. ભોગો અંતે દુઃખદાયક જ છે. એક વાર સંપૂર્ણ ખાઇ લીધા પછી ફરી વાર ખાઈ જુઓ તો! ભય રહિત તો એક માત્ર વૈરાગ્ય જ છે. પૈસા માટે ચોરનો ભય રહે છે, મોજ-મજામાં રોગનો ભય રહે છે. મોં એ આપણા શરીરનો દરવાજો છે. આપણા ઘરના દરવાજામાં આપણે ખરાબ કે દુષ્ટ માણસને દાખલ થવા દેતા નથી તેમ આપણા મોંઢામાં પણ ખરાબ વસ્તુ દાખલ કરતા વિચાર કરવો આવશ્યક છે. અતિ ઠંડી કે અતિ ગરમ વસ્તુ કે તીખા-તમતમતા પદાર્થો પહેલા તો સ્વાદરૂપ નીવડે છે પણ તેનું પરિણામ દુઃખદાયક છે. આપણા શરીરની નળી ઠંડા કે ગરમ પદાર્થથી કડક કે નરમ બની જાય છે અને તેનું બરાબર કામ ન ચાલવાથી પરિણામે રોગોત્પત્તિ થાય છે.

દુર્મતિ—તો ગુરુદેવ ખરું સુખ શેમાં છે?

ગુરુ—ભાઇ મોક્ષનું સુખ એ જ સાચું અને શાશ્વત સુખ છે. તે મળ્યા પછી તેનો ક્ષય થતો નથી તેથી તે અક્ષય્ય કહેવાય છે.

દુર્મતિ—ગુરુદેવ, તે પ્રાપ્ત કરવા શા ઉપાયો-પ્રયત્નો કરવા જોઇએ?

૬

ગુરુ—શાસ્ત્રાજ્ઞા મુજબ વર્તન કરો. કોઈ જીવને દુઃખી ન કરો અને ગરીબ કે દુઃખી દેખી તેના ઉપર ઉપકાર કરો. મન-વચન-કાયાની અનિષ્ટ પ્રવૃતિ દૂર કરો અને ધર્મ-ક્રિયામાં રુચિવંત બનો તો પરિણામે મુક્તિ સુખ મળતાં વાર નહી લાગે.

દુર્મતિ—ગુરુરાજ, આપે મારા મનના બધા સંશયો દૂર કરી ખરેખર મને જ્ઞાનામૃત પાયું છે. મારા પ્રશ્નોથી આપને માઠું લાગ્યું હોય તો ક્ષમા કરશો.

ગુરુ—ભાઈ, ઉપદેશ આપવો-પ્રતિબોધ પમાડવો એ તો અમારો ધંધો છે. એ બાબતમાં અમારા ગ્રાહક વધે તો અમારી દુકાન પણ સારી ચાલે. તેમાં માફી આપવાની જરૂર નથી. ફરી વાર અત્રે આવી તમારી શંકાઓનું નિરસન કરશો તો તમારું જીવન ધન્ય અને પવિત્ર બનશે. લોકોએ ધર્મ સાંભળવાની રુચિ રાખવી જોઈએ અને તેમાંથી બને તેટલું જીવનમાં ઉતારવું જોઈએ.

દુર્મતિ—ગુરુદેવ, હવે મને જે જે શંકાઓ ઉદ્ભવશે તે આપને નિખાલસ દિલથી પૂછી આત્મસંતોષ મેળવીશ. બોલો:—

अज्ञानतिमिरांधानां, ज्ञानाञ्जनशलाकया ।
नेत्रमुन्मिलितं येन, तस्मै श्रीगुरवे नमः ॥१॥

# ૩. કન્યાવિક્રય

શાંતિ—કેમ ભાઇ કાંતિ, કયા વિચારમાં મશગુલ બન્યા છો કે જેથી તમારી પાસે કયારનો આવવા છતાં ઊંચી દૃષ્ટિ સરખી ય કરતા નથી.

કાંતિ—(સ્હેજ ભાનમાં આવીને) અફસોસ ! અફસોસ!! ધિક્કાર પડો તેવા કર્મચંડાળોને ! ખરેખરા પિશાચ કરતાં આ પિતૃ–પિશાચો હજારગણા ધિક્કારને પાત્ર છે. હે માતૃભૂમિ ! આવા નરાધમોને તું શા માટે તારી છાતી પર ચાલવા દે છે?

શાંતિ—ભાઇ. વાત તો કર. આટલી બધી દિલગીરી શા માટે બતાવે છે ?

કાંતિ—શી વાત કરું ? કલિયુગની ખરેખરી શરૂઆત થઇ ગઇ છે.

શાંતિ—કલિયુગ તો કયારનો શરૂ થઇ ગયો છે. આજે તે વાતને અહીં શું સંબંધ છે ?

કાંતિ—તે તો ખરી વાત છે. કલિયુગ શરૂ થયો હતો તે કોળી, ભીલ વિગેરે હલકી અને નીચ કોમમાં. તેઓ પોતાની પુત્રીને પશુ માફક વેચતા હતા. અગર તો 'લાકડે માકડું'ની માફક વૃદ્ધ વરને પરણાવી કન્યાના જીવ સટોસટનો સોદો કરતા હતા પણ હવે તેનો ઝેરી ચેપ તો ઉચ્ચ ગણાતા આપણા જૈન સમાજમાં પણ લાગુ પડયો છે.

શાંતિ—ભાઈ કાંતિ, આ તું શું બોલે છે ? જે જૈન કોમ ઉચ્ચ અને પવિત્ર ગણાય, ઉચ્ચ આદર્શવાળી લેખાય તે જૈન સમાજ માટે તું આ શું બોલે છે ? એકેંદ્રિય સરખા જીવને બચાવવા જે તનતોડ પ્રયત્ન કરે છે અને તે જીવદયાને તિથિઓએ લીલોતરી ન ખાવા સ્વરૂપે જીવનમાં ઉતારે છે તે પૈસા ખાતર પુત્રીને વેચે તે ન માની શકાય તેવી બાબત છે.

કાંતિ—તેં જણાવ્યા તેવા જૈનો માટે જરૂર મગરૂર થવા જેવું છે પણ આપણા સમાજના કલંકરૂપ કેટલાક અંગારા આપણા વચ્ચે વસે છે, જે પુત્રીનો વેપાર આદરી બેઠા છે.

શાંતિ–ગામ હોય ત્યાં ઢેઢવાડો હોય, ઘઉંમાં કાંકરા હોય તે માફક અલ્પ વ્યક્તિઓ તેવી હશે તેથી આખા જૈન સમાજને શું ?

કાંતિ—ભાઈ, તારી ત્યાં ભૂલ થાય છે. મોટા રૂના ઢગલામાં ફક્ત એક જ સળગતી દીવાસળી નાખો, સારી કેરીના ટોપલામાં ફક્ત એકાદ બે કોહાઇ ગયેલી કેરીઓ નાખો અને જુઓ કે પરિણામ શું આવે છે. આવી જ રીતે આ અલ્પસંખ્યક અંગારાઓ પણ આખા સમાજના નામને કોલસાનો કુચડો મારી રહ્યા છે. જ્ઞાતિના આગેવાનોએ આ પ્રશ્ન ઉપાડી લઈ તેનો ઘટતો બંદોબસ્ત કરવો જોઇએ.

શાંતિ—આપણા ઘોળો દિવસે દિવસે ટૂંકા થતાં ગયા છે. ઘોળ બહાર કન્યા આપે તેને પૂછવામાં આવે છે પરંતુ કન્યાવિક્રય કરનારને કોઈ પૂછતું નથી.

કાંતિ—ત્યારે શું શેઠીયાઓ લાંચ લેતા હશે ?

શાંતિ—ના ભાઈ, તેવો આક્ષેપ મૂકી શકાય નહિ. શેઠીઆઓના હાથમાં કઈ સત્તા છે કે જેથી તે તાત્કાલિક જવાબ માગી શકે ?

કાંતિ—વાહ રે ભાઇ વાહ! આ તું શું બોલે છે? જ્ઞાતિના હાથમાં કઇ સત્તા ? સત્તા તો ઘણી છે અને ધારે તો ઘડીના છઠા ભાગમાં કન્યાવિક્રય જેવી બદનામ કરનારી રૂઢિ બંધ કરી દે. કોર્ટો અને કચેરીઓ તો હવે થઇ. અગાઉના જમાનામાં નાતના મુખીઓ અને ગ્રામ–પંચાયતો જ આવા કજિયાઓ પતાવતી. ખરું કહીએ તો આપણા શેઠીઆઓમાં શિથિલતા આવી છે. વ્યવહારના પ્રસંગે ઊભી થયેલ કડવાશ તેઓ જ્ઞાતિના પ્રકરણમાં લાવે છે અને તેઓ વચ્ચે અંતર વધતું જાય છે. સારી અને સાચી વસ્તુ હોય છતાં અંગત મત-દ્વેષના કારણે તે વસ્તુ મારી જાય છે. આ ઉપરાંત એક બીજી નબળાઇએ આપણા માનસમાં પ્રવેશ કર્યો છે અને તે "મારે શું ?" ની નીતિ છે. આને પરિણામે તેઓ ઉપર જનતાએ મૂકેલા વિશ્વાસનો તેઓ ઘાત કરે છે. કન્યા-વિક્રય કરનાર સામે કડક પગલાં લેવામાં આવે અને તેનો રોટી–બેટીનો વ્યવહાર તોડી નાખવામાં આવે તો ભવિષ્યમાં બીજાઓ આવું પગલું ભરતાં જરૂર ખંચકાય.

શાંતિ—ધારો કે શેઠીઆ આ વસ્તુ મન પર ન લે તો શું થાય ?

કાંતિ—આ બાબતથી હવે ડરવાનું નથી. કન્યાવિક્રય કરનારાઓનાં પાપે આ વસ્તુ હવે સરકાર સમક્ષ ગઈ છે અને થોડા સમયમાં તે સંબંધી કાયદો પણ પસાર થઇ જશે.

**શાંતિ**—તેઓ ખાટકી જેવું ભયંકર કૃત્ય શા માટે કરતા હશે ?

**કાંતિ**—ખાટકી કરતા પણ આ કૃત્ય બેહદ ખરાબ છે. ખાટકી તો મરેલા પ્રાણીનું હાડ-માંસ વેચે છે અને તે પણ પારકા પ્રાણીઓના; જ્યારે કન્યાવિક્રય કરનાર તો પોતાના જ ઉછેરેલા સંતાનના લોહી-માંસનો વેપાર ખેડે છે.

**શાંતિ**—તેઓ જાણતા છતાં આવું ભયંકર કૃત્ય કેમ કરતા હશે ?

**કાંતિ**—बुभुक्षितं किं न करोति पापम् ? ભૂખ્યો માણસ શું પાપ નથી કરતો ?

**શાંતિ**—આવા પાપ કૃત્ય કરવા કરતાં તો પેટ ફોડી નાખવું સારું !

**કાંતિ**—ભાઇ તમે જરા ઉતાવળ કરો છો. તેમાં તેઓનો દોષ નથી.

**શાંતિ**—સરકારની દખલગીરી સિવાય આ કુપ્રથા અટકાવવાનો બીજો રસ્તો નહિં હોય ?

**કાંતિ**—હોઇ શકે જ અને છે. મૂળ વસ્તુ તો એવી છે કે કન્યાવિક્રય કરનારા ગરીબ સ્થિતિના હોય છે. તેઓની **સ્વામી**ભાઈ તરીકે યોગ્ય દેખરેખ રાખવામાં આવે, તેને ધંધે ચડાવવામાં આવે અને પ્રસંગે પ્રસંગે તેને સુસંસ્કારો આપવામાં આવે તો જે પૂરજીયાત ન અટકે તે મરજીયાત જલ્દી અટકી શકે.

**શાંતિ**—પણ આવા માણસને મજૂરી કરી પેટ ભરવું અને મરવું બરાબર છે. વગર મહેનતના દશ-પંદર હજાર મળતાં હોય ત્યાં તેઓ મહેનત શું કામ કરે?

**ક્રાંતિ**—કેળવણી એ વસ્તુ એવી છે કે ઘોર અજ્ઞાનમાં રખડતાં પ્રાણીને પણ પ્રકાશ આપે છે.

**શાંતિ**—ભાઈ, કન્યાવિક્રયના પૈસા લઈ નાત જમાડવામાં આવે તો તેનું પાયશ્ચિત થઈ શકે ખરું?

**ક્રાંતિ**—ના ભાઈ, તે તો મન મનાવવાના રસ્તા છે. પહેલા કાદવમાં પગ ખુંતાડી પછી ધોવા બેસવો એ ડહાપણનું કામ કહેવાય? કન્યાવિક્રયના પૈસા એ લોહીના ટીપાને વેચવા બરાબર છે એટલે તે લેનારનો તો શું પણ તેના ખાનારના શરીરમાં પણ વિકૃતિ પેદા કરે છે.

**શાંતિ**—કન્યાવિક્રય કરનારા તો ભલે કરે પણ તેને પૈસા આપનાર ન મળે તો આવી પરિસ્થિતિ ક્યાંથી જન્મે?

**ક્રાંતિ**—ભાઈ, મોતને આરે ઊભા હોય, છોકરાને ઘેર છોકરા હોય તેઓને જ્યારે નવજીવનના કોડ થાય ત્યારે આવા બબુચકોને પાણીની જેમ પૈસા વેરવા પડે છે.

**શાંતિ**—હવે મને તારી વાતની સમજણ પડી, પણ જ્ઞાતિના આગેવાનો કેવા પગલાં ભરે તો આ ભયંકર રૂઢી બંધ થાય?

**ક્રાંતિ**—જ્ઞાતિના આગેવાનોએ એક સંમેલન ભરવું જોઈએ. પ્રચારકાર્ય કરી એવો ઠરાવ પસાર કરવો જોઈએ કે ૫૦ વર્ષની ઉપરના શખ્સને પોતાની કન્યા આપવી નહિ.

વળી આ ઉપરાંત આપણા ગુરુમહારાજો પણ આ બાબતમાં સક્રિય ફાળો આપી શકે. પોતાના ઉપદેશદ્વારા તેઓ આવા અણુઓ પર જ્ઞાન–વારિનું સિંચન કરે તો તેને પોતાની બૂરી હાલતનું ભાન થાય. વળી આપણી કોમના શ્રીમંત આગેવાનો આવશ્યક ઉજમણા, સ્વામીવત્સલ, વરઘોડા, ઉપધાન આદિ ક્રિયા કરાવવા ઉપરાંત એક “ સાધારણ ફંડ ” કે “ જ્ઞાતિમદદફંડ ” જેવી વ્યવસ્થા કરે તો તે દ્વારા પણ આવા દીન–દુઃખી ભાઈઓને ધંધે ચડાવવામાં પ્રયત્નશીલ થવાય. રોજી શરૂ થતાં તેઓ આવી ધૃણાસ્પદ પ્રથાઓથી પોતાની મેળે જ પાછા વળશે, માટે આ પ્રથાને જો ખરેખરી રીતે બંધ જ કરાવવી હોય તો જ્ઞાતિના આગેવાનો ઉપરાંત મુનિ મહારાજોએ પણ આ વાત મન પર લેવી ઘટે.

**શાંતિ**—ભાઈ તારું કહેવું બરાબર છે પણ આપણામાં એટલી બધી નિષ્ક્રિયતા આવી ગઈ છે કે આપણે શું કરી શકીએ ?

**કાંતિ**—ભાઈ, આ તું શું બોલે છે ? આપણા સમાજને માટે આપણે કંઈ નહિ કરી છૂટીએ તો બીજાં શું કરવાના હતા ! નિર્બળ વિચાર એ નિર્માલ્ય પ્રજાનો વારસો છે. આપણે મહાવીરના પુત્રો પુરુષાર્થમાં પૂરેપૂરું માનીએ છીએ માટે દ્રઢ નિશ્ચય કરો અને પછી જુઓ કે પરિણામ શું આવે છે ?

**શાંતિ**—ખરેખર, તારા કહેવાની મને બરાબર સચોટ અસર થઈ છે અને હું તારી સમક્ષ પ્રતિજ્ઞા કરીને કહું છું કે જ્યાંસુધી આ પ્રથાને નાબૂદ કરીશ નહિ ત્યાં સુધી હું જંપીને બેસીશ નહિ (બંને સાથે ગાય છે)

( વૈદર્ભી વનમાં વલવલે—એ રાગ )

જાગી જુઓ જૈન બંધુઓ, કન્યા રત્ન વેચાય;
માનવદેહ ધરી કરી, પશુ તુલ્ય ગણાય. જાગી૦૧
શ્રાવક નામ ધરી કરી, કરે કન્યાનો ઘાત;
નિર્દય બાપ જાણો અરે!, નથી પૂછતા નાત. જાગી૦૨
જિન દર્શન કરવા મથે, પૂજન કરવા ધાય;
કરતાં તિલક કપાળમાં, કેમ શરમ ન થાય? જાગી૦૩
સામાયિક કરે પ્રીતથી, પ્રતિક્રમણમાં પ્રેમ;
કન્યા રીબાવી મારવા, નથી આવતી રે'મ. જાગી૦૪
વ્યાખ્યાન શ્રવણ કરે સદા, ભક્તિભાવ ધરાય;
બાળા ચઢાવે શૂળીએ, જૈન નામ લજાય. જાગી૦૫
ગાય બચાવે પ્રેમથી, દયાધર્મી મનાય;
નિજ કન્યાને મારવા, ચિત્તે ઘાટ ઘડાય. જાગી૦૬
કન્યાવિક્રય કરનાર તો, નરક-નિગોદે જાય;
સહાય કરે જે માનવી, તે પણ સાથે સધાય. જાગી૦૭
શ્રીમંતવર્ગ સુણો સહુ, કરે બાળા બહુ શોક;
દયા કરો અબળા પરે, આયુ વિતાવો શું ફોક? જાગી૦૮
લીલોતરી બાધા કરો, લોકરંજન કાજ;
કીડી બચાવો દંભથી, નથી અબળાને સાજ. જાગી૦૯
સત્ય દયાળુ જે હશે, કરશે તે પચ્ચખ્ખાણ;
કન્યાવિક્રય કરવો નહિ, ભલે જાય રે પ્રાણ. જાગી૦૧૦
ઉપદેશક લેખક સહુ, કરો પુન્યનું કામ;
અબળારક્ષક જો થશો, લેશો શિવપદ ધામ. જાગી૦૧૧

# ૪. ઓળી—નવપદારાધન

**પ્રવીણચંદ્ર**—કેમ ભાઇ પ્રબોધ, આ બધી શેની તૈયારી કરવા માંડી છે ? ચરવળો, મુહપત્તિ તથા કટાસણું લઇને કયાં જાય છે ?

**પ્રબોધચંદ્ર**—શું ભાઇ, તમને ખબર નથી કે આવતી કાલે આપણી શાશ્વતી અઠ્ઠાઇ બેસવાની છે. આવતી કાલથી નવપદારાધન શરૂ થશે.

**પ્રવીણ**—ભાઇ, શાશ્વતી અને અશાશ્વતી અઠ્ઠાઈઓ કેટલી છે ?

**પ્રબોધ**—શાશ્વતી અઠ્ઠાઇ બે છે જ્યારે અશાશ્વતી ચાર ગણાય છે. ચૈત્ર તથા આસો માસની ઓળીની અઠ્ઠાઈ શાશ્વતી છે અને કાર્તિક, ફાગણ, અષાડ તથા શ્રાવણ માસમાં આવતી અઠ્ઠાઇઓ અશાશ્વતી છે.

**પ્રવીણ**—શાશ્વતીનો અર્થ શું ?

**પ્રબોધ**—દરેક કાળમાં જેનું નિયત સમયે આરાધન થાય તેને શાશ્વતી કહેવામાં આવે છે.

**પ્રવીણ**—શાશ્વતી અઠ્ઠાઈમાં દેવોને કાંઇ પણ કર્તવ્ય કરવાનું હોય છે ખરું ?

**પ્રબોધ**—હા ભાઇ, શાશ્વતી અઠ્ઠાઇના દિવસો દેવોને માટે પણ આનંદના ગણાય છે. તેઓ નંદીશ્વર નામના

આઠમા દ્વીપમાં જઇને નૃત્ય, ગાન, ગીત, પૂજન, ભક્તિ વગેરે ઉલ્લાસ અને ઉત્સાહપૂર્વક કરે છે અને પોતાના જન્મને સાર્થક કરે છે.

**પ્રવીણ**—ભાઇ આપણે આ ઓળીમાં શું કરવું જોઇએ?

**પ્રબોધ**—આપણે માટે ઘણું કર્તવ્ય છે, માણસ ધારે તો સિદ્ધચક્રનું શુદ્ધ ભાવથી આરાધન કરી શ્રીપાળ મહારાજની માફક આ ભવમાં અનેક ઋદ્ધિઓ અને પરભવમાં દેવલોકના અથાગ સુખ અનુભવે છે.

**પ્રવીણ**—ભાઇ સિદ્ધચક્ર એટલે શું ? અને તેનું આરાધન કેવી રીતે થાય તે મને માહિતીપૂર્વક સમજાવો,

**પ્રબોધ**—ભાઇ, આપણા શાસ્ત્રમાં આત્મહિત સાધવાના ત્રણ પ્રકાર બતાવ્યા છે: યંત્ર, મંત્ર ને તંત્ર. સિદ્ધચક્ર મહારાજનું વિધિપૂર્વક આરાધન કરવું તે યંત્ર કહેવાય છે, નવકાર આદિ મંત્રોનું સ્મરણ–રટન કરવું તે મંત્ર અને ચારિત્ર, તપસ્યાદિથી આત્મહિત સાધવું તેને તંત્ર કહેવામાં આવે છે. યંત્ર એ ઉત્કૃષ્ટ સાધન મનાય છે અને તેનું શુદ્ધ ભાવથી વિધિપૂર્વક આરાધન કરવામાં આવે તો પ્રાંતે મોક્ષ સુખ પણ લભ્ય થઇ શકે છે,

**પ્રવીણ**—ભાઇ સિદ્ધચક્રની રચના કેવી હોય છે.

**પ્રબોધ**—તેમાં નવ પદ હોય છે તેથી તેને **નવપદજી** પણ કહેવામાં આવે છે અને તે બધાનો દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વમાં સમાવેશ થઇ જાય છે,

**પ્રવીણ**—તેનો કઇ રીતે સમાવેશ થાય છે તે મને બરાબર સમજાવો.

**પ્રબોધ**—જુઓ ભાઈ, પહેલા બે પદ (૧) અરિહંત (૨) સિદ્ધ એ **દેવતત્ત્વ** કહેવાય, (૩) આચાર્ય (૪) ઉપાધ્યાય (૫) સાધુ એ **ગુરુતત્ત્વ** કહેવાય અને (૬) દર્શન (૭) જ્ઞાન (૮) ચારિત્ર અને (૯) તપ એ **ધર્મતત્ત્વ** કહેવાય છે.

**પ્રવીણ**—એ તો ઠીક પણ દેવતત્ત્વ કોને કહેવામાં આવે છે ?

**પ્રબોધ**—રાગદ્વેષ રહિત, ક્રોધ, માન, માયા અને લોભ આદિ દુર્ઘટ કષાયોને જેણે જીતેલા હોય તેમજ સર્વજ્ઞ અને સર્વદર્શી હોઇને જે ત્રણે કાળનું યથાસ્થિત સ્વરૂપ જાણે તેને દેવતત્ત્વ કહેવાય છે.

**પ્રવીણ**—ત્યારે હરિ, હર, બ્રહ્મા અને પુરંદર વિગેરે દેવો પૂજનીય ખરા કે ?

**પ્રબોધ**—તમે તેમના જીવનચરિત્રથી સાવ અજાણ જણાઓ છો નહિતર આવો પ્રશ્ન કદી ન પૂછત. જેઓને સ્ત્રીઓનો સંગ ગમતો હોય, ક્રોધની સાક્ષાત્ મૂર્તિ હોય, જેણે માયા રચી હોય, તેને સત્ય દેવ તરીકે કેમ પૂજનીય ગણી શકાય ?

**પ્રવીણ**—પણ જેઓ રાગ-દ્વેષ વિનાના દેવો છે તે તેના ભક્તજનને શું લાભ કરવાના ?

**પ્રબોધ**—તારો આ પ્રશ્ન અણસમજણભર્યો છે. લોહચુંબક જેમ લોઢાને ખેંચે છે તે મુજબ આપણી ભક્તિ

પણ આપણા ઇચ્છિત ફળને ખેંચી લાવે છે. ઉપરાંત જિનમૂર્તિના અધિષ્ઠાયક દેવોએ પણ ચમત્કારો બતાવ્યાના દાખલા મોજુદ છે.

પ્રવીણ—દેવતત્ત્વ તો સમજાણું, હવે ગુરુતત્ત્વ સમજાવો.

પ્રબોધ—જેઓ કંચન-કામિનીના ત્યાગી થઇ પંચ મહાવ્રત પાળતા હોય તેને ગુરુ કહીએ.

પ્રવીણ—તો પછી સંન્યાસી, ફકીર, ગુસાંઇજી, બાવાઓ વિગેરેને શું કહેવું !

પ્રબોધ—તે તો તું પણ સમજી શકે તેવી વાત છે. જેઓ માયા-કપટ અને સ્ત્રી-પુત્ર વિગેરેમાં રચ્યાપચ્યા રહેતા હોય અને સાહ્યબી તથા માનાડંબર જોઇતો હોય તે તેના શિષ્યનો સાચો ઉદ્ધાર કયાંથી કરી શકે ? પણ દુનિયા એવી છે કે પાપી અને પાખંડીનું વધારે માને. જ્યારે ફાસલામાં સપડાઇ જાય ત્યારે આખરે પશ્ચાત્તાપ કરે છે.

પ્રવીણ—આપણામાંના કેટલાક દોરા, ધાગા, મંત્ર તંત્રાદિ કરે છે તેને કઇ કોટીમાં મૂકવા ?

પ્રબોધ—તેઓ તેના પદથી ચ્યુત થયેલા માનવા, તેને શુદ્ધ સંજમધારી ન ગણી શકાય. વીતરાગ પરમાત્માનો આદેશ તેવો નથી જ.

પ્રવીણ—ઠીક ભાઇ, હવે મને ધર્મતત્ત્વ બતાવો.

પ્રબોધ—ધર્મનું સ્વરૂપ ગહન છે અને તેના ભેદો-પભેદો અનેક છે, પણ જેનાથી આત્મિક સુખ પ્રાપ્ત થાય

તેવા પ્રકારે આત્મરમણતા કરવી જોઈએ. જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ, દયા, ક્ષમા, દાન, સરળતા, વિવેક, વિનય વિગેરે આત્માના ગુણો છે અને તે દરેક ગુણને યથાશક્તિ વિકસાવવા પ્રયત્ન કરવો જોઈએ. દરેકનું વિવેચન કરતાં વિસ્તાર વધી જાય માટે ટૂંકામાં સમજાવું. કોઇપણ પ્રાણીની હિંસા ન કરવી તે અહિંસા, દીન દુઃખીને મદદ કરવી તે દાન, યથાશક્તિ કાયાને દમવી તે તપ, જ્ઞાનાભ્યાસ વધારવો–સ્વાધ્યાય કરવો તે જ્ઞાન, વડીલો પ્રત્યે માન જાળવવું તે વિનય વિગેરે.

પ્રવીણ--પણ જગતમાં તો અનેક ધર્મો પ્રવર્તે છે તો કયો સાચો માનવો ?

પ્રબોધ--કેટલાક તો ધર્મના આભાસ માત્ર છે, જેનાથી આત્માનો ઉદ્ધાર થાય તે જ વાસ્તવિક ધર્મ કહેવાય. કુધર્મ સેવનથી ઊલટો આત્મા અધોગતિમાં ઉતરતો જાય છે.

પ્રવીણ--હવે મૂળ વાત ઉપર આવીએ. સિદ્ધચક્રનું આરાધન કેવી રીતે કરવું ?

પ્રબોધ--આસો તથા ચૈત્ર માસની શુદિ સાતમથી આયંબિલ કરવું ને પુનમ સુધીમાં નવ આયંબિલ કરવા. હંમેશા પદ પ્રમાણે વીશ નોકારવાળી ફેરવવી, પદના ગુણો પ્રમાણે ખમાસમણા દેવા, સાથીઆ કરવા અને તે ઉપર બદામ સોપારી વિગેરે ફળો મૂકવા, સવાર સાંજ પડિલેહણ તથા પ્રતિક્રમણ કરવું, હંમેશ અષ્ટપ્રકારી પૂજા કરવી, નવ ચૈત્યવંદન

કરવા સિદ્ધચક્ર મહારાજનું પૂજન સવારમાં વાસક્ષેપથી અને અપોરે કેશર–ચંદન–પુષ્પ વિગેરેથી કરવું.

**પ્રવીણ**—ભાઇ આયંબિલ કેવી રીતે કરવાનું હોય છે?

**પ્રબોધ**—વિકૃતિજન્ય છ મહાવિગયનો તેમાં ત્યાગ કરવાનો હોય છે, (૧) ઘી. (૨) દૂધ (૩) દહીં, (૪) સાકર, (૫) તેલ અને (૬) કડે એટલે કે તળેલા પકવાન વિગેરે એટલે કે લૂખું અનાજ જમવાનું હોય છે.

**પ્રવીણ**—આવી જાતના તપથી અને સિદ્ધચક્ર મહારાજના આરાધનથી શું ફળ પ્રાપ્ત થાય? કોઇને તેવો લાભ મળ્યો છે?

**પ્રબોધ**—જરૂર, ધર્મકરણી કદી નિષ્ફળ થતી નથી. ભાવની તરતમતા પ્રમાણે જરૂર ફળ મળે છે જ. સિદ્ધચક્રનું એકાગ્રચિત્તે ચિંતવન આરાધન કરવામાં આવે તો તદ્ભવમાં જ મોક્ષ જેવું અલૌકિક સુખ મળે છે. નવનિધિ અને અષ્ટ મહાસિદ્ધિ પણ તેનાથી જ પ્રાપ્ત થાય છે. આ પદના સેવનથી ઘણાયે સિદ્ધિ અને ઋદ્ધિ મેળવી છે તેમાં શ્રીપાળ મહારાજા અને મયણાસુંદરીનું વૃતાંત પરિચિત છે.

**પ્રવીણ**—પણ ભાઇ આ વૃતાંત કોણે કોની પાસે કહ્યું?

**પ્રબોધ**—આપણા ચરમ જિનવર, આસન્નોપકારી ભગવાન શ્રી મહાવીરદેવે શ્રી ગૌતમસ્વામીને કહેલ અને તેઓશ્રીએ શ્રેણિક આદિ રાજા–મહારાજાઓની પર્ષદામાં કહી સંભળાવેલ.

**પ્રવીણ**—તમે મને બહુ સારો બોધ આપ્યો. આજથી હું શ્રી સિદ્ધચક્ર મહારાજનું ભાવપૂર્વક આરાધન કરીશ.

इति श्रीतपगच्छाधिपतिश्रीमत्मुक्तिविजयजीगणिपूज्यपादानामंतेवासी परमशांतमूर्त्ति विजयकमलसूरीश्वराणां शिष्यरत्न—योगनिष्ठ—विजयकेशरसूरीश्वराणां कनीयसा भ्रात्रा श्रीविजयदेवसूरिणा पूज्यपाद गुरुवर्यश्रीविजयकमलसूरीश्वरस्य जयंतिसंवादः, आस्तिकनास्तिकसंवादः, कन्याविक्रयनिवारणसंवादः, पुनः नवपदात्मकश्रीसिद्धचक्रसमाराधनस्वरूपप्रतिपादकसंवादा विरचिता विक्रम सं० १९९२ वर्षे आश्विनमासे शुक्लपक्षे पूर्णिमातिथौ समाप्तिमगमत्

गुरुवर्यश्रीविजयकमलसूरीश्वरप्रसादात्

ॐ शांतिः शांतिः शांतिः

समाप्त

## શ્રી વિજયકમળ-કેશર ગ્રંથમાલાના સર્વમાન્ય
## આત્મજાગૃતિનાં અપૂર્વ પુસ્તકો

| | | | | |
|---|---|---|---|---|
| ૧ | યોગશાસ્ત્ર આ. ૪ રેશમી પાકું પુંઠું | કીં. | રૂ. | ૨-૦-૦ |
| ૨ | મલયાસુંદરી આ. ૪ રેશમી પાકું પુંઠું | " | " | ૧-૪-૦ |
| ૩ | રેખા દર્શન-હસ્ત સંજીવન ભા. ૧-૨-૩-પાકું પુંઠું | " | " | ૧-૪-૦ |
| ૪ | આત્માનો વિકાસક્રમ-ઉપમિતિભવ પ્ર. સારાંશ | " | " | ૧-૪-૦ |
| ૫ | મહાવીર તત્ત્વ પ્રકાશ સરલ સંસ્કૃત પ્રતાકારે | " | " | ૨-૦-૦ |
| ૬ | મહાવીર તત્ત્વ પ્ર. નીતિ વિચારામૃત, આત્મવિશુદ્ધિ | " | " | ૧-૦-૦ |
| ૭ | દેવવિનોદ.અનેકવસ્તુ.સ્વરોદય વિગેરે રેશમી પાકું પુંઠું | " | " | ૧-૦-૦ |
| ૮ | સમ્યગ્દર્શન-સમ્યક્ત્વના ૬૭બોલનું વિવરણ પાકું પુંઠું | " | " | ૦-૧૨-૦ |
| ૯ | યોગદષ્ટિસમુચ્ચય ભાષાંતર. આત્મસ્વરૂપ બતાવનાર | " | " | ૧-૪-૦ |
| ૧૦ | બૃહત જીવનપ્રભા તથા આત્મોન્નતિનાં વચનામૃતો | " | " | ૧-૮-૦ |
| ૧૧ | જીવનપ્રભા. રાસ તથા આત્મજાગૃતિનાવચનાંમૃતો | " | " | ૦-૮-૦ |
| ૧૨ | શાંતિનો માર્ગ-અપૂર્વ શાંતિ આપનાર. નામ તેવા ગુણ | " | " | ૦-૮-૦ |
| ૧૩ | પ્રભુના પંથે જ્ઞાન પ્રકાશ. કાચું પુંઠું | " | " | ૦-૫-૦ |
| ૧૪ | આત્મજ્ઞાનપ્રવેશિકા. પાઠશાળાને ખાસ ઉપયોગી | " | " | ૦-૪-૦ |
| ૧૫ | શિશુશિક્ષા. બાલકોને ખાસ ઉપયોગી | " | " | ૦-૧-૬ |

### પુસ્તકો મળવાનાં ઠેકાણા

શાહ. સદુભાઇ તલકચંદ ઠે. રતનપોળમાં વાઘણ પોળ-અમદાવાદ.

મેતા નાગરદાસ પ્રાગજીભાઇ ઠે. ડોશીવાડાની પોળમાં-અમદાવાદ

શા. મોનજીભાઇ પરશોત્તમ ઠે લખા વેલશીના ડેલામાં. વઢવાણકેંપ

શ્રીજૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.